સુબોધક કથાપંચક.

ચુનીલાલ વર્ધમાન શાહ.

સુબોધક કથાપંચક

અથવા

પાંચ સુબોધક રસિક કથાઓનો સંગ્રહ.

[પં. મુ. શ્રી રત્નચંદ્રજીએ લખેલા સારાંશ
અને બોધ સાથે]

લેખક તથા પ્રકાશક

ચુનીલાલ વર્ધમાન શાહ

વઢવાણનિવાસી.

સારંગપુર—અમદાવાદ.

સંવત ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૫

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

મૂલ્ય ૫ આના.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં ડાહ્યાભાઈ શકરાભાઈ
ગાંધીએ છાપ્યો. ખાડીઆ—અમદાવાદ.

પ્રસ્તાવના.

આધુનિક જનસમાજમાં વાર્તાઓ વાંચવાની અભિરૂચિ દિવસે દિવસે વૃદ્ધિંગત થતી જાય છે, તે વખતે ગ્રંથકારોએ લોકોની સમક્ષ વાર્તાસાહિત્ય રજુ કરતાં પહેલા બે બાબતો વિચારવાની છે. એક બાબત એ કે પોતાની વાર્તા વાચકને છેવટ સુધી રસ આપી શકશે કે કેમ અને બીજી બાબત એ કે તે વાચકને રસ આપવાની સાથે બોધ આપશે કે કેમ. આ બે બાબતો એક વાર્તાના દેહ અને આત્મારૂપ છે. આત્મા વિનાનો દેહ જેમ નિરર્થક છે અને દેહ વિનાનો આત્મા જેમ કાર્યસાધક થઇ શકતો નથી તેવી રીતે રસ અને બોધમાંના એક પણ ગુણની ન્યૂનતા હોય તો તે વાર્તા ઇષ્ટ હેતુ પાર પાડી શકે નહિ.

'સુબોધક કથાપંચક' એ પાંચ નાની નાની વાર્તાઓનો સંગ્રહ છે અને પ્રત્યેક વાર્તામાં ઉપર્યુક્ત બન્ને અંગોની ખીલવણી યથાશક્તિ કરવામાં આવી છે, એ સુજ્ઞ વાચક તુરત પારખી શકશે. સઘળી કથાઓનાં મૂળ વસ્તુઓ પ્રાચીન જૈન સાહિત્યમાંથી લેવામાં આવ્યાં છે, તથાપિ તે ઇતરધર્મી વાચકોને પણ એકસરખો રસ અને બોધ આપી શકે તેવી ઢબથી તેની ગુંથણી કરેલી છે અને એ પ્રયત્ન કેટલે અંશે સફળ થઇ શક્યો છે તે જોવાનું વાચકોને સોંપું છું.

વિશેષમાં દરેક કથાને અંતે પંડિત મુનિરાજ શ્રી રત્નચન્દ્રજીને હસ્તે લખાએલો સારાંશ અને બોધ આપવામાં આ-

ચ્યો હોવાથી વાર્તાના દેહ અને આત્માને પૃથક્ પૃથક્ સ્વરૂપમાં સમજવાની સરલતા પ્રાપ્ત થશે. પોતાના અભ્યાસનો, ઉપદેશ આપવાનો અને ગ્રંથલેખનનો અમૂલ્ય સમય આ સારાંશ અને બોધ લખવામાં ગાળીને પંડિત મુનિરાજશ્રીએ લેખક અને વાચકવર્ગ ઉપર ઉપકાર કર્યો છે.

આ પુસ્તકના હસ્તપત્રમાં 'રાજા ભર્તૃહરિ'ની કથા આ-પવાનું જાહેર કર્યું હતું, પરન્તુ તે કથા નાની અને જૂની શૈલીની હોઇ તે આ પુસ્તકમાં આપી નથી, પરન્તુ તેને બદલે તદ્દન નવી લખેલી "રાજા શશીશેખર" નામની મોટી અને બોધદાયક કથા આપવામાં આવી છે, જે 'રાજા ભર્તૃહરિ' ની કથા કરતાં વધારે બોધક છે.

અમદાવાદ, સારંગપુર
તા. ૨૦-૫-૧૫. } ચુનીલાલ વર્દ્ધમાન શાહ.

સુબોધક કથાપંચક.

રાજા શશીશેખર.

दुर्लभं मानुषं जन्म ॥

મનુષ્ય જન્મ દુર્લભ છે.

પ્રભાતનો સમય છે. સહસ્રરશ્મીધારી સૂર્ય પોતાનાં સુવર્ણમય કિરણોને પ્રકટાવીને નભોમંડળને ઉજ્જવલતા અર્પી ભૂમિપરની મૃત્તિકાને પણ સુવર્ણરૂપ બનાવી મેલી ઔદાર્યનું દર્શન કરાવી રહ્યો છે. વસન્ત ઋતુના પ્રભાતની સુખદ શીતલ વાયુલહરીનો મન્દ સંચાર માનવત્વચાને સુખ અર્પી તેઓને મુખે ઋતુરાજનાં ગુણકથન કરાવી રહ્યો છે. રાત્રિને નિવૃત્તિમાં ગાળી પશુ પક્ષી અને માનવીઓ પુનઃ પ્રવૃત્તિનો સ્વીકાર કરતાં જણાય છે. નૂતન મંજરીઓથી શોભાયમાન બનેલાં આમ્રકાનનો કોકિલ પક્ષીઓના નિનાદથી નેત્રને તેમ જ કર્ણપુટને આનંદ ઉપજાવી રહ્યાં છે. સર્વત્ર શાન્તિ વ્યાપી રહી છે અને માનવીઓ જીવનનિર્વાહના વ્યાપારમાં યુક્ત થઇ શાન્તિને ભગ્ન કરવાનો પ્રારંભ કરતાં હોય તેમ જણાય છે.

આવા આનંદજનક સમયે ભરતખંડમાં આવેલા અતિ-

સુંદર અને સમૃદ્ધિશાળી શોભનપુર નામે નગરનો રાજા શશીશેખર વિદ્વાનો, કવિઓ, ધર્મગુરૂઓ, અને પોતાના નગરમાં વસતા અન્ય જાણીતા માણસોને એકત્ર કરીને બેઠો હતો. આજે પ્રભાત થયા પહેલાં પોતાના શય્યાગૃહમાંથી બહાર આવીને શશીશેખરે સૌથી પહેલાં પોતાના મંત્રીને બોલાવી મંગાવ્યો અને તેને કહ્યું કે 'આજે પ્રભાત થતાં પહેલાં આપણા નગરમાં વસતા સઘળા વિદ્વાનો, વૃદ્ધો, કવિઓ, ધર્મગુરૂઓ વગેરેની સભા એકઠી કરાવો, હું તેઓને એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું.' સૂર્યોદય પણ થયા પહેલાં એકાએક રાજાની આવી ઇચ્છા જાણીને મંત્રી તથા રાજ્યના નાના મોટા સરદારો અને રાજાનાં દાસદાસીઓ તથા અનુચરો અતિ વિસ્મય પામ્યાં. તેઓ રાજાની આવી આકસ્મિક આજ્ઞાનો ગૂઢ હેતુ જાણવાને મથન કરવા લાગ્યાં તથા માંહોમાંહે પૃચ્છા કરવા લાગ્યા, પરન્તુ તેઓનો એ પ્રયાસ સફળ થયો નહિ. મંત્રીએ તો રાજસેવકોની પાસે નગરના સઘળા વિદ્વાનો ઇત્યાદિને સૂર્યોદય થયા પહેલાં રાજસભામાં આવવાની આજ્ઞા મોકલાવી દીધી અને એ આજ્ઞા પ્રમાણે સર્વે રાજમહાલયમાં એકત્ર થયા હતા તથા રાજા તેઓની મધ્યમાં બિરાજી રહ્યો હતો. સૂર્યોદય થઇ ગયો અને સર્વ વિદ્વાન્મંડળ એકત્ર થઇ ગયું એટલે એક વૃદ્ધ ધર્મગુરૂએ કહ્યું: "હે રાજા શશીશેખર! તેં અમને સર્વને શામાટે બોલાવ્યા છે? તારી એવી શું પુણ્યકારક આજ્ઞા છે અથવા તું અમોને શું પ્રશ્ન કરવા ઇચ્છે છે કિંવા તને અમારી પાસેથી શું જોઇએ છે તે અમને અમારૂં રક્ષણદ્વારા કલ્યાણ કરનારો એવો તું સત્વર વિદિત કર."

શશીશેખરનું સ્વપ્ન.

પછી રાજા શશીશેખર તે વૃદ્ધ ધર્મગુરૂને વંદન કરીને બોલ્યો: "હે મહાનુભાવ તથા હે સર્વ પંડિત જનો! તમે સર્વે આ રાજ્યથી રક્ષિત થએલા રાજનિષ્ઠ સજ્જન પુરૂષો છો તેમ જ તમે સઘળાએ પૃથક્ પૃથક્ વિદ્યાઓનું, શાસ્ત્રોનું, ધર્મતત્ત્વોનું, તથા કળા કૌશલ્યાદિનું પઠન પાઠન કરી ઉચ્ચ પદવી ધારણ કરેલી છે; તો તમે મારા એક સ્વપ્નનો ખુલાસો કહી સંભળાવો. હે મહાત્માઓ! ગઇ કાલે મધ્યરાત્રિ થતાં હું મારા શય્યાગૃહમાં નિદ્રાને અર્થે ગયો અને તુરત જ નિદ્રિત ગઇ ગયો. પછી રાત્રિના કોઇ એક ભાગમાં મને એક ચમત્કારિક સ્વપ્ન આવ્યું અને સ્વપ્નને અન્તે હું એકાએક જાગી ગયો. તે સ્વપ્ન મને એટલું ચમત્કારિક અને રહસ્યપૂર્ણ જણાયું કે તેના જ વિચારમાં લીન થઇ જતાં પુનઃ હું નિદ્રા પામી શકયો નહિ અને તેનું રહસ્ય સમજવાની આતુરતા મારા ચિત્તમાં એટલી વૃદ્ધિંગત થવા લાગી કે મેં તમોને મારી અધીરતાને વશ થઇને બહુ વહેલા અત્ર આવવાની તસ્દી આપી છે."

વૃદ્ધ ધર્મગુરૂએ કહ્યું: "રાજન્! રાજાજ્ઞાને દિવસ કે રાત્રિના કોઇ પણ વિભાગમાં અનુસરવું એ દરેક રાજનિષ્ઠ પ્રજાજનનો ધર્મ છે; પણ હવે તે તારૂં રહસ્યમય સ્વપ્ન અમોને નિવેદન કર."

રાજા બોલ્યો: "પંડિત જનો! શ્રવણ કરો. સ્વપ્નમાં મને એવું ભાસ્યું કે હું અત્યંત દરિદ્ર અને ભિક્ષાવૃત્તિ કરીને મારૂં તથા મારા કુટુંબનું પોષણ કરતો એવો એક બ્રાહ્મણ છું. હું અત્યંત દુઃખી થતો હતો અને ભિક્ષાવૃત્તિમાંથી મારૂં પોષણ

નહિ થતું હોવાથી હું કોઇ એક પરદેશમાં કાંઇ ધન કમાવાને જવા માટે નીકળ્યો. મારા ઇષ્ટદેવને મને અતુલ ધન આપવા માટે પ્રાર્થના કરતો કરતો હું અઘોર અટવીઓ અને નિબિડ અરણ્યો ઉલ્લંઘતો ઉલ્લંઘતો આગળ જતો હતો. એ પ્રવાસમાં મને અનેકાનેક શંકાઓ ઉત્પન્ન થતી હતી કે પ્રભુ મને જોઇતું ધન આપશે કે નહિ કે પછી અત્યારના જેવો જ દરિદ્ર મને હંમેશને માટે રહેવા દેશે ? તોપણ આશા અમર છે. ધન મેળવવાની આશામાં ને આશામાં હું પ્રભુને પ્રાર્થતો, અરણ્યનાં બહુવિધ સંકટોને ભોગવતો અને કોઇ વાર ભૂખ્યો-તરસ્યો પ્રવાસ કર્યે જ જતો હતો ! એકદા એક પર્વતની ગુહા પાસે થઇને હું આગળ જતો હતો ત્યાં ગુહાના ઉંડા ભાગમાં કેવળ અંધકારમાં એક અમૂલ્ય મણી પોતાની ફરતાં પ્રકાશનાં ઉજ્જવલ કિરણોને પ્રસારતો મેં જોયો. ઓહો ! તે મણીનું મૂલ્ય તો હું એક દરિદ્ર માણસ હોઇને ક્યાંથી જાણી શકું, પરન્તુ તેની ઉજ્જવલતા જોઇને હું સંમોહ પામ્યો અને તે મણી પ્રાપ્ત કરવાની ઇચ્છા મારા ચિત્તમાં ઉદ્ભવ પામી. હું મારા મનમાં વિચારવા લાગ્યો કે જો એ મણી મારા હાથમાં આવી જાય તો પછી જીવું ત્યાંસુધી કાંઇ જ કમાણી કરવાની જરૂર રહે નહિ કારણકે એ મણીનું મૂલ્ય મારા જીવતર સુધી ચાલી શકે એટલું તો આવશે એવી મને ખાત્રી હતી. પરન્તુ મણી મેળવવા માટે એ ઉંડા કોતરમાં ઉતરવું એ કાંઇ સહેલું કામ નહોતું. પોતાનો હાથ પણ ન સૂઝી શકે તેવા ઘોર અંધકારમાં ઉતરવું, વચ્ચે કોઇ ઝેરી પ્રાણીઓ હોય અને તેનો દંશ થાય તો મરણ પામવાનો પણ ભય અને મણીના પ્રકાશ આગળ હું જઇ પહોંચ્યું

તે પહેલાં અંધકારમાં કોઈ ખડક સાથે અફળાઈને પડું તો હાડ-કાંના ચૂરા થઈ જાય એવો સંભવ: એ સઘળાં કારણોને લીધે મારૂં અંતર્ નિરાશાગ્રસ્ત થવા લાગ્યું. કેટલોક વખત હું એ ગુહાની કોરણ ઉપર ઊભો રહીને મણી મેળવવાને યત્ન કરવો ઉચિત છે કે નહિ તે વિષે વિચાર કરવા લાગ્યો. છેવટે મને એવું સમજાયું કે ઇશ્વરે પોતે જ મારી પ્રાર્થના સાંભળીને મારા દારિદ્રયનું દુઃખ ટાળવા માટે આ મણીનો અને મારો:યોગ મેળવી આપ્યો છે, માટે ગમે તેમ થાય પણ એ મેળવવાનો લાભ તો ગુમાવવો નહિ જ. પ્રભુનું નામ લેઇને હું એ ગુહાના અંધકારમાં ઉતરવા લાગ્યો. અતિકષ્ટે હું એ ગુહામાં પેઠો કે તુરત જ માંહે ઉતરવાને પગથીઆં જેવો કાંઈ આધાર નહિ હોવાથી હું લપસી પડ્યો અને ગુહાના અંધકારમાં થઇને જે સ્થળે પેલો મણી પોતાની જ્યોતિનો વિસ્તાર કરી રહ્યો હતો તે સ્થળે પહોંચીને હું પછડાયો. મારાં અંગોપાંગને ઇજા થઇ અને હું ઘણું કષ્ટ વેઠવા લાગ્યો. જ્યાં નજર કરૂં ત્યાં અંધ-કાર અને અંધકાર જ જોવામાં આવે. પર્વત ઉપર ફરફરી રહેલા સદાગતિ-વાયુનું આ ગુહાની અંદર તો નામ પણ નહોતું અને તેથી હું ગુંગળાઇ જતો હતો. તોપણ મને આનંદનું કારણ હતું અને તે એ હતું કે છેવટે પેલો અમૂલ્ય મણી હું મેળવી શક્યો હતો. હવે હું ગુહાની બહાર નીકળવા માટે યત્ન કરવા લાગ્યો અને કોઇ સ્થળે કાંઈ આધાર જડી આવે તો તે દ્વારા હું ધીમે ધીમે ચડીને ગુહાની બહાર નીકળું એમ ધારીને તેવા કોઇ આધારને માટે ગુહાના અંધકારમાં ભ્રમણ કરવા લાગ્યો. કોઇ સ્થળે તેવો આધાર જડી આવતો પણ જ્યાં હું

તે પર ચડવા જતો ત્યાં એવો ઉથલાઇ પડતો કે ઉંધે મસ્તકે પાછો ગુહાને તળીએ જઇને પચ્છડાતો. અત્યંત વેદના વેઠતો અને બહાર નિકળવાના યત્નમાં વારંવાર નિષ્ફળતા તથા નિરાશા વેઠતો હું તે અંધારી ગુહાના પ્રત્યેક ખૂણામાં ફરી વળ્યો, પણ મને તેની બહાર નીકળવાનો કાંઇ માર્ગ હાથ લાગ્યો નહિ. જ્યારે મારા સઘળા પ્રયત્નો વ્યર્થ જ ગયા, ત્યારે મારી ખાત્રી થઇ કે એ ગુહામાં હું ભૂખ્યો–તરશ્યો મરણ પામીશ અને મણી મેળવવા જતાં જીવ ખોઇ બેસીશ. પ્રભુ-સ્તવન સિવાય હવે બીજું કશું કરવાનું નથી એવું મને જણાયું, ત્યારે હું પ્રભુપ્રાર્થના કરવા લાગ્યો અને મને એ ગુહામાંથી જીવતો બહાર કાઢવા માટે પ્રભુને વિનવવા લાગ્યો. તે પ્રમાણે પ્રભુસ્તવનમાં એક રાત્રિ અને એક દિવસના મળીને આઠ પ્રહર વ્યતીત થયા અને નવમો પ્રહર આવ્યો એટલામાં મેં સૂર્યના પ્રકાશમાં જોયું કે ગુહાની કોરણ ઉપર કોઇ એક ઘોડેસ્વાર ગુહાની અંદર નજર કરીને ઊભો હતો. એ ઘોડેસ્વાર કદાચ મને બહાર નીકળવાને મદદ કરશે એમ ધારીને મેં તેને બોલાવવાની ઇચ્છા કરી, પરન્તુ મારો સ્વર ગુહાની બહાર સુધી પહોંચે અને એ ઘોડેસ્વાર સાંભળે તેવું હતું જ નહિ. તેથી મારી પાસેના મણીપર એ ઘોડેસ્વારની નજર પડે એવી રીતે મેં તે મણી મારા હાથમાં રાખ્યો અને તેના પ્રકાશમાં એ ઘોડેસ્વારે મને વ્યથા પામતો જોયો. તુરત જ ગુહાની અંદર એક મોટું દોરડું આવ્યું અને મારા દેહ સાથે તેનો સ્પર્શ થયો એટલે મે તે પકડી લીધું. પછી તે દોરડું પેલા પરોપકારી ઘોડેસ્વારે ખેંચી લીધું એટલે દોડી વારે પેલો

અમૂલ્ય મણી મેળવીને હું જીવતો ગુહાની બહાર નીકળી શક્યો. પેલા ઘોડેસ્વારે મારાપર જે ઉપકાર કર્યો હતો તેથી હું તેને પગે પડવા જતો હતો પરન્તુ એટલામાં તો ત્યાં એ ઘોડેસ્વાર, ઘોડો કે દોરડું કશુંએ મારા જોવામાં આવ્યું નહિ અને હું વિસ્મય પામતો ત્યાંથી મારા ઘર તરફ પાછો ફર્યો.

" ઘેર આવ્યો એટલે હું મારી પૂર્વ વિડમ્બનાને વિસરી ગયો અને એ અમૂલ્ય મણી મળવાથી અત્યંત આનંદ પામવા લાગ્યો. તે મણીનો વિક્રય કરીને મારે મારી દરિદ્રાવસ્થાનું સંકષ્ટ દૂર કરવું એવી મારાં સગાંસંબંધીઓ તરફથી સલાહ મળી અને મારો વિચાર પણ પહેલેથી તેવો જ હતો. મેં એક ઝવેરીને તે મણી બતાવ્યો અને તેને પૂછ્યું કે તે મણીનું મૂલ્ય તમે મને શું આપશો. મણી જોઇને તો તે ઝવેરી વિસ્મય પામી ગયો અને કેટલીક વાર વિચાર કરીને બોલ્યો કે ભાઇ! આ મણી ખરેખર અલૌકિક છે. તેને અમે ઝવેરી લોકો પાર્શ્વમણી અથવા પારસમણીના નામથી ઓળખીએ છીએ. તે મણીમાં એવો ગુણ છે કે લોહને અમુક વિધિપૂર્વક તે મણીનો સમાગમ કરાવવામાં આવે, તો તેથી તે લોહ પણ સુવર્ણ બની જાય છે. મેં એ ઝવેરીને કહ્યું કે તમે મને એ મણીની મદદથી લોહને સુવર્ણ કરવાનો વિધિ શીખવશો તો હું તમારો ઉપકાર માનીશ; પરન્તુ ઝવેરીએ કહ્યું કે એ વિધિ શીખવો અતિકઠીન છે અને તે સંપૂર્ણ રીતે શીખતાં બાર વર્ષ લાગે છે. એવી દરિદ્રાવસ્થામાં બાર વર્ષ વધારે ગાળીને દુઃખી થવાનું ધૈર્ય હું ધારણ કરી શક્યો નહિ, તેથી મેં ઝવેરીને કહ્યું કે એ મણી તમે રાખો અને મને તેના બદલામાં જેટલું

વાજબી હોય તેટલું દ્રવ્ય આપો. ઝવેરીએ કહ્યું કે મારી પાસે અગણિત દ્રવ્ય છે અને એ સઘળું હું તમને આપી દઉં તો પણ તે આ મણીના મૂલ્યની બરાબર થાય તેમ નથી અને તેથી આ મણી રાખવાની મારી ઇચ્છા નથી. હું અતિ દરિદ્ર હોઇને તે મણીને કોઇ પણ મૂલ્યે વેચી નાંખવા ઇચ્છતો હતો અને મારા નગરનો સૌથી વધારે ધનવાન્ ઝવેરી આમ કહેવા લાગ્યો તેથી બીજો કોઇ ઝવેરી એ મણી રાખી શકે એવું હું માની શક્યો નહિ; તેથી મેં તો ઝવેરીને આગ્રહ કરીને કહ્યું કે તમને વાજબી લાગે તેટલું દ્રવ્ય મને આપો. પછી ઝવેરીએ કહ્યું કે હું જે મહાલયમાં નિવાસ કરૂં છું તે મહાલયને ત્રણ માળ છે. અને તે ત્રણ માળમાં મારૂં અનેક પ્રકારનું દ્રવ્ય એકઠું કરી રાખેલું છે. તેમાંના દરેક માળમાં હું તને એક એક પ્રહર સુધી જવા દઉં અને તેટલા વખતમાં તું જેટલું દ્રવ્ય લેઇ જઇ શકે તેટલું દ્રવ્ય તે મણીના મૂલ્ય તરીકે તારે ગણી લેવું, એ શરત જો તું કબૂલ રાખે તો એ મણી હું તારી પાસેથી વેચાતો લેવા તૈયાર છું. ત્રણ પ્રહરમાં હું કરોડોનું દ્રવ્ય ઉપાડી જઇશ એવી ધારણા સાથે મેં તે શરત કબૂલ કરી તથા તે શરત લખી આપી તે ઉપર મેં મારી સહી કરી.

"તુરત જ હું તે મહાલયમાં પેઠો અને પહેલા માળમાં જઇ પહોંચ્યો, તો તેમાંની રચના નિહાળીને હું વિસ્મય સાથે આનંદ પણ પામ્યો. હે પંડિત જનો ! મેં એ સ્થળે શું શું જોયું તે હવે તમોને કહું છું. એક બાજુએ એ મહાલયના માલીક પેલા ઝવેરીનો મોટો ગ્રંથસંગ્રહ હતો જેમાં વિવિધ વિદ્યા કળાદિને લગતા હજારો ગ્રંથોનો સંગ્રહ કરવામાં આવેલો નજરે

પડતો હતો. બીજી બાજુએ વિવિધ પ્રકારનાં મનોરમ ચિત્રો, સોના રૂપાની કારીગીરીથી સુશોભિત કરીને અત્ર તત્ર લટકાવી દેવામાં આવ્યાં હતાં. કોઇમાં હાથી, કોઇમાં અશ્વો કોઇમાં ક્રીડા કરતાં પશુ પક્ષીઓ, કોઇમાં નવયૌવન સુંદરીઓ અને કોઇમાં યુદ્ધરમણાદિને લગતાં આલેખનો એ સુશોભિત ચિત્રપટોમાં કરવામાં આવેલાં હતાં. કોઈ દક્ષ ચિત્રકારોએ પોતાની પીચ્છિકાને એટલા કૌશલ્યથી ચલાવી જણાતી હતી કે એ ચિત્રો હોવા છતાં જાણે જીવતાં જાગતાં પ્રાણીઓ હોયની એવો મારાં ચક્ષુઓને ભાસ થવા લાગ્યો. ત્રીજી બાજુએ વળી વિવિધ પ્રકારનાં રમત ગમતનાં સાધનો મારા જોવામાં આવ્યાં અને તે ઉપર મારી નજર પડી એટલે પેલાં ચિત્રો જોવાનું વિસરી જ ગયો, કારણકે ચિત્રો કરતાં વધારે સુંદર તે રમકડાં હતા. હાથી અને ઘોડાના આકારનાં જ લાકડાના બનાવેલા કેટલાક હાથી ઘોડા ત્યાં હતા અને તે ઉપર એવો તો સુંદર રંગ ચડાવેલો હતો કે દૂરથી તે ખરા હાથી ઘોડા જેવા જ પ્રતીત થતા હતા. પોપટ, મેના, કબૂતર અને એવાં પક્ષીઓનાં રમકડાં પાંજરામાં પૂરીને રાખવામાં આવેલાં હતાં અને દૂરથી તે ખરા પક્ષીઓના જેવાં જ ભાસતાં હતાં આ સઘળાં રમકડાં જોવામાં મને બહુ આનંદ પડયો. એક પાંજરામાં-થી મેં એક પોપટનું રમકડું કાઢ્યું અને તેની પાંખો સહેજ દબાવી એટલામાં તો તે રમકડું મારા હાથમાંથી ફડફડ કરતું ઉડી ગયું અને હાથીના કુંભસ્થળ ઉપર જઇને બેઠું. આ રમકડાંઓમાં આવી કળાઓ ગોઠવવામાં આવી હશે તે હવે મારા જાણવામાં આવ્યું. પક્ષીઓનાં જેટલાં રમકડાં ત્યાં હતાં તે સઘ-

ળાંની મેં પાંખો દબાવી જોઇ, તો એ સઘળાં રમકડાં મને જીવતાં પક્ષીઓની પેઠે ઉડતાં જણાયાં ! મને વિચાર થયો કે જો આટલાં નાનાં પક્ષીઓનાં રમકડાંમાં પણ આવી રચના કરી છે તો આ હાથી અને ઘોડાઓમાં પણ કાંઇ કળસાંચાઓ ગોઠવેલા હશે. પહેલાં હું હાથી ઉપરની અંબાડીમાં બેઠો પણ હાથી ચાલતો જણાયો નહિ. પછી અંબાડીમાંનું એક અંકુશ લેઇને તેને કુંભ-સ્થળમાં માર્યું કે તુરત જ હાથી બે ડગલાં ચાલ્યો! પછી તો વારેવારે અંકુશની મદદથી મેં હાથીને ચલાવીને ખરા હાથાની સ્વારીના જેવો લ્હાવો લીધો. હાથી ઉપરથી ઉતરીને ફરી ઘોડા ઉપર બેઠો અને ઘોડાને તો એડી પણ માર્યા વિના તે ચાલવા લાગ્યો. એક બેઠેલું ઊંટ હતું તે ઉપર હું સ્વાર થયો કે તુરત જ ઊંટ ઊભું થઇ ગયું ! આ સઘળી વસ્તુઓનો હું લ્હાવો લેતો હતો એવામાં એક પ્રહર વ્યતીત થઇ ગયો અને ઝવેરી આ-વીને બોલ્યો કે શરત પ્રમાણે વખત થઇ ગયો છે માટે સ-ત્વર બહાર નીકળો.

"એક પ્રહર જેટલો સમય જોતજોતાંમાં વીતી ગયો અને તેની મને ખબર પણ પડી નહિ; જ્યારે ઝવેરીએ ત્યાં આવીને મને જણાવ્યું ત્યારે જ હું ભાનમાં આવ્યો. પેલાં રમકડાંઓની મજાહમાં હું એવો લીન બની ગયો હતો કે તે માળમાંથી પુસ્તકો કે સોનાની નકસીથી સુંદર બનાવેલાં મનોરમ ચિત્રો ઇત્યાદિ કાંઇ પણ લેઇ શક્યો નહિ. મારો એક પ્રહર તો કેવળ વ્યર્થ ગયો એમ મને જણાયું અને તેથી અંતર્ કાંઇક બળવા પણ લાગ્યું, પરન્તુ હવે એ પશ્ચાત્તાપ નકામો હતો કારણકે મારી સાથે થએલી શરત કરતાં જરા

પણ વધારે વખત તે ઝવેરી મને તે સ્થળે રહેવા દે તેમ નહોતું. છેવટે બીજી રીતે મેં સંતોષ પણ માન્યો કે આ ગ્રંથો, રમકડાં કે ચિત્રોમાં એટલો બધો શું માલ છે? હજી બે પ્રહર તો બાકી રહ્યા છે ને? તે બે પ્રહારમાં તો હું ઝવેરીના ખજાના-માંથી લાખો સોનૈયા ઉંચકી લઇશ અને તેમાંથી આવાં સેંકડો ગ્રંથો અને હુન્નરકળાથી ભરપૂર રમકડાં તથા ચિત્રો વગેરે ખ-રીદ કરી લઇશ. આમ વિચારીને બીજા તથા ત્રીજા પ્રહારનો સંપૂર્ણ રીતે લાભ લેવાની ઉમેદ સાથે હું તે સ્થળેથી નીકળી ગયો કે તુરત જ મને બીજા માળની અંદર દાખલ કરવામાં આવ્યો.

"એ બીજા માળ માંહેની રચના પહેલા માળ માંહેની રચનાથી કેવળ ભિન્ન પ્રકારની જ હતી. ત્યાં કાંઇ ચિત્રો, રમ-કડાં કે પુસ્તકો નહોતાં, પરન્તુ કાંઇક જૂદું જ હતું. સોના અને ચાંદીનાં વાસણોની હારની હાર દિવાલો ઉપર ગોઠવી દેવામાં આવી હતી અને તે વાસણો એવાં ચળકતાં તથા સું-દર હતાં કે સ્વાભાવિક રીતે જ મને એવી ઇચ્છા થઇ આવી કે હવે હું આવાં પાત્રોની અંદર ભોજન કરવાને ક્યારે ભા-ગ્યશાળી થઇશ? જૂદી જૂદી જાતની કારીગરીથી મનોરમ ભાસતાં એ વાસણોમાંથી મારે કેટલાં વાસણો લેવાં તેનો મેં નિશ્ચય પણ કરી વાળ્યો અને પછી હું બીજી બાજુએ ફર્યો તો મોટી મોટી સન્દૂકો (પેટીઓ) લોખંડનાં મજબૂત તા-ળાંઓથી બંધ કરેલી જોવામાં આવી. એ સન્દૂકોની ચાવી ઓનો ઝુમખો એક બાજુએ લટકતો હતો એટલે તેવડે એ સન્દૂકો ખોલીને માંહે શું ભર્યું છે તે હું જોઈ શકું તેમ હતું, પરન્તુ તેમ કરવાથી અને દરેકે દરેક સન્દૂક ઉઘાડીને જોવાથી

બહુ મહેનત પડશે તથા વખત પણ જશે એવી ધારણાથી મેં કોઇને તેમાં શું ભર્યું છે તે વિષે પૂછી જોવાની ઇચ્છા કરી. દૈવયોગે એક રત્નજડિત હીંચોળાખાટ ઉપર તે ઝવેરીની નવયૌવના કુમારિકા પુત્રી ઝુલતી હતી અને વિવિધ પ્રકારનો ફળ–મેવો પ્રાશન કરતી હતી તે મારા જોવામાં આવી એટલે હું તેની સમક્ષ ગયો અને પેલી સન્દૂકોમાં શું ભર્યું હતું તે વિષે પૃચ્છા કરી. તે મનોહારિણી કુમારિકાએ મારા પ્રશ્નનો ઉત્તર આપવાને પ્રથમ તો પોતાનાં ઉત્પલ સરખાં નેત્રોને જરા ઉંચા કરીને તેમાંથી સ્મિતનો મધુરો પ્રવાહ વહેવડાવ્યો અને પછી મુખવડે મન્દ સ્મિત સ્ફુરાવતાં પોતાના પ્રવાહ સરખા ઓષ્ઠદ્વયમાંથી વાગ્ધારાને છૂટી મૂકી કે હે અતિથિ જન! એ સન્દૂકોમાં કેવળ નિર્મૂલ્ય વસ્તુઓ ભરી છે, તો તે લેવાને માટે તમે શામાટે પૃચ્છા કરી રહ્યા છો? છતાં તમે પૂછો છો તો હું કહું છું કે તેમાં સોના રૂપાનાં અલંકારો એટલે કે ઘરેણાં અને વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણો ભરેલાં છે. એવી ક્ષુદ્ર વસ્તુઓના જ તમે અભિલાષી છો કે શું? મેં કહ્યું કે સોના રૂપા અને રત્નના અલંકારોએ કાંઇ ક્ષુદ્ર વસ્તુઓ ન કહેવાય. મારૂં એ કથન સાંભળીને તો એ ષોડશી કુમારિકા અટ્ટ હાસ્ય કરીને મને હસવા લાગી ગઈ જાણે કે હું એક મૂર્ખો જ ન હોઉં? હાસ્ય કરી રહીને પુનઃ તે પોતાની મધુરી વાણીમાં બોલી કે હે ભોળા અતિથિ! તમે હજી અહીંનો વિધ વિધ વસ્તુઓનો સંગ્રહ જોયો નથી અને તેથી જ તમે એ અલંકારો મેળવવાને લલચાતા હો તેમ જણાય છે. ચાલો મારી સાથે હું તમને અહીંની સઘળી રચના બતાવું. એમ

કહી તે બાળા હીંચકા ઉપરથી ઉભી થઇ અને હસ્તિની સમાન મંદ ગતિએ આગળ ચાલી. હું તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તે મને એ માળના બીજા ભાગમાં લઇ ચાલી જ્યાં વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થો ગોઠવી રાખવામાં આવેલા હતા. પારદર્શક કાચની સુંદર બરણીઓમાં જૂદા જૂદા પ્રકારના મેવા, મુરબ્બા, મીઠાઇઓ વગેરે ભરી રાખવામાં આવેલાં હતાં. જૂદા જૂદા પ્રકારના રંગની અને ઇલાયચી, જાયફળ, કેસરાદિ પદાર્થોથી મઘમઘી રહેલી એ મીઠાઇઓનું સુંદર દૃશ્ય જોઇને મારા મ્હોંમાં પાણી આવવા લાગ્યું. ખાદ્ય પદાર્થોની બાજુમાં જ અમૃત સરખા મધુર શરબતોની બરણીઓ ભરી રાખવામાં આવી હતી અને તેમાંથી નીકળતો મધુર સુવાસ મારી ઘ્રાણેંદ્રિયને આનંદ ઉપજાવતો હતો. એ શરબતો જોઇને તૃષા લાગી આવી, પરન્તુ એ બાળા પોતે મને તેમાંથી થોડું પીવા આપે તો જ મારે તે ગ્રહણ કરવું અને નહિતો મ્હોંએ માંગીને ન લેવું એવી ઇચ્છાથી હું મૌન રહ્યો અને તે સર્વ પદાર્થો જોવા લાગ્યો. સામી બાજુએ એક સન્દૂક પડી હતી તેમાંથી ક્યારની એ મગજને તર કરી નાંખતી સુગન્ધિ પ્રસરી રહી હતી અને તેમાં શું ભર્યું છે એવું હું એ બાળાને પૂછવા જતો હતો એવામાં તો તે પોતે જ બોલી કે એ સન્દૂકમાં તમારા જેવા તરૂણ પુરૂષોએ વિલાસમાં વાપરવાયોગ્ય એવાં અત્તર, તૈલ, લેપ ઇત્યાદિ પદાર્થો ભરેલા છે. એમ કહેતાં જ તેણે એ સન્દૂક ઉઘાડી અને તેમાંના કોઈ એવા સુગંધી પદાર્થનો મારા કપાળપર લેપ કર્યો કે જેની અસરથી મારી નાસિકા તૃપ્ત થઈ ગઇ અને મારા ચિત્તમાં એ સર્વ ખાદ્ય પેય અને વિલાસના

પદાર્થોનો ઉપભોગ કરવાની ઉત્કટ ઇચ્છા થઇ આવી. ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યું એવી કિંવદન્તી પ્રમાણે એ બાળાએ મને કહ્યું કે તમે ક્યારના આવ્યા છો તો તમને ક્ષુધા તૃષા પણ લાગી હશે, તો લ્યો, હુ આ મીઠાઇઓ તમને પીરસું અને તમે જમી લ્યો, પછી તમને અહીંથી જે કાંઇ જોઇતુ હોય તે લેઈ જજો. હું સમજતો હતો કે જમવા બેસીશ તો વખત જશે, પણ એ મનોહારિણી સુંદરીના શબ્દોનો અનાદર કરવાનું મારા જેવા દરિદ્ર અને અબળ પુરૂષથી બની શકયું નહિ. તેમજ એક વાર એ મીઠા પદાર્થો સોનાની થાળીમાં જમી લેઇને અવતાર સફળ કરવાથી ઇચ્છા પણ મારા અંતઃકરણમાં પ્રબળતા ધારણ કરતી જતી હતી તેથી મેં જમવા બેસવાનું કબૂલ કર્યું. તે બાળાએ પેલી હીંચોળાખાટ ઉપર બેસવાનું મને કહ્યું અને હુ તેપર બેઠો એટલે એ ખાટ પોતાની મેળે જ ઝૂલવા લાગી, અને તે સાથે મારો દેહ પણ ઝુલવા લાગ્યો. પછી એક સુવર્ણની થાળીમાં મને બત્રીશ પ્રકારની મીઠાઇઓ પીરસવામાં આવી અને હું તે સ્વાદે સ્વાદે જમવા લાગ્યો. જાણે કે ફરીથી એવી મીઠાઇઓ ખાવા જ નહિ મળે એવી રીતે હું ઠાંસી ઠાંસીને જમવા લાગ્યો અને તે ઉપર પેલાં મધુરાં શરબતોનું પાન કર્યું એટલે મારો આત્મા સ્વર્ગના સરખા આનંદમાં ઝુલવા લાગ્યો. અહો ! તે ભોજનનો સ્વાદ એટલો અલૌકિક હતો કે જમી રહ્યા પછી પણ અને પેટ ભરાઇ જવાથી વધુ ખાવાની ઇચ્છા નહિ હોવા છતાં પણ મારી દાઢમાં તેનો સ્વાદ રહી ગયો ! હું દરિદ્ર બ્રાહ્મણપુત્ર સોનાની થાળીમાં અપ્સરા સરખી કુમારિકાએ પીરસેલાં બત્રીશ પ્રકારનાં

ભોજન જમ્યો તેથી મારો અવતાર સફળ થઈ ગયો એમ હું માનવા લાગ્યો. તાંબુલાદિથી નિવૃત્ત થઇને પેલી અલંકારોથી ભરેલી સન્દૂકોમાંથી બની શકે તેટલા અલંકારો લેવા માટે હું તે તરફ ચાલ્યો, પરન્તુ એટલામાં તો દ્વિતીય પ્રહર પણ સંપૂર્ણ થઇ ગયો અને મને આજ્ઞા મળી કે હવે સત્વર બહાર નીકળી જવું!

"હું એકદમ ચમકી ગયો. શું એટલી થોડી વારમાં આખો પ્રહર વ્યતીત થઈ ગયો? એવા શબ્દો મારા મુખમાંથી નીકળી પડ્યા અને તેના ઉત્તરમાં તે ઝવેરીએ ડોકું હલાવી હા કહી. પહેલાં થોડા અલંકારો અને પેલાં સોના ચાંદીનાં વાસણો બહાર કાઢી નાંખ્યા પછી હું ખાવા પીવામાં રોકાયો હોત તો વધારે ઠીક હતું, એવો વિચાર મને થઈ આવ્યો, પરન્તુ હવે તે વિચાર નિરર્થક હતો કારણકે હું આખો પ્રહર વ્યર્થ ગાળી ચૂક્યો હતો. પરન્તુ હજી હું કેવળ નિરાશ થઇ ચૂક્યો નહતો. ત્રીજા માળમાં ઘણું દ્રવ્ય ભરેલું હતું અને તેમાંથી હું મારી જીંદગી સુધી ચાલે એટલું દ્રવ્ય વિલંબ કર્યા વિના ઉપાડી લેઇશ એવી મને ખાત્રી હતી.

"આશાથી ઉછળતા હૃદય સમેત હું સત્વર ત્રીજા માળ ઉપર ચડી ગયો અને પહેલાં તો ત્યાં શું શું દ્રવ્ય ભરેલું છે અને તેનો કેટલો સંગ્રહ છે તે હું તપાસવા લાગ્યો. એક પછી એક એવી કેટલીએ સન્દૂકો ત્યાં પડી હતી અને તે સઘળી મેં ખોલી નાંખી. પછી તેમાં જોયું તો જણાયું કે એક સન્દૂકમાં સઘળું ત્રાંબાનાણું જ ભરેલું હતું. ત્રાંબાનાણાનો પોટલો ઉંચકી જવાની કાંઇ મને ઇચ્છા નહોતી. બીજી કેટલીએક

સંદૂકોમાં રૂપાનાણું જ ભરેલું હતું અને બાકીની સઘળી સન્દૂકોમાં સોનૈયા એટલે કે સોનાના સિક્કા ભરેલા હતા. આટલા બધા સોનૈયા જોઇને રૂપાના સિક્કા લેવાની મેં દરકાર કરી નહિ. મેં મારા વસ્ત્રમાં પેલી સોનૈયાથી ભરેલી ત્રણ ચાર સંદૂકો ખાલી કરી નાંખી અને તેની એક મોટી ગાંસડી બાંધી. એ ગાંસડી એક વાર ઘેર મૂકી આવું અને પછી પાછો આવીને બીજી ગાંસડી બાંધું એવો મેં નિશ્ચય કર્યો. મેં સોનૈયાની ગાંસડી બાંધી તો ખરી પણ થોડા વખત પહેલાં પેટ ભરીને જમ્યો હોવાથી એવડી મોટી ગાંસડી ઉંચકીને જવાની મારામાં શક્તિ નહોતી. ખાધા ઉપર તુરત જ મજુરી કરી શકાતી નથી. વળી મેં વિચાર્યું કે આ એક ગાંસડી જેટલા સોનૈયા પણ મારી ત્રણ પેઢી સુધી બેઠાં બેઠાં ખવાશે તો ખૂટશે નહિ, તો પછી બહુ ગાંસડીઓ બાંધવા કરતાં આ એક જ ગાંસડાથી સંતોષ માની લેવો એ વધારે ઉચિત છે. **सन्तोष एव पुरुषस्य परं निधानम्** એ નીતિવાક્યને માન્ય રાખીને મેં એ એક ગાંસડી સોનૈયાથી જ સંતોષ માની લીધો. પછી હું એ સ્થળની બીજી રચના જોવામાં પ્રવૃત્ત થયો. ત્યાં કાંઈ બીજી અલૌકિક રચના નહોતી, પરન્તુ ધનવાનોને આરામ આપે તેવાં સુખાસનો અને પર્યંકો બિછાવેલાં હતાં. મખમલની ગાદીથી આચ્છાદિત કરેલાં વિરામાસનો, બેસતાંની સાથે જ ઝુલવા લાગે તેવાં વિલોલાસનો, આરામથી પોઢી શકાય તેવાં કોમળ પર્યંકો ઇત્યાદિ સામગ્રી ત્યાં જોવામાં આવતી હતી. જમ્યા પછી જ સ્વાભાવિક આલસ્ય દેહમાં પ્રવર્તે છે તે આલસ્યથી અને જરા પણ આરામ નહિ લેવાથી મારૂં શરીર ઉદ્વિગ્ન થતું

હતું, તેથી મેં એક અત્યંત કોમળ પર્યંકમાં પડીને દેહને જરા આરામ આપવાનો વિચાર કર્યો. સોનૈયાની ગાંસડી તો બાંધેલી તૈયાર પડી હતી એટલે તે ઉંચકીને ચાલતાં થતાં મને જરા પણ વિલંબ થાય તેમ નહોતું, તેથી પર્યંકપર સ્વલ્પ સમય પોઢવાથી કાંઇ હાનિ થવાનો સંભવ જ નહોતો. એવો વિચાર કરીને હું પર્યંકમાં પડયો અને તુરત જ ગાઢ નિદ્રામાં પડયો. જમ્યા પછી જે મધુરી ગુલાબી નિદ્રા આવે છે તે નિદ્રા મારા પર રાજ્ય ચલાવવા લાગી અને સુકોમળ શય્યા મારાં આલસ્યથી મરડાતાં અવયવોને સ્વર્ગનો વિરામ આપવા લાગી.

"પરન્તુ એ નિદ્રામાં એક પ્રહર કયારે વ્યતીત થઈ ગયો તેનું મને ભાન ન રહ્યું અને અત્યાહારના પ્રભાવને લીધે મેં બહુ નિદ્રા લીધી! હું જ્યારે જાગ્યો ત્યારે ઝવેરી હું કયારે જાગ્રત થઉં તેની રાહ જોતો ઊભો હતો અને તે તુરત જ બોલ્યો કે હવે તમે જલ્દી ચાલ્યા જાઓ કારણકે આપણા ઠરાવ મુજબ તમે ત્રણ પ્રહર મેળવી ચૂકયા છો અને તમારો મણી મારો થઇ ચૂકયો છે. આ શબ્દો સાંભળીને અને આખો પ્રહર નિદ્રામાં જ વ્યતીત થઇ ગએલો જાણીને હું ગભરાયો અને હવે શું કરવું તે મને સુજ્યું નહિ; પરન્તુ નિરાશાથી ગભરાઇ જવાથી હું એ ઝવેરીની સાથે લડવા લાગ્યો અને બોલ્યો કે મેં આ સોનૈયાની ગાંસડી બાંધી રાખી છે તે ઉપર તો મારો હક છે. ઝવેરી બોલ્યો કે આપણી શરતમાં ચોખ્ખું લખ્યું છે કે તમે ત્રણે માળમાંથી જેટલું બહાર કાઢો તેટલું તમારૂં પોતાનું લેખાય અને આ ગાંસડી તો હજી મારા મહાલયમાં હોવાથી તે ઉપર તમારો હક લાગી શકતો નથી. હું ટગ્યો

કરવા લાગ્યો પણ ઝવેરીએ પેલી ગાંસડીમાંથી મને એક પણ સોનૈયો લેવા દીધો નહિ. લડવાથી કાંઇ ફાવ્યું નહિ એટલે હું તે ઝવેરીને પગે પડીને તે સોનૈયા મને આપવા માટે આજીજી કરવા લાગ્યો, પણ તે ઝવેરીને મારાપર જરાએ દયા આવી નહિ! એ રીતે હું મારો અગણિત પરિશ્રમે મેળવેલો મણી ગુમાવી બેઠો અને ઝવેરીએ મને ખાલી હાથે બહાર કાઢ્યો!

"હે મહાનુભાવ પંડિતો! એ પ્રમાણે મારૂં સ્વપ્ન પૂરૂં થયું અને મણી તથા ધન સઘળું ગુમાવવાથી રોદન કરતો હું નિદ્રામાંથી જાગૃત થયો તો મને જણાયું કે એ સઘળું સ્વપ્ન હતું અને હું એક દરિદ્ર બ્રાહ્મણ નહિ કિન્તુ એક મોટો રાજા હતો છતાં એ સ્વપ્ન તો મારા હૃદયમાં વજ્રલેપ થઇને રહ્યું છે! એ સ્વપ્નનું રહસ્ય શું હશે તે જાણવાને માટે તમો સઘળાને મેં એકઠા કર્યા છે માટે કૃપા કરીને મને તેનું રહસ્ય સમજાવો એટલે હું કૃતાર્થ થઉં."

આવું વિચિત્ર સ્વપ્ન સાંભળીને સઘળા પંડિતો વિચારમાં પડી ગયા અને એ સ્વપ્નનું રહસ્ય શું હશે તેનો કોઈ નિર્ણય કરી શકયા નહિ કોઇ પંડિતે કહ્યું: "મહારાજ! આ સ્વપ્ન બહુ માંગલિક છે, અને તેના પ્રભાવથી થોડા સમયમાં આપને ત્યાં પુત્રનો જન્મ થશે." એક જોશીએ ગપાટો માર્યો: "મહા- રાજ! આપને આ સ્વપ્ન આવ્યું તે રાત્રિને સમયે આપને માથે શનિશ્ચરના ગ્રહની ચાલ શરૂ થઈ છે, તેથી સ્વપ્નનું માંગલિક ફળ મેળવવાને આપે શનિશ્ચરના મંત્રના સવાલાખ જાપ જપાવવા જોઇએ." એક વૈદ્યરાજ બોલી ઉઠયા: "રાજા- ધિરાજ! કાલે સાંજે આપે કાંઇ ભારે પદાર્થ ખાધા હશે અને

તુરત સૂઇ ગયા હશો એટલે તેનો બરાબર પચાવ થયો નહિ હોય, કારણકે જ્યારે ખાધેલું અન્ન બરાબર પચતું નથી, ત્યારે જ આવાં ચિત્ર વિચિત્ર સ્વપ્નો માણસને આવે છે; તો હવેથી રોજ સાંજે હું આપું તે દવા ફાકીને સૂઈ જજો એટલે ખોરાક બરાબર પચશે અને સ્વપ્નો નહિ આવે." રાજાનો માનીતો મલ્લ બોલ્યોઃ "મહારાજા! મારી ઉમર પચાશ વર્ષની થઇ પણ મને કોઇ દિવસ સ્વપ્નું આવ્યું નથી. આપ પણ રોજ એકાદ બે ઘડી કુસ્તી કરો તો આપને પણ સ્વપ્ન ન આવે!" એક બાવો ગામમાં ટેલ નાંખતો હતો તે બોલ્યોઃ "રાજાજી! આપના રાજ્યમાં આવીને એક વરસથી ટેલ નાંખું છું, પણ હજી કોઇએ મારી ઇચ્છા પૂરી કરી નથી તેથી મારી દેવીએ ક્રોધ કરીને આપને આવું સ્વપ્નું આપ્યું છે."

જૂદા જૂદા માણસોની આવી જૂદી જૂદી વાતોથી રાજાના મનનું સમાધાન થયું નહિ. તે સઘળા પંડિતોની તરફ જોઇ રહ્યો હતો એવામાં વૃદ્ધ ધર્મગુરૂએ ઊભા થઇને કહ્યું: "રાજા! તને જે સ્વપ્ન આવ્યું છે તે ઘણું ઉત્તમ છે. તેનું રહસ્ય અદ્વિતીય છે અને તે હું તને કહું છું; પરન્તુ તે રહસ્ય જાણ્યાં પછી તેનો ઉપયોગ તું કેવી રીતે કરીશ?"

રાજા બોલ્યો: "આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ."

ધર્મગુરૂએ કહ્યું: "ઘણીવાર માણસ કોઈ વાતથી અ-જાણ્યા હોય છે ત્યાંસુધી તે વાત જાણવાને બહુ ઉત્સુક રહે છે અને તે માટે હરકોઇ પ્રકારનું વ્રત લે છે અને ગમે તે વસ્તુનો ભોગ આપે છે, પરન્તુ જાણ્યા પછી તે સઘળું ભૂલી જાય છે."

રાજા બોલ્યોઃ "હું વચન આપું છું કે મારા વ્રતને હું નહિ વિસરી જઉં."

સ્વપ્નનું રહસ્ય.

ધર્મ ગુરૂએ કહ્યુંઃ "ત્યારે શ્રવણ કર. જંગલમાં આથડતાં આથડતાં અંધારા કુવામાંથી તને સ્વપ્નમાં જે મણી મળ્યો છે, એ મણી બીજું કાંઇ નહિ પણ આ મનુષ્યભવ રૂપી અતિ ઉજ્જવલ, અનુપમ અને પુનઃ મહા કષ્ટે પ્રાપ્ત થઇ શકે તેવો મણી છે. માતાના ઉદરની અંધકારમય ગુફામાં ઉંધે મસ્તકે લાંબા કાળ સુધી લટકયા પછી એ મણિની પ્રાપ્તિ થાય છે અને એ દુઃખમાંથી છૂટવા માટે જીવ બહુ બહુ ફાંફાં મારીને પ્રભુને બહુ બહુ પ્રાર્થનાઓ કરીને રૂદન કરે છે ત્યારે તે છૂટો થાય છે; પરન્તુ છૂટો થયા પછી–મણીરૂપી મનુષ્યત્વને પામી પોતાની પૂર્વ સ્થિતિને ભૂલી જાય છે! પ્રભુને વિસરી જાય છે! કાંઇ પણ સુકર્મ ઉપાર્જન નથી કર્યું એવો દરિદ્ર જીવ ધનરૂપી મનુષ્યત્વ પ્રાપ્ત કરવાને અનેક યોનીઓ રૂપી અંધકારવાળા જંગલમાં પરિભ્રમણ કરે છે એવામાં તેને સુકર્મયોગે એક ગુફામાંથી મનુષ્યત્વરૂપી મણી આ પ્રમાણે મળે છે, પરન્તુ તે મળ્યા પછી જો તે તેનો સદુપયોગ કરે છે તો તે મણી કરતાં વિશેષ ઉજ્જવલ અન્ય દૈવી મણી તેને મળે છે; પરન્તુ તેમ તો ભાગ્યે જ કોઇ કરે છે. તે મણીના યોગે કરીને તેને અનર્ગળ દ્રવ્ય મળે તેટલા માટે તે ઝવેરી પાસે ગયો. એ ઝવેરી તે મણીના મૂલ્યનું દરિદ્ર બ્રાહ્મણને ભાન કરાવનાર સદ્ગુરૂ સમજવો. ઝવેરીએ તેને ઉપદેશરૂપી ઘણું બધું ધન બતાવ્યું અને તે સાથે તેને કહ્યું કે એ ધન મેળવવા માટે

માત્ર તને ત્રણ પ્રહર મળશે અને એ ત્રણ પ્રહરમાં તારાથી જેટલું ઉંચકાય તેટલું ઉંચકી લે. બાલ્યકાળ, જુવાની અને વૃદ્ધાવસ્થા રૂપી એ ત્રણ પ્રહર ધર્મરૂપી ધન મેળવવાને મળે છે. ચોથો પ્રહર તો ક્યાંથી મળે? બ્રાહ્મણ ધન મેળવવાને પહેલા બાલ્યકાળરૂપી પ્રહરમાં પહેલા માળમાં પેઠો, પણ અફસોસ! તે પહેલા માળમાં અમૂલ્ય જ્ઞાન આપનારા ગ્રંથો હતા અને તે ગ્રંથોમાં અનેક પ્રકારનો ઉપદેશ ભરેલો હતો તે તરફ તેનું ધ્યાન પણ નહિ ખેંચાતાં તેણે ચિત્રો અને રમકડાં જોવામાં તથા તે વડે રમતો કરવામાં આખો પ્રહર-આખો બાલ્યકાળ ગુમાવી દીધો, અને વિદ્યા-જ્ઞાન કશું સંપાદન કર્યું નહિ! હજી તો તે એ રમતમાં જ મગ્ન છે તેટલામાં પહેલો પ્રહર પૂરો થાય છે અને તે જુવાની રૂપી બીજા પ્રહરમાં હડસેલાય છે! મણીના બદલામાં ધન મેળવવામાં પહેલો પ્રહર નિષ્ફળ જાય છે અને મણીનો ત્રીજો ભાગ એ રીતે એ ગુમાવે છે એટલે હવે બીજા પ્રહરમાં ધન મેળવીશ, જુવાનીમાં ધર્મ કરીશ, એવી ધારણા સાથે તે બીજા માળમાં દાખલ થાય છે. બીજા માળમાં તો સોનું અને ચાંદી ભરેલું છે. તે ઉપાડી જવાનું બ્રાહ્મણ નક્કી કરે છે, પણ તેનું ધ્યાન સ્ત્રી તરફ આકર્ષાય છે. સ્ત્રી તેને ખાવાપીવા તરફ અને સંસારના મોજશોખ તરફ દોરે છે, પોતાના કટાક્ષમાં અને મધુરી વાણીમાં નગદ ધન લેવાનું ભુલાવી દે છે અને અનેક પ્રકારના વિલાસમાં બ્રાહ્મણના બીજા પ્રહરને વ્યર્થ ગુમાવી દે છે!! જુવાનીનો બીજો પ્રહર આવો છે! ખરેખરૂં ધન-ધર્મ ઉપાર્જન કરવાને તે સમય યોગ્ય છે, પણ જીવ વિલાસમાં અને સ્ત્રી આદિ પરિવારના મોહમાં પડીને

એ બીજો પ્રહર ગુમાવી દે છે અને કશું પણ મેળવ્યા પહેલાં ત્રીજા પ્રહર રૂપી ત્રીજી વૃદ્ધ અવસ્થામાં હડસેલાય છે. વૃદ્ધાવસ્થા રૂપી ત્રીજો પ્રહર તો ઘણો અમૂલ્ય છે કારણકે એ જીંદગીનો અથવા ધન મેળવવાનો છેલ્લો પ્રહર છે. વળી તેમાં સોનૈયાંરૂપી રોકડું ધન ભરી રાખવામાં આવેલું છે અને જો તે ધન મેળવી લેવાય તો ભવની ભાવઠ ભાંગી જાય તેમ છે, પરન્તુ અરે! જુવાનીમાં વિલાસ કરી શરીરની સંપત્તિને ગુમાવી બેઠેલો મનુષ્ય તે અવસ્થામાં તો શિથિલ અંગે આલસ્યમાં પડી રહે છે. હવે તેને ઉંઘ આવે છે, વૃદ્ધાવસ્થામાં શરીરમાંથી શક્તિ તો નાશ થાય છે અને એ જ રીતે આળસમાં ઉંઘમાં પડી રહેવામાં તે પોતાના આયુષ્યનો છેલ્લો ભાગ પણ ગુમાવે છે. મણીનો બદલો મેળવવાની છેલ્લી તક પણ તે એ પ્રમાણે ગુમાવી દે છે અને કશું પણ ધન મેળવ્યા સિવાય પોતાની પહેલાંના જેવી દરિદ્ર અવસ્થામાં જ તેને ઝવેરીના મહાલયમાંથી બહાર નીકળી જવું પડે છે! ત્રણે પ્રહરો નકામા ગુમાવીને મણીને પણ તે ગુમાવી દે છે! અહો! મનુષ્યો એ જ પ્રમાણે જીંદગીની ત્રણે અવસ્થારૂપી મનુષ્યભવનો મણી હારી બેસે છે અને પૂર્વવત્ દરિદ્ર જ રહે છે, રાજેન્દ્ર!"

આ રહસ્યપૂર્ણ ઉપદેશ સાંભળીને રાજા શશીશેખર સદ્ગુરૂના પગમાં નમી પડચો અને તે સમયથી મનુષ્યત્વને સફળ કરે તેવા વૈરાગ્યને પામીને એ જ મહાત્માનો શિષ્ય થયો.

સારાંશ અને બોધ.

રાજા શશીશેખરના અર્થસૂચક સ્વપ્નનું રહસ્ય ઘણું ગંભીર અને ઉપયોગી છે. દરેક જણને તે ઉપરથી ધડો લેવાનો

છે. મનુષ્ય જીવનની ત્રણ અવસ્થાઓમાં શું શું મેળવવું જોઇએ અને તેમાંથી લોકોનો મ્હોટો ભાગ શું શું મેળવે છે તેનો ચિતાર આ સ્વપ્નમાં આપવામાં આવ્યો છે. ટુંકામાં પ્રથમ અવસ્થામાં બીજી ઉપાધિથી દૂર રહી નિશ્ચિંતપણે અધ્યયન કરી વિદ્યા પ્રાપ્ત કરવી જોઇએ, તેને બદલે રમત ગમત નાટક ચેટક ખ્યાલ તમાસા અને પરિભ્રમણમાં સમય ગુમાવવામાં આવે તો પ્રથમ અવસ્થા નિષ્ફળ પસાર થાય છે. બીજી અવસ્થામાં નીતિથી ધન સંપાદન કરી પોતાની સંતતિ કુટુંબીઓ સગાંવ્હાલાં સ્વધર્મી ભાઇઓ અને દેશબન્ધુઓને તન મન ધનથી સહાય કરી પોતાનું કર્તવ્ય બજાવવું જોઇએ તેને બદલે ખાનપાનમાં મસ્તાન બની કેવળ વિષયક્રીડા કરવામાં કે ગરીબોને દબાવી તેમના હક્ક છિનવી લેવામાં સમય પસાર કરવામાં આવે તો બીજી અવસ્થા પણ ફલશૂન્ય બને છે. ત્રીજી અવસ્થામાં વ્યવહારનો ભાર યોગ્ય વયે પહોંચેલા પોતાના પુત્રોને સોંપી શાંત ચિત્તથી ધર્મ કાર્ય કે પરોપકારનાં કાર્યો કરવા જોઇએ તેને બદલે ટંટા ફિસાદ હાય વોય કે આલસ્યથી સુસ્ત પડ્યા રહેવામાં ત્રીજી અવસ્થા ગાળવામાં આવે તો તે વ્યર્થ થવાની સાથે મનુષ્યનું સંપૂર્ણ જીવન વ્યર્થ બને છે.

યાદ રાખવું જોઇએ કે એક વાર મનુષ્યજીવનરૂપ મણી વ્યર્થ ગુમાવ્યો તો ફરી ફરીને તે પ્રાપ્ત થવાનો નથી. શાસ્ત્ર કહે છે કે '**माणुसं खलु दुलहं**' અનંત પુણ્યના યોગે મનુષ્યની જીંદગી પ્રાપ્ત થાય છે. ખાનપાન વસ્ત્ર આભૂષણ વગેરે ભોગની ચીજો મનુષ્યના શિવાય બીજા જીવનમાં પણ મળી

શકે છે, પણ ધર્મ અને તેના ફળ રૂપે મોક્ષસંપત્તિ મનુષ્યના જીવન સિવાય બીજા જીવનમાં મળી શકતી નથી તેથી સુજ્ઞ પુરૂષોએ તે અલભ્ય અને અમૂલ્ય વસ્તુ મેળવવામાં જ મનુષ્ય-જીવનનો ઉપયોગ કરવો જોઇએ.

મત્સ્યોદર કુમાર.

પરિચ્છેદ ૧ લો.

એક હજાર સોનૈયાની એક ગાથા.

ભરતક્ષેત્રમાં કનકપુર નામે એક નગર હતું, ત્યાં કનકધર નામે રાજા રાજ્ય કરતો હતો. રાજા ન્યાયમાં કુશળ હતો અને પ્રજાનું પુત્રવત્ પાલન કરતો હતો. તે જ નગરમાં રત્ન-સાર નામે એક શેઠ રહેતો હતો અને રાજદરબારમાં એ શેઠનું સારૂં માન હતું. રત્નસારને રત્નચૂલા નામની સ્ત્રીથી ઉત્પન્ન થએલો ધનદકુમાર નામે એક સુપુત્ર હતો. વિદ્યા, કળા, રૂપ, ગુણાદિમાં ધનદ એક્કો હતો અને તેથી રત્નસાર શેઠના કુળમાં એ કુળદીપક કહેવાતો હતો.

તે જ નગરમાં સિંહલ નામે એક જુગારી રહેતો હતો. સર્વ વ્યસનોના મૂળરૂપ જુગારનું વ્યસન અતિહાનિકારક છે. એક દિવસે તે જુગારી જુગારના દાવ રમતાં પોતાની પાસેનું સઘળું દ્રવ્ય ગુમાવી બેઠો અને આગળ જુગાર ખેલવાને તેની પાસે એક પાઇ સરખી પણ રહી નહિ. આથી તેને એક અવ-નવી વાત સૂઝી આવી. તુરત જ તે પોતાની કુળદેવીના મંદિરે

ગયો. કુળદેવીની મૂર્તિની સામે જઇને તેણે કહ્યું: "ઓ દેવી! તું મારી કુળદેવી છે અને હું તારા કુળમાં છું. મારી પાસે જુગાર ખેલવા માટે પાઇ પણ નથી માટે તું મને રૂપિયા આપ. તું મારી કુળદેવી છે અને જો મને ધન નહિ આપે તો હું તને ગાળ દઇશ."

દેવીએ પ્રકટ થઇને કહ્યું: "અલ્યા મૂર્ખ! મારી પાસે તે ધન ક્યાંથી? શું તારા બાપે મારે ત્યાં કાંઇ ધનની થાપણ દાટી છે કે હું તને ધન આપું? ચાલ્યો જા અહીંથી!"

સિંહલે કહ્યું: "ત્યારે હું તારી મૂર્તિના કકડે કકડા કરીને ફેંકી દઇશ, સમજી?" દેવીએ વિચાર્યું કે: "આ તો બહુ ભુંડો! જો હું તેને ધન નહિ આપું તો તે મૂર્ખ મોટો અનર્થ કરી નાંખશે." આમ વિચારીને દેવીએ સિંહલને એક કાગળના કકડા ઉપર એક ગાથા લખી આપી અને કહ્યું: "આ લેઇને જા, તેના તને એક હજાર સોનૈયા ઉપજશે."

સિંહલ હરખાતો હરખાતો ઘેર ગયો અને કાગળમાં લખેલી ગાથા વેચવાના સાદ કરવા લાગ્યો. છેવટે રત્નસાર શેઠના પુત્ર ધનદકુમારે એક હજાર સોનૈયા આપીને તે ગાથા વેચાતી લીધી.

आर्यावृत्त ॥

जंच्चिय विहिणा लिहियं । तंच्चिय परिणमे सयल लोयस्स ॥
इत जाणेविहु धीरा । विहुरेवि न कायरा हुंति ॥

અર્થ—જે વિધિએ લખેલું હોય છે, તે પ્રમાણે જ આખા લોકનું થાય છે. જેઓ એવું સમજે છે તેઓ જ ધીર પુરૂષ કહેવાય છે અને દુઃખમાં પણ કાયર થતા નથી.

ધનદકુમાર ગાથા વાંચીને સંતુષ્ટ થયો અને પોતાના એક હજાર સોનૈયા સફળ થયા એમ સમજવા લાગ્યો. એટલામાં આ વાત કોઇએ શેઠને જઇને કહી એટલે શેઠ ધનદ ઉપર ક્રુદ્ધ થયા અને એક ગાથા પાછળ એક હજાર સોનૈયા ઉડાવી દેવા માટે ધનદને ઘણો ઠપકો આપ્યો, એટલું જ નહિ પણ કહ્યું કે " એવા પૈસા ઉડાવી દેવા હોય, તો મારા ઘરમાંથી ચાલ્યો જા, મારે તારો ખપ નથી."

ધન જવાથી ખિન્ન થએલા પિતાને વધારે અપ્રિય થવા માટે હવે વધારે વખત ઘરમાં ન રહેવું એ જ ધનદકુમારને ઉચિત જણાયું. " પિતાને મન એ અમૂલ્ય ગાથા કરતાં હજાર સોનૈયા વધારે મૂલ્યવાન્ જણાયા, તો મારે એટલા સોનૈયા કોઇ પણ રીતે પિતાને પાછા મેળવી આપવા જોઇએ અને તેમ ન થાય ત્યાંસુધી ઘરમાંથી ચાલ્યા જવું જોઇએ." એમ વિચારીને, **जंचिय विहिणा लिहियं** એવા શબ્દો ઉચ્ચારીને, તેના ભાવને હૃદયમાં ઉતારીને, ચિત્તમાં ધૈર્ય ધારીને, ઘરની બહાર ચાલ્યો ગયો.

પરિચ્છેદ ૨ જો.

ધનપ્રાપ્તિ અને સંકટ.

ઋતુ શિયાળાની હતી. સાંજ પડી ગઇ હતી. ધનદ નગરની બહાર કોઇ એક દિશાએ જ્યાં વિધિ લઇ જાય ત્યાં જવાના વિચારથી ચાલ્યો જતો હતો, એવામાં રાત્રિ પડવાનો

સમય થયો એટલે માર્ગમાં કોઇ સ્થળે રાત્રિ ગાળવાનો તેણે વિચાર કર્યો. નજીકમાં કોઈ પણ ગામડું દૃષ્ટિએ પડતું નહોતું, પરન્તુ એક સરોવરને કાંઠે ઘટા છાઈ રહેલું વડનું એક ગંભીર વૃક્ષ જોવામાં આવ્યું. વડની વડવાઇઓ પણ નીચી ઉતરીને જમીનમાં પેસી ગઇ હોવાથી આખો વડ ઘટાટોપ થઇ રહ્યો હતો. રાત્રિ ગાળવાના હેતુથી ધનદકુમાર એ વૃક્ષ હેઠળ ઉતર્યો. આખા દિવસની પગની મુસાફરીના થાકથી તે વ્યાકુળ થઇ ગયો હતો, તેથી તે સૂતો કે તુરત જ નિદ્રા આવી ગઈ.

રાત્રિ ચાલી જતી હતી. સર્વત્ર અંધકાર અને તેમાં ચંદ્રનો આછો આછો પ્રકાશ પથરાઇ રહ્યો હતો. વડના વૃક્ષની નીચે ધનદકુમાર નિર્ભયતાથી સૂતો હતો. "જેવા વિધિના લેખ" એ શબ્દોએ તેને એટલો તો ધીરજવાળો બનાવ્યો હતો કે તેથી તેના હૃદયમાં ભયનું નામ માત્ર રહેવા પામ્યું નહોતું. એવામાં સણસણાટ કરતું એક તીર આવીને તેના પગમાં ચોંટયું અને તુરત જ તે બ્હેબાકળો બનીને જાગી ઉઠયો. ગાથા સંભારીને મનમાં ધીરજ રાખી પગમાંથી તીર ખેંચી કાઢી લોહી હાથવતી સાફ કરી, એવીને એવી પીડામાં તે પાછો ત્યાં સૂઇ ગયો. એટલામાં તીર ફેંકનાર પારધી ત્યાં આવી પહોંચ્યો. પોતાના શિકારના પ્રાણીને બદલે ત્યાં પુરૂષને જોઇને તે ગાભરો બની ગયો અને ધનદકુમાર પાસે પશ્ચાત્તાપ કરી, તેની માફી માંગી ચાલ્યો ગયો. 'વિધિના લેખ'નો ભાવ ધનદના હૃદયમાં રમ્યા જ કરતો હતો.

પગે થતી અસહ્ય વેદનાથી ધનદ મૂર્ચ્છિત થઈ ગયો. ક્ષુધા તૃષાનું પણ ભાન રહ્યું નહિ. ધનદ મૂર્ચ્છિત અવસ્થામાં જ

પડયો હતો એવામાં એક ભારંડ પક્ષીએ તેને મૃત્યુવશ માનીને ભક્ષના કારણે ચાંચમાં ઘાલી ઉપાડયો. કેટલેક દૂર જતાં વારિધિ નામના દ્વીપ આગળ જતાં પક્ષી નીચે ઉતર્યું અને ધનદકુમારના મૂર્ચ્છાધીન શરીરને નીચે મૂક્યું, પરન્તુ તે મુડદું નથી—કોઈ જીવતો મનુષ્ય છે એમ જણાવાથી ભય પામીને ઉડી ગયું. ધનદ એકલો પડયો રહ્યો. પ્રભાત થતાં શીતળ પવનની મંદ લહરિઓને લીધે તેને કાંઇક ભાન આવ્યું. જાગીને આસપાસ જોયું તો કાંઇ નવીન જ આભાસ આંખોને જણાવા લાગ્યો. પુનઃ વિધિપર ભરોસો રાખીને તેણે ધૈર્ય ધાર્યું.

સૂર્ય ચડયો એટલે ધનદકુમાર આસપાસના પ્રદેશનું સૃષ્ટિસૌંદર્ય જોવાને નીકળ્યો. કેટલેક દૂર જતાં દ્વીપ ઉપર એક સુંદર બાંધણીનું શહેર નજરે પડ્યું, પણ તેમાં કોઇ માનવી હોય એમ જણાયું નહિ. આથી તેના હૃદયમાં એક અવનવું આશ્ચર્ય ઉત્પન્ન થયું. આગળ જોતાં એક કૂવો અને કેટલાંક ફળવૃક્ષો જોવામાં આવ્યાં. ભૂખ કે તરશ સંબંધી તેની ચિંતા હવે દૂર થઇ. તેણે થોડાં ફળ ખાધાં અને કુવામાંથી પાણી સીંચીને પીધું.

એટલામાં ફરતાં ફરતાં અને એ ઉજ્જડ નગરનું સૌંદર્ય જોતાં જોતાં રાત પડી. ટાઢ સખ્ત હતી તેથી નગરથી કેટલેક દૂર એક પર્વતની બાજુએ જઇને તે રહ્યો. અગ્નિ ઉત્પન્ન કરે તેવાં કેટલાંક લાકડાં એકઠાં કરીને તેની મદદથી તેણે એક તાપણું કર્યું અને એ રીતે શરીરને જરા ગરમ કરીને તે સૂતો. પ્રભાતમાં ઉઠીને જોયું તો તાપણા નીચેની સઘળી માટી સુવર્ણમય (સોનાની) થઇ ગએલી માલુમ પડી. તેણે માન્યું કે લોકો જેને સુવર્ણદ્વીપ કહે છે તે આ જ હશે.

એક દિવસ પર્વતની ગુફાઓમાં ફરતાં ફરતાં એક સ્થળે રત્નનો ઢગલો તેના જોવામાં આવ્યો અને ધનદકુમાર તે જોઇને આનંદ પામ્યો. હવે તે માટીની ઇંટોને તપાવીને સોનાની ઇંટો બનાવવા લાગ્યો અને રત્નોના ઢગલામાંથી કેટલાંક રત્નો લાવીને પોતાની પાસે રાખ્યાં. અહો! ધન માણસને કેટલું બધું પ્રિય છે? એ નિર્જન સ્થળે ધનદકુમારને સોનું કે રત્ન કાંઇ કામનાં નહોતાં, પરન્તુ ધન પ્રત્યેનો મનુષ્યનો સામાન્ય મોહ જ તેને તૃષ્ણાખોર બનાવે છે એ સત્ય છે!

એક દિવસે સમુદ્રકિનારે કોઈ એક સુદત્ત નામનો સાર્થવાહ આવી ચડ્યો. સાથે માણસો અને વહાણોનો પાર નહોતો. પીવાનું મીઠું પાણી લેવાને માટે સુવર્ણદ્વીપને કોઇ બંદર જાણીને તે ઉતર્યો હતો. પાણી શોધતાં શોધતાં સુદત્તના માણસોને ધનદ મળ્યો અને તેણે તેમને પાણીનું સ્થાન બતાવ્યું. એવામાં સુદત્ત પણ ત્યાં આવી પહોંચ્યો. ધનદે તેને પ્રણામ કર્યા. ધનદની પાસે રત્નો અને સુવર્ણની ઇંટો જોઇને સુદત્તે એ સંબંધી પૃચ્છા કરી, એટલે ધનદે સરળ ભાવથી તે વિષેની ખરી હકીકત કહી સંભળાવી. સુદત્ત ઘણું આશ્ચર્ય પામ્યો અને ધનદકુમાર પ્રત્યે વિનય દર્શાવતો કહેવા લાગ્યો: "તમારે તમારા દેશમાં જવું હોય તો અમે અમારા વહાણમાં તમને લેઇ જઇશું, કશી ચિન્તા રાખશો નહિ. આવા નિર્જન દ્વીપમાં તમે જળસ્થાન બતાવીને અમારા પર મોટો ઉપકાર કર્યો છે, તેનો બદલો અમે બીજી કોઇ પણ રીતે વાળી શકીએ તેમ નથી."

ધનદને પણ હવે આ નિર્જન સ્થળમાંથી કોઈ પણ રીતે

વસતીમાં જવાનો વિચાર હતો. સુદત્તની માયાળુતાથી તે ખુશ થયો અને પોતાનાં રત્નો તથા ઈંટો સુદત્તના વહાણમાં મૂકાવ્યાં. ધન જોઈને વિહ્‌વળ થએલા સુદત્તની બુદ્ધિમાં હવે વિકાર ઉત્પન્ન થયો. કોઇ પણ રીતે ધનદને ઠેકાણે કરી દઇને સઘળું ધન પચાવી પાડવાની ઇચ્છા તેને થઇ આવી. સુદત્તે ધનદકુમારને કહ્યું: "તમે હમેશાં કૂવામાંથી પાણી કાઢતા હશો, તો અમને કાઢી આપશો? આ કૂવો જંગલી અને બહુ વિચિત્ર છે તેથી અમને પાણી ખેંચતાં ફાવશે નહિ." ધનદ કુમાર કૃતજ્ઞ હતો અને તેથી તે સુદત્તનો ઉપકાર વિસરી ગયો નહિ. તેણે પાણી ખેંચી આપવાની હા કહી અને કૂવા ઉપર ચડયો. લોભવશ થએલા સુદત્તનાં માણસોએ અગાઉથી કરી રાખેલા સંકેત મુજબ તેને કૂવામાં હડસેલી મૂકયો!

અહો! લોભ કષાય! તું કેવો દુષ્ટ છે? સંસારી જીવોમાં નિવાસ કરી રહેલી લોભી વૃત્તિ! જો ધર્મક્રિયાઓ, વ્રત, પ્રત્યાખ્યાનાદિ કરવામાં લોકો તારો ઉપયોગ કરે તો તે સદ્‌ગુણ છે, પરન્તુ શું તારો એવો સદુપયોગ થાય છે ખરો? અત્યારે તો તું એક દુર્ગુણ છે!

પરિચ્છેદ ૩ જો.

તિલકસુંદરી અને રાક્ષસ.

ધનદ કુમારને કૂવામાં હડસેલી મેલવામાં આવ્યો, પરન્તુ સદ્‌ભાગ્યયોગે તે પાણીમાં ન પડતાં કૂવામાંની પત્થરની મે

ખલ્લા ઉપર પડયો. તેને તુરત તો પછાડ ખાવાને લીધે સખ્ત કળ ચડી ગઈ, પરન્તુ પછી તે ભાનમાં આવ્યો. આ મહા-દુઃખમાં પણ શોક ન કરતાં ' વિધિના લેખ 'ની ગાથા સ્મરણમાં આણી અને ધીરજ રાખી. અત્યારસુધીમાં અનુભવેલાં મહાદુઃખોમાં તેને એ ગાથાએ એક હજાર સોનૈયાનો બદલો વાળી આપ્યો હતો.

કૂવામાં આસપાસ નજર કરતાં કોઇનાં પગલાં પડેલાં જોવામાં આવ્યાં. " આવા અઘોર કૂવામાં માણસનાં પગલાં ક્યાંથી ? માટે આમાં જરૂર કાંઇક કૌતુક હોવું જોઇએ. " આ વિચારે ધનદકુમારના અંતરમાં તે માટે તપાસ કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી. ત્યાં જઇને જોયું તો ધનદના જોવામાં એક ખાડો આવ્યો. તેમાં તે ઉતર્યો તો આગળ રસ્તો હોય તેમ જણાયું. ધનદ આ વિચિત્રતા જોઇને ઘણો વિસ્મિત થયો. એમ ને એમ આગળ ચાલતાં કોઇ એક સુંદર સ્થળ માલૂમ પડયું. ત્યાં ધનદે કોઇ મહાદેવીને વિરાજી રહેલી જોઈ. દેવીને નિહાળીને તેને બહુ આનંદ થયો. ધનદે દેવીની સમીપમાં જઇને મસ્તક નમાવી તેને વંદન કર્યું. દેવી તેના ઉપર પ્રસન્ન થઇ અને ધનદને તેનો વૃત્તાંત કહેવાને કહ્યું. ધનદે પોતાનું અથેતિ વર્ણન કહી સંભળાવ્યું, એટલે દેવીએ તેના કલ્યાણને અર્થે તેને પાંચ રત્નો આપ્યાં. એ પાંચ રત્નોમાં જૂદી જૂદી જાતના પાંચ ગુણો રહેલા હતા. એક સૌભાગ્યદાયક હતું, બીજું લક્ષ્મી આપનાર હતું, ત્રીજું રોગહારક, ચોથું વિષનાશક અને પાંચમું કષ્ટનિવારક હતું. આવા પાંચ ગુણવાળાં પાંચ રત્નો લેઇને ધનદ ખુશ થયો અને દેવીને વંદન કરીને ત્યાંથી આગળ ચાલ્યો.

કેટલેક દૂર જતાં એક વ્રણસંરોહિણી (વાગેલા ઘાને સાજા કરનાર) નામનો છોડ ધનદના જોવામાં આવ્યો, એટલે તેણે એ પાંચ રત્નોને પોતાની જાંગ ચીરી તેમાં નાંખી દીધાં અને પછી વ્રણ સંરોહિણીનાં પાંદડાંવડે જાંગને સાજી કરી દીધી. માર્ગમાં આગળ ચાલતાં એક ઉજ્જડ નગર તેના જોવામાં આવ્યું. સુવર્ણદ્વીપમાં જેવું સુંદર નગર હતું તેવું જ આ નગર પણ સુંદર હતું. ધનદકુમાર ગામમાં પેઠો તો ઠેકાણે ઠેકાણે દુકાનો, ઘર વગેરે તદ્દન ઉઘાડાં અને નિર્જન જોવામાં આવ્યાં. છેવટે એક સુંદર મહેલ આવ્યો. ધનદકુમાર મહેલમાં ગયો તો એક રત્નજડિત્ર પલંગ ઉપર એક નવયૌવના બાળાને શોકગ્રસ્ત વદને બેઠેલી જોઇ. આવા ઉજ્જડ ગામમાં આવી સ્વરૂપવતી સ્ત્રી જોઇને ધનદકુમાર તો સ્થમ્ભી ગયો! ધનદ કુમારને જોઈ એ બાળા પલંગપરથી ઉઠી અને એકદમ ધનદ કુમારની સમીપ દોડી આવી. તેને અંતઃપુરમાં લેઈ જઇને સુંદરીએ આસન આપ્યું. ધનદ આસનપર બેઠો એટલે એ સુંદરીએ કોકીલ સરખા મધુર કંઠે પ્રશ્ન કર્યોઃ "હે કિશોર વયના યુવક! તમે આ અત્યંત દુઃખી સ્થળે ક્યાંથી આવી ગયા? મને નથી લાગતું કે તમે અહીંથી જીવતા જઇ શકો. અહીં આવવાની મતિ તમને ક્યાંથી સૂજી?"

"એમ કેમ બોલો છો? શું અહીં કોઇનો ભય છે?"

"હા કુમાર! આ એક રાક્ષસનું ભુવન છે."

"આખો સુવર્ણદ્વીપ નિર્જન કેમ છે? હે કુમારિકા! મને તેનું કારણ કહેશો?"

"હા, શ્રવણ કરો! ભરતક્ષેત્રમાં તિલકપુર નામે એક

નગર હતું. ત્યાં મારો પિતા તિલકસેન રાજા રાજ્ય કરતો હતો. એક વાર આસપાસના સઘળા રાજાઓએ મળીને મારા પિતાને હરાવી મૂક્યો, તેથી મારા પિતાનું હૃદય બહુ દુઃખી થયું. એકદા મારા પિતાનો પૂર્વ ભવનો કોઈ મિત્ર વ્યંતર થએલો તે આવી ચડ્યો. મારા પિતાએ તેને પોતાનું સઘળું દુઃખ નિવેદન કર્યું, પણ તે કાંઈ કરી શકે તેમ ન હતું. દુશ્મનોને હરાવવાની તે વ્યંતરમાં શક્તિ નહોતી, તેથી તેણે મારા પિતાને અને તિલકપુરની વસતીને અહીં લાવીને એક ગામ બાંધી તેમાં રાખ્યાં. આ ગામમાં આવવાનો માર્ગ એક કૂવો છે. તે સિવાય કૂવાની બહાર એક બીજું નગર પણ તે વ્યંતરે બાંધ્યું અને ત્યાં પણ કેટલાક લોકને રાખ્યા. એક વાર અહીં એક રાક્ષસ આવી ચડ્યો. તે ગામના સઘળા માણસોનું ભક્ષણ કરી ગયો પોતાના નીચ હેતુથી માત્ર મને તેણે જીવતી રાખી છે. આ જોઇને કૂવાની બહારના ગામના લોક ભયથી વહાણે બેસીને નાસી ગયા, અને બન્ને નગરો શૂન્ય થઈ ગયાં! દર સાત દિવસે એક વાર એ રાક્ષસ અહીં આવે છે."

આ કથન સાંભળીને ધનદકુમાર બોલ્યોઃ "હે સુશીલે, ધીરજ રાખો. તમે જરાએ ડરશો નહિ. મને એ રાક્ષસનો ભય નથી. એ દુષ્ટનો અવશ્ય હું ઘાત કરીશ."

ધનદકુમારે તિલકસુંદરીની આગતા સ્વાગતાનો સ્વીકાર કર્યો અને તે ત્યાં નિવાસ કરી રહ્યો. રાક્ષસને માર્યા પછી તેને પરણવાનું ધનદે વચન આપ્યું અને બન્ને સુખાનંદમાં નિર્ભયતાથી રહેવા લાગ્યાં.

એવામાં રાક્ષસને આવવાનો દિવસ આવી પહોંચ્યો.

તિલકસુંદરીને હવે ચિન્તા થવા લાગી. તેને વારંવાર એવી શંકા થયાં કરતી હતી કે "શું આ યુવાન્ પુરૂષ એ ઘાતકી રાક્ષસને મારી શકશે?" જે દિવસે રાક્ષસ આવવાનો હતો તે દિવસે પ્રભાત થતાં જ ધનદકુમાર સાવધ થઇને બેઠો. પોતાને જોઇતી સઘળી તૈયારી કરીને તે એ મહેલના એક ખૂણામાં બેસી રહ્યો. દેવીએ આપેલા રત્નના પ્રભાવથી રાક્ષસ કાંઇ તેને જોઇ શકે તેમ નહોતું.

સાંજ પડતાં રાક્ષસ આવી પહોંચ્યો. કૂવામાં પેસતાં જ તેણે જબરી ત્રાડ મારી અને તેથી તિલકસુંદરી ઝબકી ગઇ. ધનદકુમાર સજ્જ થઇ રહ્યો. મહેલમાં આવીને રાક્ષસે પોતાની ખાંધે ઉપાડી આણેલું કોઇ માણસનું મુડદું નીચે પછાડયું! રાક્ષસ ધનદને નહિ જોઇ સકતાં તેની બાજુમાં જ પડેલા એક પાટલા ઉપર બેસી મંત્ર જપવા લાગ્યો. તુરત જ ધનદ તલવાર ખુલ્લી કરીને રાક્ષસની સામે ધસી આવ્યો.

હવે ધનદકુમાર રાક્ષસની દૃષ્ટિએ પડયો. રાક્ષસ તિરસ્કારથી હસીને બોલ્યો: "અરે પામર પ્રાણી! શું તું મારી મશ્કરી કરવાને આવ્યો છે? તારી શક્તિનો અને મારી સક્તિનો જરા વિચાર તો કર?"

ધનદ ગર્વપૂર્વક બોલ્યો: "દુષ્ટ રાક્ષસ! તારી મશ્કરી કરવાને નહિ, પણ આ અબળાને તારા-દુષ્ટના પંજામાંથી છોડાવવા અને તને યમપુરીનો માર્ગ બતાવવાને આવ્યો છું."

ધનદનાં વચનોને મૂર્ખાઇભર્યાં તથા બાલીશ માની તે રાક્ષસ બોલ્યો: "અલ્યા! તું ગાંડો થઇ ગયો છે કે શું? તને શું થયું છે? તારી કીશોર વય જોઇને મને તારા ઉપર

દયા આવે છે ! જાણી જોઇને શામાટે સિંહના મ્હોંમાં હાથ નાંખે છે !”

“ દુષ્ટ ! શુ તું મને નિર્બળ માને છે ?” એમ બોલતાં ધનદે પોતાની તલ્વાર ઉગામી અને જોરથી રાક્ષસપર ઘા કર્યો. તે સાથે જ રાક્ષસનું મસ્તક ઉડી પડયું !

ધનદકુમારનું આ પરાક્રમ જોઇને તથા પોતે રાક્ષસના પંજામાંથી મુક્ત થવાથી ખુશ થઇ ગઇ અને ધનદની કોટે બાઝી પડી. બન્નેએ ત્યાં જ ગાંધર્વ લગ્ન કર્યાં અને એક બીજાની વધતી જતી પ્રીતિનો આસ્વાદ ચાખતાં ત્યાં જ આનંદમાં કાળક્ષેપ કરવા લાગ્યાં.

પરિચ્છેદ ૪ થો.

નવી આપત્તિ.

કેટલાંક દિવસ તે ઉજ્જડ નગરમાં આનંદ વિનોદમાં ગાળ્યા પછી ધનદને પોતાને ઘેર જવાની ઇચ્છા થઇ આવી. તિલકસુંદરીને પણ કુવાની બહારની દુનિયા જોવાની ઇચ્છા થઇ આવી હતી તેથી તેણે પણ ધનદના વિચારને પુષ્ટિ આપી. સાથે કેટલાંક અવનવાં રત્નોનો સંચય લઇને પતિ–પત્નિ બન્ને કુવાની મેખલા ઉપર આવી પહોંચ્યાં.

તે જ દિવસે કોઈ દેવદત્ત નામના સાર્થવાહનું વહાણ ત્યાં આવ્યું હતું. દેવદત્તનાં માણસો બંદર કરીને પાણીની ખોળ કરતાં કરતાં તેજ કૂવે આવી પહોંચ્યાં. પાણી સીંચવાને કૂવામાં

પાત્ર નાંખ્યું, તે તરત જ ધનદે પકડી લીધું. માણસો વિસ્મિત થઇને કૂવામાં નજર નાંખવા લાગ્યાં. માંહેથી ધનદ ઉચ્ચ સ્વરે બોલ્યો: "હુ કૂવામાં પડી ગયો છું, માટે કૃપા કરીને મને બહાર કાઢો." ઉંડા કૂવામાંથી પડઘા સાથે સંભળાતા ધનદના અવાજથી માણસો બ્હી ગયાં. તેમણે દેવદત્ત પાસે જઇને સઘળી વાત કહી. દેવદત્ત આવ્યો અને માંહે દોરી નાંખી ધનદને બહાર ખેંચી કાઢ્યો ધનદને દેવદત્તે પૂછ્યું: "અરે ભલા માણસ! તું શામાટે કૂવામાં પડ્યો હતો? કે તને કોઇએ પાડી નાંખ્યો હતો? આ નિર્જન દ્વીપમાં તારા સિવાય બીજો કોઇ મનુષ્ય અમે જોયો નથી."

ધનદ બોલ્યો: "હુ તમને પાછળથી સઘળું કહીશ; કૂવામાં મારી સ્ત્રી છે તેને એક વાર બહાર કાઢવા દો." એમ કહીને ધનદે દોરડા સાથે માંચી બાંધી કૂવામાં મૂકી અને કેટલાક સરસામાન સાથે તિલકસુંદરી બહાર આવી.

દેવદત્તની વિનતિથી ધનદે પોતાનો વૃત્તાંત કહ્યો: "હુ ભરતક્ષેત્રમાં રહું છું. ધનના ઉપાર્જન અર્થે અમે વહાણમાં બેસી મુસાફરી કરતાં હતાં, એટલામાં વહાણ ભાંગી ગયું અને અમે એક પાટિયાની મદદથી કિનારે આવી પહોંચ્યાં. પાણી માટે શોધ કરતાં કરતાં આ કૂવો જોવામાં આ યો. ત્યાં ઉપર ચડીને જોતાં મારી સ્ત્રીનો પગ લપસી ગયો અને તે માંહે પડી ગઇ. હું પણ તેને કાઢવાને તેની પાછળ પડ્યો, ત્યાં જળદેવી અમારા ઉપર પ્રસન્ન થઇ અને અમને જુદી જુદી જાતનાં રત્નો આપ્યાં. એટલામાં અમારા સદ્ભાગ્યે તમે આવી ચડ્યા અને અમને બહાર કાઢ્યા. અમે તમારા પૂરેપૂરા આભારી છીએ."

દેવદત્તે વિનયપૂર્વક ઉત્તર આપ્યો: "ભાઇ! મનુષ્ય મનુષ્યને મદદ કરે એમાં ઉપકાર ગણાય જ નહિ. આમ તમારૂં કામ કરેલું જોઇને ખુશ થઇએ છીએ. તમારે તમારા દેશમાં આવવું હશે તો અમે તમને તેડી જઇશું. ભલા! માર્ગમાં તમારી સોબતથી અમને અધિક આનંદ થશે."

"તો બહુ જ સારૂં, જો તમે અમને અમારા દેશમાં પહોંચાડશો, તો અમે તમને અમારા ધનમાંથી છઠ્ઠો ભાગ આપીશું." ધનદે કહ્યું. સાર્થવાહ આ સાંભળીને ખુશ થયો અને સૌએ વહાણમાં બેસી વહાણ હંકાર્યાં.

દેવદત્ત સાર્થવાહ ધનદના સમાગમથી બહુ આનંદ પામતો દેખાયો, પણ તેમાં તેની વૃત્તિ પાપિષ્ઠ હતી. તેને ધનદના ધનનો અને તિલકસુંદરીના સૌંદર્યનો લોભ લાગ્યો હતો, અને તેથી તે સઘળી રમતો દાવપેચમાં તથા છળકપટમાં જ રમતો હતો. કેટલાક દહાડા સુધી તો ધનદ અને દેવદત્ત એક બીજાના સમાગમથી આનંદ માનવા લાગ્યા. દેવદત્તના છળની ધનદને ખબર નહોતી. એક રાત્રે દેવદત્તે ધનદને બીજા વહાણમાંથી પોતાના વહાણમાં બોલાવ્યો, બન્ને વહાણો વચ્ચે પાટિયું નાંખવામાં આવ્યું, ધનદ તે પાટિયા ઉપર થઇને આવતો હતો એવામાં દેવદત્તના માણસોએ પાટિયું ઉથલાવી નાંખ્યું અને ધનદ સમુદ્રમાં પડી ગયો!

"કોઇક પડી ગયું! કોઇક પડી ગયું!" કહેતો દેવદત્ત બ્હાવરો બની ગએલો આમ તેમ જોવા લાગ્યો. તેનાં માણસો પણ બૂમો પાડી ઉઠયાં. તિલકસુંદરી પણ બીજા વહાણમાંથી દોડી આવીને જોવા લાગી. છેવટે એવું જાહેર થયું કે ધનદ

કુમાર દેવદત્તના વહાણમાં આવતાં સમુદ્રમાં પાટીયાપરથી ઉથલી પડયો ! આ ખબર સાંભળીને તિલકસુંદરી રોવા-કકળવા લાગી અને દેવદત્ત તથા તેનાં માણસો પણ કૃત્રિમ રીતે રડવા લાગી ગયાં !

દિવસ પછી દિવસ જવા લાગ્યા. તિલકસુંદરીનો વિલાપ ચાલુ જ રહ્યો. ધનદ પડી ગયો તે જ દિવસથી તેણે તો અન્નજળનો ત્યાગ કર્યો હતો. એક દહાડો રાત્રિને સમયે દેવદત્ત તિલકસુંદરીની પાસે આવીને તેને ધીરજ આપવા લાગ્યો: " સુન્દરી ! હવે શોક કરવાનું છોડી દો. મરી ગએલાનો શોક હવે નકામો જ છે. જે થયું તે ન થયું થવાનું નથી ! જેવા વિધિના લેખ ! એમાં આપણે મનુષ્ય શું કરી શકીએ ? માટે ધૈર્ય રાખો. જુઓ, બે દિવસમાં જ તમારૂં શરીર કેવું શોષાઇ ગયું છે ? જરા અન્નજળ લેવા માંડો અને ધનદકુમાર તો ગયા તે કાંઇ પાછા આવવાના નથી, માટે હવે મને અંગીકાર કરીને કૃતાર્થ થાઓ ! આ કોમળ કાયાને નિરર્થક શામાટે સૂકવી નાંખો છો ? "

ભૂખી ભડભડતી વાઘણને ખીજવવાથી તેના મુખમાંથી જેવી ત્રાસજનક ત્રાડ નીકળે તેવી ત્રાડ નાંખતી તિલકસુંદરી બોલી: " દુષ્ટ ! પ્રપંચી ! તેં જ મારા સ્વામીને દરિયામાં પાડી નાંખ્યો જણાય છે ! દુષ્ટ લાલસાવાળા ! તારાં કઠોર વચન મને પુનઃ ન સંભળાવતાં તારૂં કાળું મ્હોં લેઇને ચાલ્યો જા ! ઘાતકી ! તારાં દુષ્ટ કર્મ જ તને બદલો આપશે ! "

તે વખતે તિલકસુંદરીને ક્રોધાયમાન જોઇને દેવદત્ત વધારે કાંઇ ન બોલ્યો. " થોડા દિવસ પછી સમજાવી લેઇશ " એમ

વિચારીને તે પાછો ચાલ્યો ગયો. થોડાએક દિવસ વ્યતીત થયા એટલે પાછો દેવદત્ત તિલકસુંદરીની પાસે આવ્યો. તિલકસુંદરી તેનો હેતુ સમજી ગઇ. તેને ખાત્રી હતી કે દેવીએ આપેલાં રત્નના પ્રભાવથી ધનદ કદી મરવાનો નથી. આ વખતે તે દેવદત્તના કબજામાં હતી, તેથી તેને ક્ષણિક આનંદ પમાડવાને લાલચ આપવાનું તેણે વાજબી માન્યું. છેવટ તિલકસુંદરીએ તેને કહ્યું કેઃ " હવે પછી આવતા નવા બંદરે ત્યાંના રાજાની આજ્ઞા લેઇને તમારૂં વચન માન્ય રાખીશ." દેવદત્ત એટલાથી સંતોષ માનીને ચાલ્યો ગયો.

પરિચ્છેદ ૫ મો.

મત્સ્યોદર કુમાર.

હવે આપણે ધનદકુમાર તરફ જરા નજર ફેરવીશું.

પાટિયું ઉથલી પડ્યું અને ધનદે દેવદત્તનો પ્રપંચ જાણ્યો. **जंचिय विहिणा लिहियं** એ ગાથાનું તેને સ્મરણ થયું, અને અંતરમાં જરા પણ દુઃખ નહિ માનતાં વિધિએ જે સંકટ મોકલ્યું તેનો સ્વીકાર કરી લીધો. તે સમુદ્રમાં પડી ગયો અને દેવદત્તનાં વહાણ ચાલ્યાં ગયાં એટલામાં તરતું એક પાટિયું હાથ લાગી ગયું તેની ઉપર તે ચડી બેઠો. એ એક જ પાટિયા ઉપર બેસીને તરતાં તરતાં પાંચ દિવસ ચાલ્યા ગયા. છઠ્ઠે દહાડે ધનદકુમાર પોતાના ગામની નજીકના કિનારે જઈ પહોંચ્યો. કિનારે એક મોટો મત્સ્ય મ્હોં વિકાસીને પડ્યો હતો તેમાં

ધનદ પાટિયા સાથે તણાઇ ગયો અને મત્સ્યના પેટમાં જઇને અટક્યો.

કષ્ટહારક મણિના પ્રભાવથી મત્સ્ય માછીઓને હાથે પકડાયો. તેઓએ તેને દોરડાં વતી આસપાસ બાંધી વાળ્યો. માછીઓએ મત્સ્યનું પેટ ચીર્યું તો મોટા આશ્ચર્ય સાથે માંહેથી ધનદકુમાર નીકળ્યો. માછીઓએ તેને ન્હવરાવીને રાખ્યો અને મત્સ્યના પેટમાંથી નીકળેલો હોવાથી તેઓ તેને "મત્સ્યોદરકુમાર" કહેવા લાગ્યા. બીજે દિવસે માછીઓએ તેને રાજાની કચેરીમાં હાજર કર્યો તથા મત્સ્યના પેટમાંથી તે નીકળ્યો હોવાની સઘળી વાત નિવેદન કરી.

ધનદને રાજાએ પૂછ્યું: "હે સુકોમળ કુમાર! તમારી આવી કોમળ કાયા મત્સ્યના પેટમાં રહેવાનું દુઃખ કેવી રીતે સહન કરી શકી?"

"રાજન્!" ધનદે ઉત્તર આપ્યો: "અનંતા કર્મથી બંધાએલો જીવ કદી છૂટી શકતો નથી. તે તો હમેશાં બેડીમાં જડાએલો જ રહે છે. મેં પણ એવાં કર્મો કર્યાં હશે અને તેથી મારે મત્સ્યના પેટમાં નરકવાસ ભોગવવો પડ્યો! મેં અનેક સુખ દુઃખના વિપાક ભોગવ્યા છે તેનું વર્ણન કરવા બેસું તો પાર આવે તેમ નથી; તોપણ સંક્ષેપમાં સાંભળો. ધન કમાવાને અર્થે કેટલાંક વહાણો લેઇને હું મારે દેશથી નીકળ્યો હતો. એટલામાં કમાઇને પાછા આવતાં વહાણ ભાંગી ગયું અને એક પાટિયાની મદદથી તરતો તરતો કિનારે આવી લાગ્યો. કિનારે અજાણતાં હું મત્સ્યના પેટમાં ઘસડાઇ ગયો."

રાજાને તે કોઇ મોટો, તેજસ્વી અને વિદ્વાન પુરૂષ લાગ્યો,

તેથી માન સન્માન આપી પોતાના દરબારમાં રાખ્યો અને પોતાનો હજુરી બનાવ્યો. તે સમયથી તેને સૌ કોઇ મત્સ્યોદર કુમારને નામે બોલાવવા લાગ્યા.

એવામાં કેટલેક દહાડે પેલો સુદત્ત નામનો સાર્થવાહ કે જેણે ધનદને કૂવામાં પાડી દઈ તેનાં રત્નો તથા સોનાની ઈંટો લેઇ લીધી હતી, તે ત્યાં આવી ચડ્યો. તેનાં વહાણ બંદરમાં આવતાં જ તોપના અવાજ થયા. સુદત્ત સાર્થવાહ રાજાની કચેરીમાં નજરાણું મૂકવા આવ્યો તે વખતે તેણે મત્સ્યોદર કુમારને ઓળખ્યો અને મત્સ્યોદરે તેને પણ ઓળખ્યો. મત્સ્યોદર સુદત્તને જોઇને ખુશ થયો, ત્યારે સુદત્તના મનમાં ઉંડો ધ્રાસ્કો પડ્યો ! નજરાણું ભેટ કરીને સુદત્ત પાછો પોતાના વહાણપર ગયો પણ તેને ચેન પડ્યું નહિ. મત્સ્યોદર વિષેની હકીકત ગામનાં માણસોને પૂછી જોતાં તેઓએ કહ્યું કે તે તો રાજાજીનો જમણો હાથ છે અને રાજાજી તેનું માન બહુ સાચવે છે. સુદત્તને લાગ્યું કે હવે તે કદી પોતાનું વૈર વાળ્યા વિના રહેવાનો નથી.

તે જ ગામમાં હલકી જાતનો ગીતરતિ નામનો ગવૈયો રહેતો હતો, તે સુદત્તને કોઈ મોટો શાહુકાર માનીને તેની પાસે ગાયન કરવા આવ્યો. ગાયન સાંભળીને સુદત્ત ખુશ થયો. તેણે તે ગવૈયાને એક બાજુએ બોલાવીને કહ્યું: "જો તું રાજાના મંત્રી જે મત્સ્યોદર કુમાર છે તેને 'ભાઇ' કહીને બોલાવે અને તેના પર રાજાની અપ્રીતિ થાય તેમ કર, તો હું તને કહે એટલું ધન આપું." ગીતરતિ હલકી જાતનો હતો, તેથી ધન મેળવવાના લોભથી તે લોભાઈ ગયો. એ

મોટા જોખમવાળું કામ બજાવવાનું પણ તેણે માથે લીધું. મુદ્દત્તે તેને સોનાની એક ઈંટ આપી એટલે ગીતરતિ તો ખુશ ખુશ થઇ ગયો.

બીજે દિવસે કચેરી ભરાઈ. સામન્તો, ઉમરાવો, સરદારો વગેરે પોતપોતાને આસને બેઠા હતા, તે વખતે ગીતરતિ ગવૈયો ગાયન કરવાને આવ્યો. કચેરીની બહાર કેટલેક દૂર ઊભા રહીને તે મધુર સ્વરે ગાયન કરવા લાગ્યો. રાજા અને સભાસદોનાં મન તેનાં ગાયન સાંભળીને રંજન થયાં અને રાજાએ ગીતરતિને અનેક હીરા માણેકની બક્ષીસો આપવા માંડી, પણ ગીતરતિએ તે લેવાની ના કહી. રાજાએ એથી આશ્ચર્ય પામીને પૂછ્યું: "હે ગાયક! તું આવાં મૂલ્યવાન્ હીરા-માણેક લેતો નથી, ત્યારે તારે શું જોઇએ છે?"

ગીતરતિ બોલ્યો: "હે મહારાજા! આપના પુણ્યપ્રતાપે મારે ત્યાં હીરામાણેક તો છે, પણ આપના સભાસદોને હમેશાં આ મત્સ્યોદર કુમારને હાથે પાનનું બીડું આપવામાં આવે છે, તેવું પાનનું બીડું મેં કોઇ દિવસ ખાધું નથી, તો આજે તો મને તે બીડું અપાવો!"

"બસ, એ જ તને જોઇએ છે? અહો! એમાં શું? મત્સ્યોદર કુમાર! એને એક પાનબીડું આપો!"

હલકા માણસને મોટા ઉમરાવના જેવા માનનું સૂચક બીડું આપવું એ મત્સ્યોદર કુમારને વાજબી લાગ્યું નહિ: પરન્તુ રાજાની આજ્ઞા થઇ એટલે તેને માન આપ્યા વિના ચાલ્યું નહિ. પોતાના હાથમાં પાનનું બીડું લેઇને મત્સ્યોદર તે ગવૈયાને આપવા ગયો. મત્સ્યોદરને પાસે આવેલો જોતાં જ

ગીતરતિ તેને કંઠે બાઝી પડ્યો અને રોઇ પડ્યો! આ જોઇને સભાસદો અને રાજા આશ્ચર્ય પામી ગયા. ગીતરતિ બોલવા લાગ્યો: "અરે વ્હાલા ભાઇ! તું આજસુધી ક્યાં ગયો હતો? અરેરે! એટલામાં તે રીસાઇ જવાય? તું એમ કર તો મારાથી જીવી શકાય જ કેમ, ભાઇ? આટલા દહાડા તું ક્યાં ભરાઇ બેઠો હતો? ચાલ, તું હવે ઘેર ચાલ. આજ ઘણે દહાડે મારા સદ્‌ભાગ્યે તું આવી ચડ્યો છે. હવે હું તને ક્યાંય નહિ જવા દઉં!"

ગીતરતિના શબ્દો સાંભળી આખી સભા દિઙ્મૂઢ થઇ ગઇ. નીચ જાતિના મત્સ્યોદરે આખી સભાને વટલાવી, એ જોઇને બધા સભાસદો તેના તરફ તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોવા લાગ્યા.

રાજાએ પૂછ્યુ: "મત્સ્યોદર કુમાર! આ ગવૈયો શું કહે છે?"

મત્સ્યોદર બોલ્યો: "મહારાજ! તે બધું ખરૂં કહે છે. હું તેનો ભાઇ છું એ વાત ખરી છે. સાંભળો મહારાજ! મારો અને એનો પિતા એક હતો પણ માતાઓ જૂદી જૂદી હતી. આ ગીતરતિની મા તે મારા પિતાની માનીતી સ્ત્રી હતી અને મારી મા અણમાનીતી સ્ત્રી હતી. એક વાર રમતો જોઇને મારા પર મારા પિતાને દયા આવી અને કોઈ મુશ્કેલીને પ્રસંગે મને કામ લાગે તેવા હેતુથી મારી જંઘા છેદીને તેમાં પાંચ કિંમતી રત્નો ઘાલ્યાં, અને આ ગીતરતિ મારા પિતાની માનીતી સ્ત્રીનો પુત્ર હોવાથી તેના અવયવે અવયવે રત્નો ઘાલ્યાં. હું આ સાચું જ કહું છું અને તેની જો ખાત્રી કરવી હોય તો જુઓ." એમ કહેતાં જ મત્સ્યોદરે પોતાની જંઘા કાપી અને તેમાં દેવીએ આપેલાં પાંચ રત્નો નાંખ્યાં હતાં તે તેમાંથી કાઢી રાજાને બતાવ્યાં.

રાજાની ખાત્રી થઇ અને સેવકોને હુકમ કર્યો કે "ગીત-રતિનાં અવયવો છેદીને તેમાંથી રત્નો કાઢીને મને બતાવો."

ગીતરતિ તો આ જહાંગીરી હુકમ સાંભળીને થરથર ધ્રુજવા લાગ્યો. પોકળ પકડાઇ ગયું. દમ્ભ ખુલ્લો પડયો અને સુદત્તના કહેવાથી પોતે આમ કર્યું હતું એમ તે માની ગયો!"

મત્સ્યોદરે કળાથી પોતાનો બચાવ કર્યો અને તેમાંથી સુદત્તનું પોકળ પણ પકડાઈ ગયું. મત્સ્યોદર કુમારે રાજાને કહ્યું: "મહારાજ! એ સુદત્ત સાર્થવાહ મારી આઠ હજાર સોનાની ઈંટો અને સોળ હજાર રત્નો લેઇ ગએલો છે. સોનાની દરેક ઇંટ ઉપર મારૂં નામ પણ છે."

રાજાએ તુરત જ સુદત્તને પકડી બોલાવવાની આજ્ઞા કરી. રાજસેવકો સત્વર ગયા અને સુદત્તને તેડી લાવ્યા. ગીતરતિને ત્યાંથી સોનાની ઇંટ મંગાવી. ઇંટની રચના એવી હતી કે દરેક ઈંટ બેવડી બનાવવામાં આવી હતી. એક ઈંટપર 'ધનદકુમાર' એવું નામ લખી પછી તેનાપર બીજી ઇંટ જોડી દેવામાં આવી હતી. સુવર્ણદ્વીપમાં સઘળી ઇંટો ધનદકુમારે એવા પ્રકારની જ બનાવી હતી. રાજાએ તેને તોડાવી તો માંહેથી ધનદકુમારનું નામ નીકળ્યું.

મત્સ્યોદરે કહ્યું: "મહારાજ! મારૂં ખરૂં નામ ધનદકુમાર છે."

રાજાની હવે ખાત્રી થઇ. સુદત્તને અને ગીતરતિને ફાંસીને લાકડે લટકાવવાનો હુકમ કર્યો. મત્સ્યોદરે રાજાને પગે પડીને કહ્યું: "મહારાજ! તેમ ન કરો! ગમે તેમ તોપણ તેમણે મારા પર ઉપકાર કર્યો છે. કૃપા કરીને તેમને છૂટા કરો!"

મત્સ્યોદરની વિનતિથી બન્નેને જીવતા છોડી મેલવામાં આવ્યા, અને મત્સ્યોદરનો માલ સુદત્ત પાસેથી લેઇને તેને સોંપવામાં આવ્યો. સજ્જન તે સજ્જન જ!

પરિચ્છેદ ૬ ઠો.

શુદ્ધ-પ્રત્યાગમન.

મત્સ્યોદર કુમારે પોતાનાં વીતકની યથાસ્થિત કથા રાજાને કહી સંભળાવી. રત્નસાર શેઠ પણ તે જ ગામમાં રહેતા હતા એટલે રાજાએ પણ તેને ઓળખ્યો. ત્યારપછી કેટલેક દહાડે દેવદત્ત સાર્થવાહ તિલકસુંદરી સહિત તે જ નગરમાં આવી ચડયો. તેની ઇચ્છા રાજાની આજ્ઞા લેઇને તિલકસુંદરીને પરણવાની હતી. તિલકસુંદરીને લેઇને દેવદત્ત રાજકચેરીમાં ગયો. ધનદકુમારે તેને ઓળખી લીધો પણ તે કાંઇ બોલ્યો નહિ. રાજાને તેણે દેવદત્તની અને પોતાની સ્ત્રીની ગુપ્ત રીતે ઓળખાણ પાડી દીધી.

રાજાએ દેવદત્તના ખબર અંતર પૂછયા. દેવદત્તે જવાબમાં જણાવ્યું: "મહારાજ! હું સાર્થવાહ છું. એક નિર્જન સ્થળે મેં બંદર કર્યું ત્યાં આ સ્ત્રી મારા જોવામાં આવી. તે ત્યાં આમ તેમ નગ્ન ભટકતી હતી, એટલે મેં તેને વસ્ત્રાભૂષણ પહેરાવીને મારા વહાણમાં રાખી. હું એને પરણવાની ઇચ્છા રાખું છું, તો કૃપા કરીને આપ તે બાબત અનુમતિ આપવા કૃપા કરશો."

રાજા દેવદત્તનું આ તરકટ જોઇને એકદમ ગુસ્સે થઇ ગયો, પણ તે ગુસ્સો તેણે બહાર જણાવ્યો નહિ. તેણે કહ્યું: "ભલે, તે સ્ત્રી પોતે તમારી સાથે લગ્ન કરવાને ખુશ હોય, તો મારે તેમાં અનુમતિ આપવાને કશો વાંધો નથી."

તિલકસુંદરી એકાએક બોલી ઉઠી: "મહારાજ! તમારા જેવા ન્યાયી રાજાના મુખમાં આવા શબ્દો શોભતા નથી. એક અનાથ સ્ત્રીને પારકા હાથમાં સોંપવી તે તમને લાયક નથી. એ સાર્થવાહ દુષ્ટ છે. તેણે સઘળું જૂઠું કહ્યું છે. તે દુષ્ટે મારા પતિને તેના વહાણમાંથી દરિયામાં પાડી દઇને દ્રોહ કર્યો છે અને હવે તે દુષ્ટ મને પરણવાની ઇચ્છા રાખે છે! મહારાજા! કૃપા કરીને એ દુષ્ટના હાથમાં મૂકી મને અન્યાય નહિ આપશો!"

આ શબ્દો સાંભળી રાજાએ પોતાનો ગુસ્સો પ્રકટ કર્યો. દેવદત્તને તેણે તિરસ્કારી કાઢ્યો અને તિલકસુંદરીને ધીરજ આપી. તિલકસુંદરીએ કહ્યું: "મહારાજ! આજસુધી મેં મારૂં શીલરત્ન મોટી મુશ્કેલીથી સાચવી રાખ્યું છે. સ્ત્રીએ પતિવિના જીવવું તે યોગ્ય નથી, માટે હવે મને આપ અગ્નિમાં પ્રવેશ કરવાની રજા આપો."

રાજાએ કહ્યું: "હે સ્ત્રી! તું સાહસ ન કર! હું તને તારો પ્રિયતમ બતાવીશ."

તિલકસુંદરી બોલી: "હે પૃથ્વીપતિ! તમારા જેવા મોટા માણસના મુખમાં હું અનાથની આવી મશ્કરીના શબ્દો શોભતા નથી, માટે તુરત મને અગ્નિપ્રવેશ કરવાની આજ્ઞા આપો."

"હે સુંદરી! તું મારી પુત્રી તુલ્ય છે. હું તારી મશ્કરી

કરતો નથી, પણ સત્ય જ કહું છું." એમ કહી રાજાએ ધનદને પાન વહેંચવાનો હુકમ ફરમાવ્યો. તિલકસુંદરીએ તેને ઓળખી લીધો પણ એટલાથી તેની ખાત્રી થઇ નહિ.

તિલકસુંદરી સાથે ધનદે કેવી રીતે લગ્ન કર્યું, રાક્ષસને કેવી રીતે માર્યો, કૂવાગાંથી કેવી રીતે બહાર આવ્યાં, એ સઘળી વાત ધનદે રાજાને કહી સંભળાવી અને તિલકસુંદરીએ તે સાંભળી એટલે તેની ખાત્રી થઇ. પતિ-પત્ની મળ્યાં. વિરહનો અંત આવ્યો. ઉભયની આંખો પ્રેમાશ્રુથી ભિંજાઇ ગઈ!

ધનદકુમારનો વિચિત્ર ઇતિહાસ જાણીને ગામના લોકોમાં એક જુદી જ તરેહનું આશ્ચર્ય ફેલાયું હતું. જ્યાં ત્યાં તેની જ વાતો થતી હતી. બાળ, યુવા અને વૃદ્ધ સૌ તેનાં જ પરાક્રમોની વાતો કરતાં હતાં.

* * * * *

એક દહાડો ધનદકુમાર રત્નસાર શેઠને ઘેર આવ્યો. રાજાનો મંત્રી હોવાથી રત્નસારે તેનું સારી પેઠે સન્માન કર્યું. શેઠને દુર્બળ પડી ગએલા જોઇને ધનદે પૂછ્યું: "શેઠ! તમે કેમ દુબળા દેખાઓ છો? તમારા હૃદયમાં કાંઈ ચિન્તા છે કે શું?"

ધનદનું વદન જોઇને અને તેનાં મિષ્ટવચનો સાંભળીને શેઠને પોતાનો પુત્ર સાંભરી આવ્યો. આંખમાં પાણી ભરાઇ આવ્યું. ધનદ બોલ્યો: "શેઠ! તમે કેમ મારા શબ્દો સાંભળીને દિલગીર થઈ ગયા? શું તમને માઠું લાગ્યું? કે તમારા અંતરમાં કાંઇ ગુપ્ત દુઃખ છે?"

શેઠ બોલ્યાઃ "મહારાજ! મારો એકનો એક પુત્ર રીસાઇ ગયો છે, અને તમને જોતાંજ તે મને સાંભરી આવ્યો."

પોતાને માટે પિતાની કોમળ લાગણી છે એમ ધનદને આ ઉપરથી સ્પષ્ટ સમજાયું, અને તેથી પિતાને વધારે દિલગીર ન થવા દેતાં પોતાની ઓળખાણ આપી. શેઠ હર્ષથી અર્ધમૂર્છિત જેવા થઇ ગયા. રત્નચૂલા પણ પુત્રને જોઇને આનંદથી ઘેલી બની. રત્નસારે એ સુભગ દમ્પતીને રાજદરબારમાંથી ઘેર લાવવા માટે મોટા ઠાઠમાઠથી સામૈયું કર્યું.

દરબારમાંથી હાથીની સ્વારી ચડી. સાથે રાજા, રાજકુમાર, પટાવતો, સામન્તો અને બીજા અસંખ્ય માણસો રત્નસાર શેઠને ઘેર આવ્યા. સ્વારી ઘર આગળ ઉતરતાં રત્નચૂલાએ દમ્પતીને અને રાજકુટુંબને પુષ્પે વધાવ્યાં અને સૌને પુષ્પના ગજર આપી તેમનું સન્માન કર્યું. એવામાં એક ભયંકર અકસ્માત્ થયો! રાજકુંવરને આપેલા પુષ્પના ગજરામાં એક સુગંધ લોલુપી સર્પ ભરાઇ ગયો હતો તે એકાએક રાજકુંવરને કરડયો! રંગમાં ભંગ પડયો! સૌ લોકો ચિંતામાં પડયા. રાજકુંવર સર્પદંશના વિષથી મૂર્છિત થઇ ગયો. ગારૂડીઓને બોલાવીને તેમની પાસે વિષનિવારણના પ્રયોગો કરાવ્યા પરન્તુ તેમને સફળતા મળી નહિ. એવામાં ધનદને દેવીએ આપેલાં રત્નો સાંભર્યાં અને તેમાંના વિષનાશક રત્નવડે રાજકુંવરને તેણે સાજો કર્યો. વચ્ચે તૂટેલો આનંદનો પ્રવાહ પુનઃ ચાલુ થયો અને સૌ આનંદ પામ્યા.

*　　*　　*　　*

રાજકુંવર ઉપર કરેલા ઉપકારથી **ધનદકુમાર** સૌને વિશેષ પ્રિય થઇ પડયો. એક દિવસે શહેરના કોઇ શાહુકારની પુત્રી રાજકુંવરના જોવામાં આવી. તેનું નામ **શ્રીષેણા** હતું. રાજકુંવર તેના ઉપર મોહિત થયો અને તેની સાથે લગ્ન કરવાની પ્રબળ ઇચ્છા તેના ચિત્તમાં ઉદ્‌ભવી. તેણે પોતાની ઇચ્છા ધનદને જણાવી, અને ધનદે તે રાજાને કહી. રાજાએ તે કુમારિકાના પિતા પાસે તેની માંગણી કરી, પણ કુમારિકાએ પોતે કુંવરને પરણવાની સ્પષ્ટ ના કહી.

ઇચ્છાની પૂર્તિમાં વિક્ષેપ આવી પડયો. રાજકુંવર **શ્રીષેણા**ના વિરહથી દુઃખી થવા લાગ્યો, ત્યારે **શ્રીષેણા** તેને ગણકારતી પણ નહોતી. છેવટે **ધનદકુમારે** વચ્ચે પડીને દેવીએ આપેલા સૌભાગ્યદાયક રત્નના પ્રભાવથી બન્નેનું મન એકસરખી પ્રણયી સ્થિતિમાં લાવી મૂકયું એટલે લગ્ન કરવામાં રહેતો અંતરાય દૂર થઇ ગયો. એકદા રાજાને મસ્તકમાં અસહ્ય વેદના થઇ આવી કોઇ દવાથી આરામ ન થયો ત્યારે **ધનદકુમારે** રોગનિવારક રત્નના પ્રભાવથી વેદના દૂર કરી. આવા અલૌકિક ગુણવાળાં રત્નોવડે **ધનદકુમાર** જ્યાં ત્યાં વિશેષ સન્માન પામવા લાગ્યો.

એક સમયે **શીલંધર** નામના કોઇ મુનિરાજ તેજ નગરમાં આવી ચડયા. **ધનદકુમાર** તેમને સહર્ષ વંદના કરવા ગયો. ત્યાં મુનિરાજ " સાગાર અને અણગાર " ધર્મનો બોધ આપતા હતા. એ બોધમાં **મહણાક** નામના કોઈ વ્યવહારીની કથા આવી. **મહણાક**ને ત્યાં એક વાર કોઇ મુનિરાજ પધાર્યા. **મહણાકે** મુનિરાજને પ્રતિલાભ્યા, પણ તેના ફળને માટે મનમાં

સંદેહ રાખ્યો. વળી તેમનું મેલું શરીર જોઇને તેમની દુગંછા કરી. છેવટે પોતે આમ વિચારવામાં મોટું પાપ કર્મ કર્યું છે એમ માનીને કીધેલાં કર્મના પશ્ચાત્તાપ કર્યો. આથી મહણાક ભુવનપતિની ઋદ્ધિને પામ્યો. ત્યાંથી ચવીને સંસારમાં તે ધનદકુમાર થયો. કલંકવાળા મનથી ધર્મકરણી કરવાથી દુઃખમિશ્રિત સુખ પમાય છે, એવું દષ્ટાંત ધનદકુમારે પોતાને યથોચિત લાગુ પડતું જોયું, એટલે તુરત જ તેને "જાતિ સ્મરણ" જ્ઞાન ઉત્પન્ન થયું.

મુનિરાજના ઉપદેશથી બુઝીને ધનદકુમારે ઉર્ફે મત્સ્યોદર કુમારે માતાપિતાની આજ્ઞા લેઇને સંસાર તરવાના સાધનરૂપ સંયમને અંગીકાર કર્યો.

સારાંશ અને બોધ.

આ કથાના મુખ્ય નાયક ધનદકુમાર ઉર્ફે મત્સ્યોદર કુમારનું જીવન અનેક આપત્તિઓથી ગ્રસ્ત થયેલું આલેખવામાં આવ્યું છે. પણ તે દરેક આપત્તિ થોડા જ વખતમાં સંપત્તિરૂપમાં બદલાયેલી જણાવવામાં આવી છે. ખુબીભરેલું તો એ છે કે ધનદ કુમારની માનસિક સ્થિતિ જેવી સંપત્તિના વખતમાં રહેતી તેવી જ આપત્તિના વખતમાં પણ રહેલી જણાઇ છે. તે પ્રભાવ '**जं चिय विहिणा लिहियं**' એ વાક્યનો છે. જે ગાથા તેણે એક હજાર સોનૈયાની કિમ્મતથી વેચાતી લીધી તે તેને આપત્તિના વખતમાં ધીરજ આપવાને એટલી બધી કામે લાગી કે લાખો સોનૈયા કરતાં પણ વધારે કિમ્મતની તે થઇ પડી. જૈન શાસ્ત્રમાં વર્ણવેલ કર્મપ્રકૃતિઓનું જ્ઞાન

શ્રદ્ધાપૂર્વક સારી રીતે મેળવવામાં આવે તો આપત્તિ અને સંકટના વખતમાં માણસને ઘણો દિલાસો મળી શકે. ઉત્તરાધ્ય-યનના વીશમા અધ્યયનમાં અનાથી મુનિએ બતાવેલો સુખ દુઃખનો ખુલાસો આ પ્રસંગે અસ્થાને નહિ ગણાય.

अप्पा कत्ता विकत्ताय । दुहाणय सुहाणय ॥
अप्पा मित्तममित्तं च । दुप्पट्टियं सुपट्टिओ ॥१॥
अप्पा नइ वेयरणी । अप्पा मे कुड सामली ॥
अप्पा कामदुहा धेणु । अप्पा मे नंदणं वणं ॥२॥

અર્થ—સુખ અને દુઃખનો કર્તા બીજો કોઇ નથી પણ આત્મા પોતેજ છે. પોતેજ પોતાનો મિત્ર છે અને પોતેજ પોતાનો દુસ્મન છે. નરકમાંની વેતરણી નદી અને શાલ્મલી વૃક્ષ આત્મા પોતેજ છે અને કામદુધા ગાય કે નંદનવન તે પણ આત્મા પોતેજ છે. સુકૃત્યમાં યોજાયેલો હોય તો સુખોત્પાદક બને છે અને દુષ્કૃત્યમાં યોજાયેલો હોય તો દુઃખનો સાધક થાય છે. વર્તમાનનાં સુખ દુઃખ—ભૂતકાળનાં કૃત્યોનું પરિણામ ભવિષ્યના સુખ દુઃખમાં પરિણત થશે. અજ્ઞ મનુષ્ય પોતાનાં જ પૂર્વ કૃત્યોનું ફળ ભોગવતાં અધીરો બની હાય વોય કરે છે તો વ-ર્તમાનના દુઃખમાં વધારો કરવાની સાથે આર્ત ધ્યાનથી બીજા એવાં કર્મો બાંધે છે કે જેનું પરિણામ ભવિષ્યમાં ભોગવવું પડશે. ત્યારે બીજા હાથપર ધનદકુમાર જેવા સુજ્ઞ મનુષ્ય વર્તમાનનાં દુઃખ સંકટને પોતાનાં પૂર્વકૃત્યનું ફળ સમજી ધીરજથી—શાંતિથી સહન કરે છે, તો વર્તમાનમાં શાંતિથી આપત્તિ ઉલ્લંઘે છે અને ભવિષ્યના કર્મરૂપ કરજથી મુક્ત થાય છે.

યાદ રાખવું જોઇએ કે વિધિના લેખનો સિદ્ધાંત માત્ર

આપત્તિ અને દુઃખની સામે ધીરજથી ટટાર થવાના ઉપયોગમાં જ કામે લગાડવાનો છે, નહિ કે હાથ જોડી બેસી રહેવામાં કે આળસુ બનવામાં. ધનદકુમાર વિધિના લેખ ઉપર આધાર રાખી ઉદ્યમ ન કરતાં બેસી રહ્યો હોત તો આપત્તિને સંપત્તિના રૂપમાં બદલાવવાને સમર્થ થયો ન હોત. પણ તેણે આપત્તિ ખમવામાં જેમ વિધિના લેખનો સિદ્ધાંત વારંવાર યાદ કર્યો, તેમ તે આપત્તિને દૂર કરવામાં પુરૂપાર્થના સિદ્ધાંતને કોરાણે મુકી દીધો નહોતો. અલબત્ત, પૂર્વના પુરૂષાર્થજન્ય પુણ્યના બળને લીધે તેને પ્રયત્નની થોડી જરૂર પડી, પણ તે દરેકને પાલવી શકે નહિ. પૂર્વનો પુરૂષાર્થ કાચો હોય તેને વર્તમાનમાં વિશેષ પુરૂષાર્થની જરૂરીયાત વગર ચાલે તેમ નથી. ટુંકામાં કર્મ અને પુરૂષાર્થને યોગ્ય રીતે યોજવાથી સુસ્થિતિ સધાય છે. પુણ્યશાળી ધનદકુમારની પૂર્વની કરણીમાં થોડી ખામી રહી તેથી તેને વારંવાર આપત્તિના વાદળમાંથી પસાર થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો એમ જાણીને વાંચકોને જો સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો શંકા વગર શ્રદ્ધાપૂર્વક પુણ્ય ધર્મ યા સુકૃત્યો કરવાં કે જેથી દુઃખ દૂર થવાની સાથે સુખનું સાંનિધ્ય થાય. બીજી તરફ ધન અથવા સ્ત્રીના લોભને લીધે ધનદકુમારને ફસાવનાર સુદત્ત–દેવદત્ત સાર્થવાહ અને ગીતરતિ ગવૈયાની સ્વાર્થ અંધતાવાળી સીમા વગરની દુષ્ટતા દર્શાવવામાં આવી છે. પણ તે દુષ્ટતાનું દુષ્પરિણામ મેળવવામાં વધારે વખત વ્યતીત થયો નથી. ખાડો ખોદે તે ખાડામાં પડે, કરે તેવું ભરે, એ કહેવતને અનુસારે ત્રણે દુષ્ટોને દુષ્કૃત્યના બદલા તરીકે સખ્ત સજા ભોગવવી પડી છે, તે લક્ષ્યમાં રાખી દરેક સુજ્ઞ મનુષ્યે આવી દુષ્ટતાથી દૂર રહેવું.

ધનદકુમારે પોતાને ફસાવનાર દુશ્મનોને પણ ફાંસીની સજા-
માંથી છોડાવ્યા, અપકારનો બદલો ઉપકારમાં વાળ્યો. ખરેખર, સજ્જન પુરૂષો મિત્રોની માફક દુશ્મનો તરફ પણ સજ્જનતા બતાવ્યા વિના રહેતા નથી. સજ્જનો એમ ધારે છે કે "To err is human, but to forgive is divine" અર્થાત્ ભૂલ થવી એ માણસનો ગુણ છે ત્યારે માફ કરવું-ક્ષમા રાખવી તે દેવાંશી ગુણ છે. અપકાર કરતાં ઉપકાર સામાની ભૂલ સુધાર ાનો સરસ ઉપાય છે. માટે દરેકનો ઉપકાર કરવો એમાં જ માણસની માણસાઇ સમાયલી છે.

અમર કુમાર.

પ્રકરણ ૧ લું.

શ્રેણીક રાજાની ચિત્રશાળા.

સદ્ધર્મનિષ્ઠા યદિ ભૂપતિની,
તદા પમાયે પ્રિયતા પ્રજાની.

* * * *

આર્ય પ્રજાને પ્રાણથી પણ અધિક વ્હાલી આ ભરત-ભૂમિમાં પૂર્વે રાજગ્રહ નામે નગર હતું. નગર ભરતખંડની મધ્યમાં આવેલું હોવાથી જોકે સામુદ્રિક વ્યાવહારચાલતો નહોતો તોપણ

વ્યાપાર સંતોષકારક હોવાને લીધે લોકોની આર્થિક સ્થિતિ ઉત્તમ પ્રકારની હતી. પ્રજા બહુધા ધર્મિષ્ટ હતી અને તેમાં મોટો ભાગ જિનપ્રરૂપિત જૈન ધર્મને માનનારો હતો. પ્રજાની સુખવૃત્તિ બહુધા તેની ધર્મવૃત્તિ ઉપર આધાર રાખનારી પણ હતી. રાજગ્રહ એક મોટું નગર હતું અને તેના તાબામાં બીજાં અનેક નાનાં મોટાં ગામો આવેલાં હતાં. રાજગ્રહનું સૃષ્ટિસૌંદર્ય અતિ મનોરમ હતું અને તેથી અનેક કવિતારસિકો અને સૌંદર્યપિપાસુઓને ત્યાં વસવાનું મન થતું. તેની મોટી મોટી હવેલી અને અનેક પુષ્પવાટિકાઓથી દૂરથી પણ નગર બહુ રળીઆમણું લાગતું હતું. પ્રવાસીઓ પણ આ સુંદર નગરમાં બે દિવસ રોકાઈ જઈને તેના આહ્લાદમાં ભાગ લેતા.

આવા આ રાજગ્રહ નામે નગરમાં શ્રેણીક નામે રાજા રાજ્ય કરતો હતો. જોકે પ્રજાપાલનપદ્ધતિ આ રાજા સારી રીતે જાણતો હતો અને ગરીબ તેમજ શ્રીમંતોને એક ત્રાજવે તોળી તેઓને યોગ્ય ન્યાય આપતો હતો, તથાપિ પ્રજાને અસંતોષ પામવાનું એક કારણ હતું. આ કારણ એ હતું કે રાજાની ધર્મવૃત્તિ યથેચ્છ નહોતી અને તે બહુવાર હિંસાદિ કાર્યોમાં પ્રવૃત્ત થતો હોવાને લીધે જૈન ધર્મી તેમજ અન્ય પ્રજાને અત્યંત દુઃખ થતું હતું. શ્રેણીક રાજા જૈન ધર્મ અંગીકાર કરે તે માટે અનેક જૈન ધર્મગુરૂઓએ પ્રયત્ન કર્યો હતો, પરન્તુ હજી તેનાપર એ ધર્મનો રંગ ચડવા પામ્યો નહોતો. પ્રજા પૂર્ણ રીતે સુખી અને સંતોષી હોવા છતાં રાજાની મિથ્યામતિ સંબંધી તેનો અફસોસ ચાલુ રહ્યાં કરતો હતો.

નગરની બાંધણી પ્રાચીન સમયની અને શોભામાં વૃદ્ધિ

કરે તેવી હતી. કોટ કિલ્લા મજબૂત હતા તેથી ચોર, લુંટારા, ધાડપાડુઓ કે નજીકના કોઇ શત્રુ રાજ્યોની ભીતિથી પ્રજા વિમુક્ત રહેતી. આવાં આવાં કારણોથી રાજગ્રહની વસતી દિવસે દિવસે વધતી જતી હતી અને જેમ જેમ વસતી વધતી તેમ તેમ વ્યાપાર-ઉદ્યોગ અને આબાદીમાં પણ વધારો થતો જતો હતો. રાજગ્રહ નગરી આવી રીતે પોતાનો વહીવટ સુખે ચલાવતી હતી તેવામાં શ્રેણીક રાજાએ એક ચિત્રશાળા બાંધવાનું કામ શરૂ કર્યું. તેને માટે અનેક શિલ્પ શાસ્ત્રીઓને, અનેક ચિત્રકામ કરનારાઓને, અનેક કડિયા મજૂરો અને કારીગરોને દેશપરદેશથી બોલાવવામાં આવ્યા. ચિત્રશાળાને માટે પૃથક્ પૃથક્ જાતિનાં કોતરકામ કરવાનાં સાહિત્યો, રંગ કરવાનાં સાહિત્યો, રંગો, પત્થરો અને એવી અનેક તરેહની સામગ્રી તૈયાર થવા માંડી. ધનની પણ રેલમછેલ થવા લાગી. સારૂં મુહુર્ત જોષીઓ પાસે જોવડાવીને ચિત્રશાળા બાંધવાનું કામ શરૂ પણ કરવામાં આવ્યું. રોજ ત્રણ ત્રણ વાર શ્રેણીક રાજા ચિત્રશાળાની બાંધણીનું કામ જોવા આવતો અને મનમાં મગ્ન થતો. ચિત્રશાળાના કામમાં તે એટલો મોહમુગ્ધ બની ગયો હતો કે તેને રાત્રે સ્વપ્નાં પણ ચિત્રશાળાનાં જ આવતાં. તે એટલું પણ સમજતો નહોતો કે "હું આ ચિત્રશાળા જોઇને મગ્ન થઉં છું, પણ મારી તે ચિત્રશાળાપરની મોહમુગ્ધતા જ છે. મોહ ક્ષણિક છે અને મોહથી પાપવૃદ્ધિ થાય છે, એટલું જ નહિ પણ વિધવિધ પ્રકારની વ્યથા પણ આવી પડે છે. આ પૃથ્વી રૂપી રંગભૂમિમાં આપણે સઘળાં નાટકનાં પાત્રો સ્વલ્પ સમયમાં ચાલ્યા જઇશું અને આપણા મોહની વસ્તુઓ એમ ને

એમ પડી રહેતાં કાળક્રમે વિનષ્ટ થઈ જશે!" આ વિચારથી દૂર રહેલા શ્રેણીક રાજાએ જો મોહમુગ્ધ પ્રાણીઓની દશાનો વિચાર કર્યો હોત તો તેનાં દુષ્પરિણામોને સમજી શકત.

પોતાની ચિત્રશાળા ઉપર અકથનીય મોહ ધારણ કરતો શ્રેણીક રાજા દિન પ્રતિદિન આનંદનિમગ્ન થવા લાગ્યો. ચિત્રશાળા જુએ અને હર્ષઘેલો બની જાય, એવામાં એવો એક બનાવ બન્યો કે ચિત્રશાળાનો જે દરવાજો ચણ્યો હતો તે એકાએક પડી ગયો. કડીયાઓએ બહુ મહેનત લઈને દરવાજો ફરીથી ચણ્યો, તોપણ તે પડી ગયો. ત્રીજી વાર ચણ્યો તોપણ તેમજ થયું. એ પ્રમાણે ઘણી વાર દરવાજો ચણ્યો, પણ સઘળી મહેનત નિષ્ફળ ગઈ. દરવાજો ગમે તેટલો મજબૂત ચણે પણ તે રહેતો નહિ. દહાડે ચણે અને રાત્રે તૂટી પડે! આથી દિવસે દિવસે ચણનારાઓ હિંમત હારવા લાગ્યા. તેઓની હવે ધીરજ રહી નહિ અને તેથી કંટાળો ઉત્પન્ન થવા લાગ્યો. સઘળા કારીગરોએ એકઠા મળીને આ વાત રાજાને નિવેદન કરવાનો નિશ્ચય કર્યો.

પ્રકરણ ૨ જું.

યજ્ઞમાં શિશુને હોમવાનો નિશ્ચય.

બીજા દિવસનું પ્રભાત થયું. રાજમહાલયના આંગણામાં મંગલ વાદિત્રો વાગ્યાં શ્રેણીક રાજા કચેરી ભરીને બેઠો. તેનું રત્નજડિત સિંહાસન ઇંદ્રરાજાના આસન જેવું સુશોભિત લાગતું

હતું. સઘળી દિવાલો હીરા–મોતી જડિત રેશમી વસ્ત્રોથી આ-ચ્છાદિત કરી દીધેલી હતી. જૂદા જૂદા પદવી ધરાવનારા અમીર ઉમરાવો અને ભાયાતો સોનેરી રૂપેરી કસબથી ભરેલાં અંગવસ્ત્રોમાં સજ્જ થઇ પોતપોતાનાં આસનો પર વિરાજી ગયા હતા. આખી સભામાં કસ્તૂરીનો મનોમુગ્ધકર સુવાસ પ્રસરી રહ્યો હતો. મોહને વશ થએલા શ્રેણીક રાજાની ચક્ષુઓ કચેરીની મધ્યમાં ગાન–તાન કરી રહેલી વારાંગનાઓ ઉપર વજ્રલેપ થઇ ગઇ હતી અને વિધવિધ વાદ્યયંત્રોનાં મધુર ધ્વનિથી આખો સભામંડપ ગાજી રહ્યો હતો. એવામાં ચિત્ર-શાળા ચણનારા કડિયાઓ કચેરીમાં આવી પહોંચ્યા. રાજાને ગાન–તાનમાં મગ્ન જોઇને તેઓ થોડી વાર એક બાજુએ ઊભા રહ્યા અને માંહોમાંહે વાત કરવા લાગ્યા. તેમની વાતચીતથી શ્રેણીક રાજાના સંગીતરસમાં વિક્ષેપ પડવા લાગ્યો. તેણે કડિ-યાઓને પોતાની સમીપ બોલાવ્યા અને તેઓના આગમનનું પ્રયોજન પૂછ્યું.

અશુભ સમાચાર નિવેદન કરવાને જાણે કે ત્રાસ પામતા હોય તેવી રીતે પ્રથમ તો તેઓ સઘળા મૌન જ રહ્યા અને એક બીજાની સામે જોવા લાગ્યા. તુરત જ રાજાએ ફરીથી પૂછ્યું. "બોલો ઉતાવળે, તમે શા કાર્યને અર્થે રાજસભામાં આવ્યા છો ?"

રાજાની આજ્ઞા થતાં એક વૃદ્ધ કડિયો બોલ્યોઃ "મહા-રાજ ! સર્વશિરોમણિ રાજેન્દ્ર ! એક અશુભ સમાચાર નિવે-દન કરવાને વિનાઉપાયે અમોને સઘળાઓને અહીં આવવાની જરૂર પડી છે. મહારાજા ! આપની જે ચિત્રશાળા અમે

બાંધીએ છીએ તે તો લગભગ પૂરી થવા આવી છે, પરન્તુ એનો દરવાજો ઘણી વાર ચણ્યા છતાં રહેતો નથી અને વારંવાર પડી જાય છે. હવે અમે તો સઘળા એ દરવાજો ચણવામાં નિરાશ થઈ ગયા છીએ તેથી કાંતો પરદેશથી બીજા કારીગરોને બોલાવો અથવાતો એ જગ્યામાં કાંઇ વહેમ જેવું હોય તો કોઇ નિમિત્તજ્ઞને પૂછીને તેઓની સંમતિ લેઇ એ જગ્યાને શુદ્ધ કરાવો, એવી અમારી સઘળાની આપ પ્રત્યે નમ્ર વિનતિ છે. મહારાજ ! જ્યાંસુધી આ શંકાનો નિર્ણય નહિ આવે ત્યાંસુધી ચિત્રશાળાનું કામ આગળ ચાલશે નહિ."

કડિયાનું કહેવું પૂરૂં થઇ રહેતાં આખો સભામંડપ શાંતિ તળે દબાઇ ગયો. જાણે સભામંડપમાં કોઇ જ બેઠું ન હોય તેવી રીતે સઘળું શાન્ત થઇ ગયું. વારાંગનાઓનાં ગાનતાન પણ એટલેથી જ અટક્યાં.

રાજા અને પ્રધાન બન્નેનાં વદન વિચારગ્રસ્ત બન્યાં. અન્ય અધિકારી વર્ગ તેમજ સામાન્ય વર્ગનાં વદન શું નિર્ણય આપે છે તે જાણવાને આતુર જણાયાં. થોડો વખત રાજા સિંહાસનપર એક જ વિચારમાં બેસી રહ્યા અને છેવટે તે બાબતમાં તેણે પ્રધાનની સલાહ પૂછી.

હવે પ્રધાન શો અભિપ્રાય આપે છે તે જાણવાને આખું કચેરીમંડળ ઉત્સુક જણાયું. પ્રધાને જણાવ્યું: "મહારાજ! દરવાજો વારે વારે પડી જાય છે તો એમાં કાંઇ દૈવી ચમત્કાર હોવાનું તો મને કેવળ અશક્ય લાગે છે. મકાનો ચણાતાં એવા દૈવી ચમત્કાર થતા હોય એવું મેં તો કોઇ સ્થળે જોયું નથી. પણ મારા વિચાર પ્રમાણે તો આ કડિયાઓની જ કોઇ જા-

તની કસુર હોય એમ લાગે છે, તો કોઇ ચાલાક અને અનુભવી કડિયાઓને પરદેશથી બોલાવવા એવો મારો મત છે."

રાજાએ કહ્યું: "પ્રધાનજી! તમે કહો છો તે ઠીક છે, પરન્તુ મારો વિચાર તમારા વિચારથી કેવળ ઉલટો જ છે. હાલમાં આપણે ચિત્રશાળાને માટે જે કડિયા રાખ્યા છે તેઓ પૂરી રીતે હુશિયાર છે અને તેથી ચિત્રશાળાની જગ્યા કોઇ વહેમથી ભરેલી હોય એવી મને શંકા ઉત્પન્ન થાય છે." રાજાએ આ પ્રમાણે પોતાનો અભિપ્રાય આપવાથી તુરત જ વહેમનું નિવારણ કરવાને ગામમાંથી નિમિત્તજ્ઞ પંડિતો અને જ્યોતિષીઓને બોલાવવામાં આવ્યા. તેમને બોલાવવાને રાજસેવકોનું એક મોટું ટોળું બહાર પડ્યું.

હજી તો કચેરી મંડળ એમ ને એમ બેઠું જ છે અને સૌના અંતરમાંથી રાજા-પ્રધાનના મત વિષેના વિવિધ વિચારો પૂરા થયા પણ નથી, એટલામાં તો પંડિતો અને જ્યોતિષીઓનું એક મોટું ટોળું કચેરીમાં દાખલ થયું અને સૌનાં ધ્યાન તેઓ તરફ આકર્ષાયાં.

રાજાએ સઘળા પંડિતોને અને જ્યોતિષીઓને યોગ્ય સન્માન આપ્યું અને તેઓને લાયક આસનો પણ આપ્યાં. તેઓના આખા ટોળામાંથી એક વૃદ્ધ જ્યોતિષીએ રાજાને પોતાને બોલાવવાનું કારણ પૂછ્યું.

"હે પંડિતો અને જ્યોતિષીઓ! મારે આજ તમારૂં એક અગત્યનું કામ પડ્યું છે, અને તેને વાસ્તે આપ સઘળાઓને અહીં બોલાવ્યા છે. હે વિપ્રવર્યો! હું જે ચિત્રશાળા ચણાવું છું તે લગભગ પૂરી થવા આવી છે. પરન્તુ તેનો દરવાજો અનેક વાર

ચણ્યા છતાં વારે વારે પડી જાય છે તેનું કારણ શું? કૃપા કરીને એનો નિર્ણય કરો તેનું નિવારણ કરવાનો જે ઉપાય હોય તે જણાવો."

આ પ્રમાણે રાજાનું કથન શ્રવણ કરીને સઘળા પંડિતો અને જ્યોતિષીઓ વિચારમાં પડયા અને એક બીજાની સામે જોવા લાગ્યા. છેવટમાં સઘળાઓએ એક બીજાની સાથે મળીને પ્રશ્ન કુંડળી કરી એવો નિર્ણય દર્શાવ્યો કે "એ ચિત્રશાળાનો દરવાજો ચણવામાં અતૃપ્ત દેવતાઓ વિઘ્ન નાંખે છે માટે દેવોની તૃપ્તિને અર્થે એક બત્રીશ લક્ષણા શિશુનો યજ્ઞકુંડમાં હોમ કરવો."

આ નિર્ણય સાંભળીને સઘળાઓ આશ્ચર્યમાં પડયા. કેટલાકોના અંતરને આ ઘોર કર્મ કરવાનો નિર્ણય સાંભળી પરિતાપ ઉપજ્યો. પ્રધાને જણાવ્યું : " હે પંડિતો ! અતૃપ્ત દેવતાઓ વિઘ્ન નાંખતા હોય તો તેઓની તૃપ્તિને અર્થે કશું નૈવેદ્ય જોઇએ; પરન્તુ એક શિશુને યજ્ઞકુંડના અગ્નિમાં બાળી નાંખવાથી શો લાભ થાય ? "

એક પંડિતે જણાવ્યું : " મહારાજ, અમારા શાસ્ત્રમાં કહ્યું છે કે **जातवेदा देवानां मुखम्** અગ્નિ એ દેવતાઓનું મુખ છે, અને તેથી તે અગ્નિમાં એક લક્ષણવંત શિશુને હોમવામાં આવે તો દેવતાઓ પરિતૃપ્ત થાય અને તૃપ્ત થયેલ દેવતાઓ ફલસિદ્ધિ કરી આપે છે માટે એક બત્રીશ લક્ષણવાળો શિશુ જ હોમાવો જોઇએ."

જોશીઓનો આ નિર્ણય શ્રેણીક રાજાએ તુરત કબૂલ રાખી લીધો. એ મિથ્યામતિમાન્ રાજાને એટલું પણ ન સૂઝ્યું

કે એક નિર્દોષ બાળકને હવનમાં જીવતો બાળી નાંખવાથી તેના જીવને કેટલો બધો પરિતાપ થશે? તેની સાથે કેટલા બધા જંતુઓના જીવની હાનિ થશે? જો તેણે એટલો વિચાર કર્યો હોત કે—

શાર્દૂલવિક્રિડિત વૃત્ત.

જેવો છે નિજ જીવ પ્રિય સહુને, તેવો શિશુ એ તણો,
જન્તુ સૂક્ષ્મ તદાપિ જીવ સરખા, મોટા–લઘુ ના ગણો;
લાગે છે સ્થૂળ દેહ ગુરૂ લઘુ તો, છે જીવ સર્વ સમ,
પામે છે પરિતાપ સર્વ સરખો, દુઃખોથી જો તે દમ.

તો તેણે જોશીઓના હિંસાયુક્ત અને નિર્દય નિર્ણયને કબૂલ રાખ્યો નહોત. કચેરી મંડળને ઘણોએ સંતાપ થયો, પણ શું કરે? રાજાના મક્કમ વિચાર આગળ કોઈનું કાંઈ પણ ચાલે તેમ નહોતું.

પ્રકરણ ૩ જું.

સ્વાર્થી સગાં.

પેટ કરાવે વેઠ, પેટ વાજં વજડાવે,
પેટ કરાવે વેઠ, ...
... ... પેટથી પાપ કરે છે.

શામળ.

**बन्धवा सुहिणो सव्वे। पिअमाया पुत्त भारिया॥
पेअवणाओ निअत्तंति। दाऊणं सलिलं जलिं॥**

અર્થાત્—હે જીવ ! બાંધવો, મિત્રો, માતા-પિતા, પુત્ર, અને સ્ત્રી વગેરે સર્વ મૃત્યુ પામેલા મનુષ્યને પાણીની અંજલિ આપી સ્મશાનમાંથી પાછા ઘેર આવે છે, પરન્તુ તેમાંનું કોઈ મૃત્યુ પામેલા મનુષ્યની સંગાથે જતું નથી.

શ્રેણીક રાજાની કચેરી વિખરાઇ ગઈ. સઘળા સભાસદો રાજાના ઘોર પાતકી નિશ્ચય વિષે વિચાર કરતા અને તત્પ્રતિ તિરસ્કાર દર્શાવતા ઘર તરફ વળવા લાગ્યા. એટલામાં તો હિંસામાં અતિ તત્પર એવા રાજાના અનુચરો નગરમાં દાંડી પીટવા લાગ્યા કે " જે કોઇ બત્રીશ લક્ષણો બાળક યજ્ઞકુંડમાં હોમવા માટે આપશે તેને તે છોકરાની બરાબર સોનૈયા તોળી આપવામાં આવશે. "

ઘેર ઘેર અને દુકાને દુકાને રાજા વિષે જ વાતો ચાલતી હતી. દરેકના મુખમાંથી રાજા ઉપર ધિક્કારના શબ્દો સ્ફુરી નીકળતા હતા. લોકોનો ઉત્પન્ન થએલો ગુસ્સો અકથનીય હતો, પરન્તુ રાજા સમક્ષ તે ગુસ્સો પ્રદર્શિત કરવાની કોઇની હિંમત ચાલતી નહોતી.

જે સમયે રાજગૃહ નગરીની પ્રજાના મોટા ભાગમાં ગમગીની ફેલાઇ રહી હતી, તે સમયે ત્યાંના એક બ્રાહ્મણના ઘરમાં હર્ષના અવાજો સંભળાતા હતા. બ્રાહ્મણનું નામ ઋષભદત્ત હતું અને તેની સ્ત્રીનું નામ ભદ્રા હતું. એ બ્રાહ્મણ દંપતીને ચાર પુત્રો હતા તેમાંનો અમરકુમાર સૌથી નાનો હતો. ઋષભદત્ત બહુ ગરીબ હતો અને ઉદરપોષણ કરવામાં પણ બહુ વિડમ્બના ભોગવતો હતો. કુટુમ્બ બહોળું, આર્થિક સ્થિતિ સારી નહિ અને સારાસારનો કે સદ્ધર્મના વિચાર

નહિ એટલે દુર્મતિ સૂઝી. નિર્ધનાવસ્થા સહન કરીને કર્મ તથા પુરૂષાર્થ ઉપર વિશ્વાસ રાખી બેસનાર તેમજ ધર્મ ઉપર આસ્થા રાખનાર મનઃસંયમવાળા પુરૂષો વિરલા જ હોય છે. "ધન વિનાનું જીવન વૃથા છે" એમ માનીને સારી સ્થિતિ પામવાને ઋષભદત્તે અકર્તવ્ય તરફ દૃષ્ટિ દોડાવી. આ સંસારમાં ધન મેળવવાને લોકો અનેકાનેક યુક્તિ પ્રયુક્તિઓ રચે છે, અનેક કુકર્મો કરે છે અને અનીતિના માર્ગે દોરાય છે. ધનને અર્થે જ લોકો ચોરી કરે છે, લૂંટ કરે છે, કપટ કરે છે, દગો રમે છે અને પોતાની પુત્રીને વેચવા જેવું અઘટિત કર્મ પણ કરે છે! અહો! જે ધનના અનેક સદુપયોગ પણ કરી શકાય છે, તે ધનની પ્રાપ્તિને અર્થે માનવીની કેવી દુષ્ટ પ્રવૃત્તિ?!

સવૈયા બત્રીશા.

રે ધન! તું સતી–સત્ય ત્યજાવતું, ધર્મી અધર્મી વળી તું બનાવે,
કૃત્ય અનેક કરાવ તું કુત્સિત, વિક્રય બાળ કુમારી કરાવે!
હિંસક તું વળી જીવતણો, નહિ લેશ ધરે દિલમાંહ્ય દયાને,
સંપી કુસંપી બનાવ તું, રે ધન! ભૂપતિઓને પણ લલચાવે! ૧
લક્ષ્મી કરી બહુ સંચિત તેં જીવ! કિન્તુ નહીં ઉપભોગ કર્યો તેં,
લોભ ઘણો કરી મેળવ્યું તેં ધન, ધર્મકર્મ મહિં વાપર્યું ના તેં,
આયુષ આવી રહ્યું તવ તોપણ લોભ નહીં ધનનો જ ત્યજ્યો તેં,
ઓ જીવ! સંચય વાપરિયો નહિ, કે ન મરણ પછી સાથ ગયો તે. ૨

ઋષભદત્ત અને ભદ્રાનો પોતાના નાના પુત્ર અમરકુમારને વેચી દેવા સંબંધે એક વિચાર થયો એટલે ઋષભદત્તે રાજાના અનુચરોને એ વાત વિદિત કરી, અને તેઓએ શ્રેણીક રાજા

પ્રતિ વધામણીના સમાચાર મોકલ્યા. તુરતમાં જ બાળક મળી આવવા માટે રાજાને મન હર્ષનો પાર રહ્યો નહિ અને સત્વર બાળકને લેઇને સોનૈયા તોળી આપવા કોષાધ્યક્ષને આજ્ઞા કરી. રાજાનાં માણસો અમરકુમારને રાજા પાસે લેઇ જવા સારૂ ઋષભદત્તને ઘેર આવ્યા.

આ વખતે સોનૈયા મેળવવાને માટે અધીરી થઈ રહેલી ભદ્રા પોતાના પતિને કહેતી હતીઃ "હે સ્વામીનાથ! હવે રાજાના માણસો આ છોકરાને કયારે લેઇ જશે અને આપણી પાસે સોનૈયા કયારે આવશે?"

ઋષભદત્ત પણ રાજાના માણસો આવી પહોંચે તેની જ રાહ જોઇ રહ્યો હતો. એટલામાં તો માણસો આવી પહોંચ્યા. તુરતમાં સોનૈયા મળવાના લોભને લીધે એ દમ્પતી આનંદ પામ્યું. ભદ્રા તો બોલીઃ "નાથ! હવે જલ્દી એ છોકરાને આ માણસોના હાથમાં સોંપી દો અને રાજા પાસે જઇ પેલા સોનૈયા લેઇ આવો! મને હવે એ છોકરો નથી ગમતો માટે તેને અહીંથી અળગો કરો!"

કેટલી નીચતા? કઠોર હૃદયની સ્ત્રીનાં કેવાં સ્વાર્થી વચનો? સ્ત્રીઓના સ્વાભાવિક દોષોમાં વિદ્વાનોએ 'નિર્દયત્વ'નો જે દોષ દર્શાવ્યો છે તે વાસ્તવિક જ છે.

રાજાના માણસો જ્યારે ઋષભદત્તને આવાસે આવ્યા, ત્યારે બાળક અમરકુમાર અભ્યાસ કરવામાં ગુંથાઇ ગયો હતો. એના સુકોમળ વદન ઉપર હર્ષની જ રેખાઓ પડેલી જણાતી, અને અત્યારે પણ તેનું વદન પ્રફુલ્લિત હતું, કેમકે તેનું કુમળું હૃદય એનાં દુષ્ટ માતાપિતાના ક્રૂર વિચારથી કેવળ અજ્ઞાન

હતું. એવું નાજુક શરીર, ખરેખર, અગ્નિમાં બાળી નાંખવા લાયક નહોતું !

"અમર ! જા આ રાજાના માણસો સાથે ! અમે તને વેચી દીધો છે !" ક્રૂર ભદ્રાના મુખરૂપી ધનુષ્યમાંથી વચનરૂપી બાણ નીકળ્યાં, તેવાં જ અમરકુમારના કોમળ હૃદયમાં તે ચોંટી ગયાં.

"માતુશ્રી ! મને વેચ્યો છે શું ? શા માટે વેચ્યો છે ?" બાળક આશ્ચર્ય સાથે બોલ્યો: "મને ન વેચશો, હું તમારો ઉપકાર માનીશ."

"શામાટે શું ? રાજાની ચિત્રશાળા પડી જાય છે માટે તને યજ્ઞકુંડમાં હોમવા માટે ! જા, રાજાના માણસો સાથે !"

"હેં મા ! આ તમે શું કહો છો ? મને હોમમાં નાં‑ખીને બાળી નાંખવાથી શું રાજાની ચિત્રશાળા પડી જતી અટકશે ?"

"રડ્યા ! એમાં આટલી લવારી શેની કરે છે ? જલ્દી જા, નહિતો રાજાનાં માણસો તને બાંધીને લેઇ જશે !" સ્વા‑ર્થથી આંધળી બનેલી ભદ્રા બોલી.

"મા, પણ રાજા મને શામાટે બાળી નાંખે છે ? ગા‑મનાં મારા જેવા તો બીજા ઘણાએ છોકરા છે !"

"પીટ્યા ! તને એક વાર કહ્યું અમે તને વેચી નાંખ્યો છે, અને તેના બદલામાં અમને સોનૈયાનો પોટલો મ‑ળવાનો છે."

"હેં ! શું ત્યારે એ સોનૈયાના પોટલા માટે મને તમે જીવતો બાળી નંખાવો છો ? ઓ મા ! મેં તમારો શો વાંક

કર્યો છે કે મને જ વેચો છો ? હાય, હાય, મને કુંડમાં હોમશે ત્યારે મને કેટલું દુઃખ થશે ? " આમ બોલતો ભવિષ્યના ભયથી ત્રસ્ત થએલો અમરકુમાર માતાની સોડમાં ભરાઇ ગયો અને માતાના વાત્સલ્યની આશાએ રડવા લાગ્યો. ક્રૂર ભદ્રાને તે રડતા બાળકની દયા ન જ આવી ! તે તેને ધક્કો મારીને ચાલી ગઈ ! ચાલતાં ચાલતાં બબડી: " જો, રડયો કહે છે કે મને વેચશો નહિ ! ત્યારે શું એને માટે અમે ભૂખ્યાં મરીએ ? "

ભદ્રા અમરકુમારને તરછોડીને ચાલી ગઇ તેથી તે ભોંય-પર પડી ગયો, હાથપગ કુટાઇ ગયા. ભયને લીધે હૃદય એટલું નિર્બળ બની ગયું કે ચાલવાની પણ આય રહી નહિ. ચક્ષુમાંથી અશ્રુઓની ધારા વહન કરવા લાગી. નિર્દોષ વદન કમળ માતા કે પિતાના વાત્સલ્યરૂપી વારિને અભાવે ચીમળાઇ ગયું. બાળક ઉઠીને નાસી જવાને દોડયો કે તુરત જ તેને યમરૂપી રાજાના કાળરૂપી કિંકરોએ પકડયો.

અમરકુમાર વધારે ને વધારે રડવા લાગ્યો, પરંતુ કોઇને તેની દયા આવી નહિ. પાસે જ ઋષભદત્ત ઊભો હતો તેને ડીબકતા-રોતા બાળકે પ્રાર્થના કરીઃ " પિતાજી ! પિતાજી ! મારી મા મને વેચે છે, તો તમે મને રાખો ! અરેરે ! રાજા મને અગ્નિમાં બાળી દેશે ! મારાથી તે કેમ સહેવાશે ? " બાળક રડતો જાય, પ્રાર્થના કરતો જાય, ડીબકતો જાય અને ઝુરતો જાય.

નિષ્ઠુર પિતાએ જવાબ આપ્યો : " હું શું કરૂં ? તું તો મને ઘણો વહાલો છે, પરન્તુ તારી મા તને વેચે છે, તેમાં હું શું કરૂં ? માટે હે પુત્ર ! મારાથી તને રાખી શકાય તેમ નથી ! "

અમરકુમારના અંતરમાં નિરાશા પ્રકટી. તેણે વિચાર્યું: "જ્યારે ખુદ મારા પિતાજીએ પણ આવો જવાબ આપ્યો, ત્યારે કોઇનો પણ શું વાંક? જેવું મારૂં કર્મ!" આમ વિચારતો બાળક વધુ નિરાશ થયો. પણ એટલામાં તેની નજર તેનાં કાકા–કાકી પર પડી. કદાચ તેમનાં હૃદયમાં દયાનો અંકુર ફુટશે એવી નવી આશા એ નિરાશ થતા હૃદયમાં પુનઃ પ્રજ્વલિત થઇ. તેણે કાકાને પ્રાર્થના કરી: "ઓ મારા પિતાના સહોદર! મને જીવતો બાળી નાંખવામાં આવે છે તેમાંથી તમે મને બચાવશો?" કાકા કાંઇ જ ઉત્તર આપે તે પહેલાં તો કાકી ફફડી ઉઠ્યાં અને બોલ્યાં: "તારાં સગાં માબાપ વેચે અને અમે પિત્રાઇઓ શું કરીએ? અમે તને રાખીએ તો રાજા અમારાં ઝુંપડાં જ વીંખી નાંખે!" એક વધુ નિરાશાની સાથે અમરકુમારનું હૃદય નિરાશાંધકારથી ઘેરાઈ ગયું.

અમરકુમારની માશી ત્યાં આવી તેને અમરકુમાર કરગર્યો. માશીએ જવાબ આપ્યો: "હું શું જાણું? મારે ને તારે શું લાગે છે કે તું મને કહે છે? તારી માએ તને વેચ્યો તો તું જાણે અને તારી મા જાણે."

હવે વધુ પ્રાર્થનામાં કશું ફળ નથી એમ સમજીને અમરકુમાર શાંત રહ્યો. તેનાં બીજાં સગાંઓનું ટોળું ઘરના આંગણામાં એકઠું થયું હતું તેમાંના કોઇને પણ એ નિરાધાર થઇ પડેલા બાળકની દયા આવી નહિ.

"અહો! સંસાર અસાર છે! સૌ સ્વાર્થનાં જ સગાં છે!" આટલા શબ્દો એ બાળકના મુખમાંથી નીકળ્યા અને તુરત જ રાજાના માણસો તેને લઇને રાજા પાસે જવા માટે રસ્તે પડ્યા.

અમરકુમારને સાથે લઈ રાજાના માણસો ભરબજારમાં આવ્યા. બાળકનું રૂદન એક વજ્રને પણ પીગળાવી નાંખવાને બસ હતું, પરન્તુ ક્રૂર તથા સ્વાર્થી હૃદયની માતાને કાંઇ દયા ન આવી! ગામમાં લોકોમાં હાહાકાર થઇ રહ્યો. ઋષભદત્તને લોકો ચાંડાલ લેખવા લાગ્યા અને તેના ઉપર ક્રોધરૂપી વિદ્યુત્ સાથે ધિક્કારનો વર્ષાદ વરસાવવા લાગ્યા. લોકો એકઠા થઇ બાળકની પછવાડે શોકભર્યે વદને ચાલવા લાગ્યા. બાળક કરગરવા લાગ્યો: " હે દયાળુ મહાજનો! હે દયા માતાના ભકતો! મને આ દુ:ખમાંથી મુક્ત કરો તો હું મરણ સુધી તમારો દાસ થઇને રહીશ, પણ મારાથી અગ્નિમાં બળવાનું સહી શકાશે નહિ!" મહાજનોને દયા આવે એ સ્વાભાવિક હતું, પરન્તુ રાજાએ વેચાતા લીધેલા બાળકને કોણ રાખી શકે? **राजा हरति सर्वस्वं शरणं कस्य जायते?** રાજા પોતે જ સર્વસ્વનું હરણ કરે તો પછી કોનું શરણ મળી શકે? તેથી તેઓએ પણ બાળકના મનમાં નિરાશાની વૃદ્ધિ કરે તેવો જ જવાબ વાળ્યો.

અહા, આ સ્વાર્થી સંસાર!
પુરો નીચ સ્વાર્થી સંસાર,
ધિક્કારો સ્વાર્થી સંસાર,
ફટ નષ્ટ સ્વાર્થી સંસાર!

પ્રકરણ ૪ થું.

નવકારમંત્રનું માહાત્મ્ય.

નિઃશ્વાસ નાંખતા અમરકુમારને રાજાના માણસો રાજદરબારમાં લેઈ ગયા. અત્યારે શ્રેણીક રાજા અમરકુમારની અને પોતાના માણસોની અત્યંત અધીરાઇથી કાગને ડોળે રાહ જોઇ રહ્યા હતો. એક બાજુએ વેદશાસ્ત્રના જ્ઞાતા ઋત્વિજો અને હોતાઓ બેઠા હતા અને તેઓ પણ પોતાના યજ્ઞકુંડના હવિષાન્ન અમરકુમારની રાહ જ જોતા હતા. અમરકુમારને આવતો જોઇને રાજા ખુશ થયો અને બ્રાહ્મણો પ્રત્યે બોલ્યો: “ હે ઋત્વિજો ! આ બાળક આવ્યો. જુઓ ! તેની મુખમુદ્રાપરથી જ તેનું ચાતુર્ય સૂચિત થાય છે. ખરેખર ! તે બત્રીશ લક્ષણો બાળક જ છે. હવે આપ આપના કાર્યનો પ્રારંભ કરો અને જલ્દી હોમ હવન પૂર્ણ કરો કે જેથી ઇષ્ટની સિદ્ધિ ત્વરિત થાય. ”

શ્રેણીક રાજાના વદનમાંથી નીકળેલાં વચન સાંભળીને અમરકુમાર થરથરવા લાગ્યો! મરણ નિકટ આવેલું જાણીને અંતર્ ધડકવા લાગ્યું. ચક્ષુઓમાંથી અશ્રુધારા વહન કરવા લાગી ને બ્હીતો બ્હીતો રાજા પ્રત્યે વિનતિ કરવા લાગ્યો : “ હે મહારાજા ! હે પ્રજાના પિતા ! મને બચાવો ! મારા પ્રતિ દયા કરી મને યજ્ઞમાં હોમશો નહિ ! હે રાજેન્દ્ર ! મને નિર્દોષને હોમવાથી તમે અન્યાયી ગણાશો ! માટે મને બચાવો ! ”

પોતાનું કાર્ય સાધવાના જ ચિંતનવાળો રાજા બોલ્યો: "હે કોમળ કમળ સરખા મુખવાળા બાળક! તેમાં હું કશો અન્યાય કરતો જ નથી, કારણકે તને તારાં માતાપિતાએ સોનૈયાના બદલામાં વેચ્યો છે અને અમે તો મૂલ્ય આપી માલ ખરીદ કરેલા છે. તારો હોમ કરી અમારે કાર્યસિદ્ધિ કરવી છે અને તે માટે જ અમે તને વેચાતો લીધો છે, પછી હું તને કેવી રીતે બચાવું?"

અમરકુમારની છેલ્લામાં છેલ્લી આશા નાશ પામી. હવે તેને યજ્ઞના અગ્નિમાંથી બચવાની એક પણ આશા રહી નહોતી. મૃત્યુને શરણ થયા વિના હવે એનો છૂટકો નહોતો.

બ્રાહ્મણોએ **અમરકુમારને** સુવાસિત ગંગોદકથી સ્નાન કરાવ્યું. કંઠમાં વિવિધ રંગવાળાં પુષ્પોના માળા ધારણ કરાવી. અગર, કેસર, ચંદન વગેરે તેના શરીર ઉપર વિલેપ્યાં. વ્યથિત થયેલા હૃદયના **અમરને** આ સઘળું સુખદ થવાને બદલે દુ:ખદ જ થઇ પડયું. પુષ્પની માળા કંઠમાં ભાર કરવા લાગી. શરીરપરનો અગર-ચંદનનો વિલેપ અગ્નિની જ્વાળાની પેઠે દુ:ખ કરવા લાગ્યો, અને અગ્નિમાં પડ્યા પહેલાં તો તેના અંતરમાં અગ્નિની જ્વાળા પ્રકટ થઇ ચૂકી.

હોમને વાસ્તે **અમરકુમારને** તૈયાર કરી એક બાજુએ ઊભો રાખ્યો. બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરવા લાગ્યા. **શ્રેણીક** રાજા થોડેક દૂર આસનપર બેઠો બેઠો આ દૃશ્ય જોઇ રહ્યો હતો. કર્મની વિચિત્ર ગતિ કોઇ જાણતું નથી! આયુષ્ય હોય તો શુભ મતિનો ઉદય થાય છે અને આવી રહ્યું હોય છે તો મનુષ્યને દુર્મતિ સૂઝે છે.

વસન્તતિલકા.

હોયે કદાપિ નિજ કર્મ કંઇક સીધું,
તો તો ખરે, સુમતિ કેરૂં જ સૌખ્ય લીધું!
કિંતુ હશે નસીબ નિજ જરાય વક્ર,
તો સુજશે જ કુમતિ, કદિ હોય શક્ર!

પોતાના કર્મની ગતિ નિર્ભય પથ ઉપર હતી એટલે અમરકુમારને સારી મતિ સૂઝી. આપત્તિકાળમાં હમેશાં મનુષ્યની વૃત્તિ સદ્ધર્મરૂપી શરણુ તરફ દોડે છે.

(રાગ દેશ-તાલ ત્રિતાલ.)

પ્રિય સદ્ધર્મનું શરણું, પ્રભુ! મને, પ્રિય સદ્ધર્મનું શરણું. ટેક.
નાવ ડુબે ભવસાગરે ત્યારે, આપે આશ્વાસન તરણું,
ત્યમ અતિ દુખનય આ સંસારે, નામ તારૂં દુઃખહરણું. પ્રભુ!
સદ્ધર્મ કેરી અમૂલ્ય પ્રસાદી, હું સુખકારક જ ગણું,
મીઠી મધુરી ને હૃદયને રૂચતી, તેનું પ્રબળ સુખકરણું. પ્રભુ!
રમ્ય પ્રભાતમાં વિકસિત થયલું, હૃદય કમળ અતિ નમણું,
તેની વિષે અતિ સૌખ્યદ વ્હેતું, તુજ સમરણુરૂપી ઝરણું. પ્રભુ!
નામસ્મરણુ નવ મંગળદાયક, ચિત્ત શુચિકારક ઝરણું,
જેના વહન થકી મલિન હૃદયના, મળતણું થાય જ મરણું. પ્રભુ!
મધ્ય સમુદ્રમાં ડૂબું છું જ્યારે, સ્મરોં રહુ તુજ નામ ઘણું,
તુષ્ટિ ને પુષ્ટિ હું પામું હૃદયમાં, એ જ પ્રબળ સદ્ધર્મ તણું. પ્રભુ!

એ પ્રમાણે આ આપત્તિના સમયમાં અમરકુમારની વૃત્તિ ધર્મ અને પ્રભુ તરફ વળી. તેને એકાએક એવું સાંભર્યું કે મેં એકદા જૈન મુનિ મહારાજ પાસેથી નવકાર મંત્રનું માહાત્મ્ય

સાંભળ્યું છે. તે મંત્રનું ખરી નિષ્ઠાથી સ્મરણ કરવામાં આવે તો આપત્તિ દૂર થાય છે એમ મુનિ મહારાજે જણાવ્યું હતું તો આ પ્રસંગે તેનું સ્મરણ કરવું આવશ્યક છે. તુરત જ તેનું ચિત્ત તે તરફ વળ્યું. તેણે આંખો મીંચીને આસપાસની વસ્તુઓમાંથી ચિત્તવૃત્તિને ખેંચી લઇ પોતાના અંતરમાં સ્થાપિત કરી અને પછી શુચિ ચિત્તથી એક ધ્યાને નવકાર મંત્રનો ઉચ્ચાર કરવાનો પ્રારંભ કર્યો. અમરકુમારના શુદ્ધ ધ્યાન અને મંત્રોચ્ચારણના તપઃપ્રભાવે દેવસિંહાસનને વિકમ્પિત કર્યું. દુઃખના આવરણરૂપી પડદાઓ એક ક્ષણ માત્રમાં તૂટી ગયા અને જ્યાં અમરકુમાર ઊભો હતો ત્યાં દેવતા આવી પહોંચ્યો. અમરકુમાર પોતાના ધ્યાનમાં એકાગ્ર ચિત્તથી મંત્રોચ્ચાર કરતો હતો તેવામાં એકાએક કુંડમાંના અગ્નિની જ્વાળા શીતળ થઇ ગઇ! અગ્નિ બુઝાઇ ગયો! દેવોએ સિંહાસન ઉપર અમરકુમારને બેસાડી દીધો. આ ક્ષણે અમરકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને આગલા ભવમાં ચારિત્ર્યની સંપત્તિ અને તેની થયેલી વિરાધના એ બધું યાદ આવ્યું. શુચિ ચિત્તથી આરાધેલા નવકાર મંત્રનું કેટલું પ્રાબલ્ય? આ પ્રાભાવિક બનાવ જોયો કે તુરત જ મિથ્યામતિ શ્રેણીક રાજા પોતાના આસનપરથી ઉંધો ઉથલાઇ પડ્યો, બ્રાહ્મણો ભોંયપર પડી ગયા અને તેમના મુખમાંથી નીકળતા વેદમંત્રો વધુ વાર સંભળાતા બંધ થઇ ગયા! એકત્ર થએલા જનસમુદાયમાંથી આશ્ચર્ય સાથે 'ધન્ય ધન્ય' ની વૃષ્ટિ થવા લાગી. લોકોમાં હર્ષ ફેલાઇ ગયો અને સૌ માંહોમાંહે કાંઇ ગુપ્ત વાતો કરવા મંડી ગયા.

સમયસૂચક પ્રધાન તરત જ ઉઠ્યો અને અમરકુમારના

પગની પૂજા કરી વિનતિ કરવા લાગ્યો : "હે મહાત્મન્! ક્ષમા કરો! રાજાના આટલા દોષને ક્ષમા કરો! રાજા કે જેના મુખમાંથી અત્યારે રૂધિર વહ્યું જાય છે તેને શુદ્ધિમાં લાવવાની કૃપા કરો અને આ પાપી કર્મના કારણીભૂત જે આ બ્રાહ્મણો છે તેમના ઉપર રહેમ લાવી તેમને બેભાન અવસ્થામાંથી મુક્ત કરો! હે મહાત્મન્! આ દીન સેવકની આટલી વિનતિનો સ્વીકાર કરો!"

અમરકુમારે પૂર્વવત્ નમ્ર ભાવે જ ઉત્તર આપ્યો: "હે રાજગ્રહ નગરના પ્રધાન! એટલું કરવાની મારા જેવા ક્ષુદ્ર પ્રાણીમાં શક્તિ ક્યાંથી હોય? મેં કાંઈ તપ કર્યું નથી, જ્ઞાનસંચય કર્યો નથી, પ્રભુતા મેળવી નથી, તો હું મરણ પામેલાઓને કેવી રીતે જીવતા કરી શકું? તોપણ જો તમારી ઇચ્છા છે તો તેટલા કાર્યની સિદ્ધિને અર્થે આ ઉદકાંજલિ નાંખું છું, અને જો મારા ઇષ્ટમંત્રનું માહાત્મ્ય હશે તથા તેઓનું આયુષ્ય હશે તો તેઓ જીવશે." એમ કહી અમરકુમારે શુદ્ધ ભાવ રાખી રાજાને જીવતો કરવાનું મનમાં ધારી પાણીની એક અંજલિ રાજા ઉપર નાંખી કે તુરત જ શ્રેણીક રાજા બેઠો થયો અને તેના મુખમાંથી વહેતું લોહી બંધ થઇ ગયું. અમરકુમારને દેવસિંહાસનપર બેઠેલો જોઇને અને બ્રાહ્મણોને મરણાવસ્થામાં જોઇને રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેના મનમાં અમરકુમારનું માહાત્મ્ય અને પોતાના નિર્દય કૃત્યમાં રહેલું પોતાનું દૌરાત્મ્ય તુરત જ સમજાઇ આવ્યું.

વેદમંત્ર ભણનારા બ્રાહ્મણોને પૃથ્વીપર પડેલા જોઇને લોકો

કહેવા લાગ્યા કે "બાળહત્યા કરવાનાં ફળ જુઓ ! તે એવાં છે !" કર્ણોપકર્ણ આ વાત થોડા જ વખતમાં આખા નગરમાં ફેલાઇ ગઇ અને લોકોનાં ટોળેટાળાં રાજદરબારમાં આ અવનવું દશ્ય જોવા આવવા લાગ્યા. તેઓએ અમરકુમારને ઉજ્જવલ હીરા, મણિ, મોતી વગેરેથી જડેલા સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલો જોયો એટલે તેઓ આનંદાશ્ચર્યમાં ગરક થવા લાગ્યા.

શ્રેણીક રાજામાં હવે શુદ્ધ ભાવ ઉત્પન્ન થયો. અમરકુમાર પ્રભુ રૂપે જ પોતાને ત્યાં આવ્યો હોવાનું તેને ભાન થયું. તેણે પોતાના સઘળા પરિવાર સાથે અમરકુમારને પોતાના રાજ્યની લગામ હાથમાં લેઇ રાજ્ય કરવાની વિનતિ કરી.

પ્રકરણ ૫ મું.

સંયમ.

નિઃસાર આ સંસાર કેવળ—
ત્યાજ્ય દુઃખાગાર છે.

* * *

રાજાની વિનતિનો ઉત્તર આપતાં અમરકુમારે કહ્યું: "હે રાજેન્દ્ર ! આ અસાર સંસારમાં માતા, પિતા, ભાઇ, સ્ત્રી અને પુત્રાદિ સ્વજનોનો સમૂહ, તે સર્વે તેં ખેતી આદિક ઘણા આરમ્ભે કરીને ઉપાર્જન કરેલા ધનથી વિલાસ કરે છે અને તે આરમ્ભે કરીને ઉત્પન્ન થએલાં પાપકર્મને તો તું એકલો જ

અનુભવીશ; અર્થાત્ નરકાદિમાં તે પાપનું ફળ તું એકલો જ ભોગવીશ.* તું જે આ ચિત્રશાળા બંધાવતો હતો તે ચિત્રશાળાને ભોગવનાર તારા સઘળા સંબંધીઓ છે, પરંતુ બાળહત્યાનું જે પાપકર્મ તું વ્હોરી લેતો હતો તે તો તારે એકલાને જ ભોગવવાનું હતું, માટે હે રાજન ! એ નિષ્કામ પાપ સંચિત કર નહિ ! રાજેન્દ્ર ! મને જે અનુભવસિધ્ધ થયું છે તે ઉપરથી હું તો હવે મારા જીવને એવો ઉપદેશ કરૂં છું, કે હે જીવ ! આ માતા પિતા, ભ્રાતા તથા સ્ત્રી વગેરે કુટુબ ક્યાંથી આવ્યું ? અને અહીંથી મરીને ક્યાં ગયું ? તેમ તું પણ ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ ? એમ એક બીજાને પણ નથી જાણતો, માટે તારૂં કુટુંબ ક્યાંથી ? અર્થાત્ એક બીજાને જાણ્યા વગર આ મારૂં કુટુંબ છે એમ માની બેસવું એ ખોટું છે ‡ વળી હે રાજેન્દ્ર ! જેમ જન્મથી જ આંધળા જીવોને દૃષ્ટિનો સંયોગ એટલે આંખે દેખવું ન હોય, તેમ મિથ્યાત્વે કરીને તારા જેવા આંધળાને જિનમતનો સંયોગ પણ ન હોય† પરન્તુ તારો ભાવ આટલો બધો ચોખ્ખો જોઇને હું તને છેવટનો અનુભવસિદ્ધ બોધ એ આપું છું કે-ક્ષણક્ષણમાં નાશ પામનારા શરીર અને વાયરાથી નાશ પામનારા મેઘસમૂહ જેવા

---

*बहु आरम्भ विढत्तं वित्तं विलसंति जीव सयणगणा ।
तज्जणिय पावकम्मं अणुवहसि पुणो तुमं चेव ॥

‡कह आयं कह चलियं तुमंपि कह आगओ कहं गमिही ॥
अन्नुन्नंपि न याणह जीव कुडुंबं कओ तुज्झ ॥

†जह दिट्ठी संजोगो न होइ जच्चंधयाण जीवाणं ।
तह जिणमय संजोगो न होइ मिच्छंध जीवाणं ॥

મનુષ્યભવમાં, પાંચ આશ્રવથી વિરામ પામવારૂપ સારો જિન-પ્રણિત ધર્મ કરીએ, એટલો જ માત્ર સાર છે. *"

"વળી હે રાજન્! મને રાજ્યવિલાસ ભોગવવાની જરા પણ સ્પૃહા નથી. સંસારરૂપી પાશમાં પુનઃ બદ્ધીભૂત થવાની હવે મને જિજ્ઞાસા નથી. રાજ્યની લગામ લઇને બાહ્ય સુખવિલાસને ભોગવવા કરતાં સંયમ અંગીકાર કરીને આંતર્—અખંડ સુખ લેવાનું હું વિશેષ ઉચિત લેખું છું. બાહ્ય સુખ ક્ષણિક છે, ત્યારે આંતર્ સુખ ચિરંજીવી છે. બાહ્ય સુખનો અંત દુઃખમાં આવે છે જ્યારે આંતર્ સુખ હમેશાં અખંડ રહે છે: માટે એ ક્ષણિક સુખવૈભવને તુચ્છ ગણી હવે હું સંયમ અંગીકારવાનો છું."

અમરકુમારનો સંયમ અંગીકાર કરવાનો સુનિશ્ચય પ્રદર્શિત થતાં લોકોના ટોળામાં હર્ષનાદ સાથે "જયજયકાર"નો ધ્વનિ થઈ રહ્યો, અને અમરકુમાર ઉપર 'ધન્ય ધન્ય'ની વૃષ્ટિ થવા લાગી. અમરકુમારનો રાજા પ્રતિનો ઉપદેશ સાંભળી લોકોમાં ઘણી અસર થઇ ગઈ અને તેઓ સાનંદાશ્ચર્યથી તેનાં વખાણ કરવા લાગ્યા. એટલામાં અમરકુમારે યજ્ઞકુણ્ડ પાસે અચેતન થઈ પડેલા ઋત્વિજો વગેરેને પણ અનુગ્રહબુદ્ધિથી અંજલિ છાંટી સચેતન કર્યા. તેઓ અમરકુમારને સિંહાસનારૂઢ જોઇ તથા પોતાની થએલી દુઃસ્થિતિને સંભારી લજ્જિત થયા. તે ક્ષણે ધર્મનો પ્રસાદ ચારે તરફ પ્રસર્યો.

---

*खणभंगुरे सरीरे मणुअभवे अब्भपडल सारित्थो।
सारं इत्तिय मित्तं जं कीरइ सोहणो धम्मो॥

ઉપજાતિ.

સદ્ધર્મથી સૌખ્ય સદા મળે છે, સદ્ધર્મથી દુઃખચયો ટળે છે,
સદ્ધર્મથી સ્વર્ગ જ થાય પ્રાપ્ત, સદ્ધર્મથી જ્ઞાન જ થાય આપ્ત. ૧
ધર્મપ્રસાદીથી પમાય મોક્ષ, ધર્મપ્રસાદી ખરૂં કલ્પવૃક્ષ,
ધર્મપ્રસાદી ખરી છે અમૂલ્ય, નથી કંઇ મિષ્ટ જ તેહ તુલ્ય. ૨
મિથ્યામતિથી દુખ તો પડે છે, સંતાપ ચિત્તે પછીથી ધરે છે,
જનો પરંતુ યદિ ચેતી જાય, સંકષ્ટ તો તો સઘળાં વમાય. ૩

સ્વાર્થી અને દુઃખથી ભરપૂર સંસારમાં વધુ વાર ટકી રહેવું એ અમરકુમારને હવે અસહ્ય થઇ પડ્યું. એક ક્ષણ હવે એ સ્થિતિમાં રહેવું એ એને અત્યંત દુઃખોમાં ગાળેલા એક વર્ષ જેવું લાગ્યું. તુરત જ તે ત્યાંથી ઉઠ્યો અને જે એક નવકાર મંત્રની આરાધનાથી તેનાં સઘળાં કષ્ટો દૂર થયાં હતાં તેવા અનેક મંત્રોને પ્રબોધતા એવા જૈન મતાનુસાર તેણે પંચમુષ્ટિ લોચ કરી શાસન દેવતાએ આપેલો સાધુનો વેશ ધારણ કરી સંયમ અંગીકાર કર્યો. નગરમાં અમરકુમારના સંયમની વાત સાંભળી લોકો વિશેષ આનંદિત થવા લાગ્યા અને તેઓ તેનાં દર્શન કરવાને દોડ્યા. સર્વત્ર 'ધન્ય ધન્ય'ના ઉદ્‌ગારો કર્ણ-ગોચર થવા લાગ્યા.

લોકોના પરિચયમાંથી દૂર ખસી જવાને અમરકુમાર સંજમ લેઇને તુરત જ નગર બહાર ચાલ્યો ગયો અને કોઇ એકાંત સ્થળની શોધ કરતાં કરતાં નગર બહારની શ્મશાનભૂમિમાં જઇ ચડ્યો. આ એકાંત સ્થળે એક વૃક્ષ નીચે તે એક ધ્યાને કાયોત્સર્ગ ધારણ કરીને ઊભો. ચોપાસ શાન્તિ વર્ત્તી રહી.

રાત્રિ પડી અને નભોમંડળમાં નિર્મળ ચંદ્ર ઉગ્યો. ચંદ્ર પોતાનો સ્થૂળ પ્રકાશ જેમ જેમ અમરકુમારના બાહ્ય દેહ ઉપર રેડતો ગયો તેમ તેમ તેના આંતર્ દેહમાં સૂક્ષ્મ પ્રકાશ પણ ખીલવા લાગ્યો.

પ્રકરણ ૬ ઠું.

ધાતની સાથે મુક્તિ.

હે માનવી! અસ્તિત્વ પામ્યો ઉચ્ચ સર્વે પ્રાણીમાં;
વળી પામિયો તું ધર્મ જિનનો ઉત્તમોત્તમ સૃષ્ટિમાં,
તેવી રીતે તું જન્મ ને વળી ધર્મ પામ્યો ઉચ્ચ છું,
ગતિ સિદ્ધ લેજે **અમર** પેઠે ધ્યાન ધરી જિન–ધર્મનું.

હવે આપણે **ઋષભદત્ત** તથા **ભદ્રા** તરફ ફરી આપણી નજર ફેરવીએ. **શ્રેણીક** રાજાએ કોષાધ્યક્ષને કયા નીએ આજ્ઞા કરી હોવાથી કોષાધ્યક્ષે તો **ઋષભદત્તને** **અમરકુમારની** બરાબર સોનૈયા તોળી આપ્યા હતા. કાન્તા, કાંચન અને કીર્તિની લાલચમાંથી મુક્ત થનારા તો કોઇ વીરલ જ હોય છે. **ઋષભ**દત્ત તે સોનૈયા જોઇને હરખેલો થઇ ગયો અને ઘેર જઇને તે સોનૈયા દાટવા માટે ઘરની વચ્ચે એક મોટો ખાડો ખોદવા લાગી ગયો. કોઇ દિવસ નહિ દેખેલું ધન જોઇને તેના આનંદનો પાર રહ્યો નહિ.

વજ્ર જેવા કઠિન હૃદયવાળી ભદ્રા આનંદ પામતી બોલી: "જુઓ, આટલા બધા છોકરામાંથી એક છોકરો ગયો, તો આપણે ત્યાં શું ખાડો પડી ગયો? ઉલટો ગયો તો એકને ખવરાવવું ઓછું. અને વળી આટલા બધા સોનૈયા મળ્યા તે જુદા! હવે આપણે આ ધનથી આપણો બાકીનો આયુષ્ય-ભાગ સુખથી ગાળી શકીશું. જે થયું તે ઠીક થયું. રાજાનો અર્થ સર્યો અને આપણી સ્થિતિ સુધરી!"

આ પ્રમાણે વારેવારે ઉદ્‌ગારો કાઢતી ભદ્રા પોતાનું ભદ્ર થએલું સમજવા લાગી અને આનંદ પામવા લાગી. **अर्थी दोषान् न पश्यति**—સ્વાર્થી માણસ એવો આંધળો હોય છે કે તે પોતાના દોષને જોઇ શકતો નથી! તેમ આ દંપતીથી પોતાના સ્વાર્થની અંધતામાં પુત્રનું હિત ન જોવાયું. હાલમાં પણ આવા અનેક દાખલા બને છે. કન્યાવિક્રયના ધંધા ઉપર ઉદરનિર્વાહ ચલાવનારાઓ પોતાના સ્વાર્થને લીધે-ધન મેળવવાના લોભને લીધે પુત્રીઓનું હિત જોતા નથી. ગમે તેવા ખોડવાળા-ગમે તેટલી ઉમરના કિંવા ગમે તેવા રોગવાળાને પણ પોતાની બાળકુમારિકાઓ તેઓ પરણાવે છે. સ્વાર્થાંધ થઇને તેઓ તેમને દુઃખરૂપી ઉંડા કૂપમાં ફેંકી દે છે અને ક્રૂર માતાપિતાઓ એ પુત્રીનો વિક્રય કરી મેળવેલા માંસ રૂપી ધનવડે સુખચેનમાં રહે છે! જો સત્ય કહીએ તો માંસભક્ષી લોકો કરતાં તેઓને વધારે પાપી લેખી શકાય. માંસભક્ષી લોકો પ્રાણીના માંસનું ભક્ષણ કરે છે પરન્તુ આ ધંધા ઉપર બેટેલાઓ તો મનુષ્યના માંસનું ભક્ષણ કરે છે, અને તે મનુષ્ય પણ પોતાની વહાલામાં વહાલી નિર્દોષ પુત્રી!!

રે લક્ષ્મી ! સત્ય કહું તે મનમાં ન લાવ્ય,
તારા ઉપાસન થકી જન અંધ થાય.

એવી રીતે લક્ષ્મીવડે અંધ થએલો ઋષભદત્ત રાજકોષ-માંથી ધન લેઇને પરભાર્યો ઘેર જ આવ્યો હોવાથી પાછળ અમરકુમારની શી સ્થિતિ થઇ તેની તેને કશી ખબર નહોતી. જ્યારે અમરકુમાર સંજમ ધારણ કરીને નગરની બહાર ચાલ્યો ગયો અને ગામના જે લોકો અમરકુમારને જોવાને રાજદર-બારમાં ગયા હતા તેઓ ઘેર પાછા ફર્યા ત્યારે આ ધનથી ઘેલા બનેલા દંપતીએ કોઇને મુખે એવી વાત સાંભળી કે રાજાનો યજ્ઞ અધૂરો રહ્યો અને અમરકુમાર તો દિક્ષા ધારણ કરી નગરની બહાર ચાલ્યો ગયો ! આ સાંભળતાં જ ઋષભ-દત્ત અને ભદ્રાના મનમાં મોટો ધાસ્કો પડયો. રાજાનો અર્થ સર્યો નહિ અને યજ્ઞ અધૂરો રહ્યો તેથી કદાચ રાજા પોતાનું ધન પાછું લેઇ જશે એવી બીક એકાએક ભદ્રાને લાગી આવી. તેણે પોતાના પતિને કહ્યું : " સાંભળ્યું કે ? કહે છે કે એ તો મૂઓ રાજાનો યજ્ઞ અધૂરો મૂકીને ત્યાંથી સાધુ થઈ નાસી ગયો. તેથી હવે કાંતો રાજા આપણને આપેલું ધન પાછું ખુંચવી લેશે. માટે હવે કાંઇક ઉપાય કરવો જોઇએ ! "

" મને પણ એમ જ લાગે છે. રાજાનું કામ સર્યું નહિ હોય એટલે ધન તો જરૂર પાછું જ લેઇ લેશે. કહે, ત્યારે હવે હું શું કરૂં ? એ હઠીલાને હવે ગમે તેટલું સમજાવીશું તોપણ તે પાછો ત્યાં જવાનો નથી ! પણ તે નગર બહાર ક્યાં ગયો હશે વારૂ ? "

"નરકમાં ગયો હશે તો ત્યાંથી પણ હું એને શોધી કાઢીશ; લાવો પેલી તલવાર! હું પોતે જ જઉં અને એ રાજાના ટુકડા કરી નાંખું એટલે પત્યું! તમારાથી તો કાંઇ જ બનવાનું નથી!" ભદ્રાના કઠોર હૃદયનું એ છેલ્લું પરાક્રમ!

"અરે, પણ એમ એને મારી નંખાય? કદાચ મારી નાંખીશું તોપણ છોકરો નાસી ગયો જાણી રાજા આપણું ધન પાછું જ લેઇ જશે તો? માટે એને સમજાવીને પાછો રાજા પાસે મોકલવો એ જ ઠીક!"

"એમ કાંઇ એ સમજવાનો નથી, માટે તેને તો ઠાર કર્યે જ છૂટકો. રાજા ધન પાછું લેવા આવશે તો આપણે આપણો જીવતો છોકરો માંગીશું અને મરી ગયો હશે તો પછી તે ક્યાંથી પાછો આપશે?"

ભદ્રાનું એ ચાતુર્ય ઋષભદત્તને ગમ્યું; તેથી તે કાંઇ બોલ્યો નહિ, પરન્તુ ભદ્રાના હૃદય જેટલું એનું હૃદય કઠીન નહિ હોવાથી તેને જરા દયા આવી. તે કાંઇક બોલવા જતો હતો એટલામાં ભદ્રા હાથમાં ચળકતી તલવાર લેઇને ઓરડામાંથી બહાર આવી, અને બોલી: "સાંભળો, રાતનો વખત છે, હું તલવાર છુપાવીને જઉં છું. હું અમરકુમારને મારવા જઉં છું એમ તમે કોઇને કહેતા નહિ! જો કહી દેશો તો અપકીર્તિ થશે તેની તો ચિંતા નહિ પણ રાજા આપણું ધન લેઈ જશે એટલી જ માત્ર ચિંતા છે!"

ઋષભદત્તની દયા પોતાના મનમાં જ દબાઇ ગઇ અને તે કાંઇ બોલી શક્યો નહિ. ભદ્રા સોડીયામાં તલવાર છુપાવીને ઘરની બહાર નીકળી.

· ઘાતકી હૃદયની ભદ્રા જેનામાં અત્યારે સ્વાર્થ અને ક્રોધનો આવેગ ઉમેરાયો હતો તે ચૌટામાં આવતાં જ તેણે સાંભળ્યું કે અમરકુમાર શ્મશાનની તરફ ક્યાંક ગયો છે! ભદ્રા શ્મશાન તરફ ચાલી! રાત્રિ અંધારી હતી. શ્મશાનમાંનાં કૂતરાં શિયાળવાં ભયંકર નાદ કરી આખા શ્મશાનને ગજાવતાં હતાં. આકાશમાં ટમટમી રહેલા તારાઓ ભદ્રાની ક્રૂરતા ઉપર ભ્રકુટી સંકોચવડે તિરસ્કાર દર્શાવતાં હતાં. આઘે આઘે દેખાતી વૃક્ષરાજિ ભૂતડાંના એક લાંબા ટોળાના જેવી દેખાતી હતી અને સૂકેલાં પાંદડાંનો ખડખડાટ ડાકિનીઓના અટ્ટહાસ્ય જેવો ભયંકર લાગતો હતો. બળેલાં મુડદાંઓનાં હાડમાંનો અગ્નિજનક વાયુ બહાર નીકળતાં એકાએક મોટા ભડકા થઇને હોલવાઇ જતા હતા, તે વખતે ભૂતડાંનું ટોળું બળીને અલોપ થઇ જતું હોય એવું ભાન થતું હતું. આ સઘળી ભયંકરતાની વચ્ચે થઇને નિર્ભય રીતે ભદ્રા શ્મશાન તરફ ચાલી. શ્મશાનભૂમિ એવી છે કે પ્રત્યેક મનુષ્યને ત્યાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અત્યારે ત્યાં કેટલાંક મુડદાંઓના તાજા અંગારા પડેલા હતા, અને રાખના તો અસંખ્ય ઢગ પડેલા હતા તોપણ તે દૃશ્ય ભદ્રામાં સ્વલ્પ પણ વૈરાગ્ય જાગૃત કરી શક્યું નહિ. તે પાપિણીની આંખો તો દૂર કાયોત્સર્ગ કરી સ્થિર ઊભેલા અમરકુમાર તરફ જ વળી રહી હતી. પોતે જેની શોધમાં નીકળી હતી તેને છેવટે શોધી કાઢવામાં સફળ થવાથી ભદ્રાને આનંદ થયો.

અમરકુમાર કાઉસગ્ગ યા ધ્યાનમાં એટલો નિમગ્ન હતો કે પોતાની પાસે કોઇ આવ્યું છે તેનું તેને ભાન નહોતું. એ જ

દશામાં ભદ્રાના હાથમાંની ચળકતી તલવાર અમરકુમારના કોમળ કંઠ ઉપર પડી અને એક જ ઝટકા વડે મસ્તક ધડથી જૂદું થઈ ગયું ! અહો ! માતાની વત્સલતાને ધન્ય છે અને તે જ માતાના હૃદયની ક્રૂરતાને કોટિ કોટિ ધિક્કાર છે ! અહો જગતના કવિઓ ! ઓ માતાના વાત્સલ્યમાં ઉછરતાં સ્વર્ગનાં સત્વરૂપ બાલુડાંના હર્ષ ચિત્કારમાં કુદરતનું ગૂઢ–ગંભીર ગાન સમજનારા કવિવરો ! વત્સલ માતાના હૃદયનાં ચિત્રો આલેખવાના કાર્યમાંથી જરા નવરા પડીને આ ભદ્રાના હૃદયનું ચિત્ર આલેખી બતાવો !

ભદ્રાની તલવારે જેવો અમરકુમારનો ઘાત કર્યો તેવો જ ધર્મપસાયથી અને જૈન ધર્મ ઉપરના તેના શુદ્ધ સમકિત ભાવથી તેનો જીવ ચળીને બારમે દેવલોક ગયો. ત્યાં બાવીસ સાગરનું આયુષ્ય ભોગવી, ફરી મનુષ્યભવ પામી, મનવાંછિત સુખો ભોગવી તે કેવળ જ્ઞાન પામશે !

હવે તે કુકર્મ કરનારી પાપિણી માતાની કેવી સ્થિતિ થઇ તે તરફ જરા નજર કરીએ. અમરકુમારનો ઘાત કરીને જેવી ભદ્રા હર્ષભેર પોતાના પરાક્રમની વાર્તા પોતાના પતિને નિવેદન કરવાને પાછી ફરતી હતી તેવી જ તેની સ્થિતિ દુઃખકારક થઇ પડી ! કેટલાક દિવસથી ભૂખી રહેલી અને જ્યાં ત્યાં શિકાર ખોળવાને ફાંફાં મારતી એવી એક વિકરાળ વાઘણનો તેને માર્ગમાં ભેટો થયો. કુકર્મરૂપી પાતકથી જેનો ઘડો પૂરો ભરાઇ ગયો હતો તેવી તે પાપિણી ભદ્રા ભૂખી વાઘણનો ભોગ થઇ પડી ! એક તલપ મારતી જ તે ભદ્રાની કોટે બાઝી અને તેની ગરદનને ચીરી નાંખી ! તેનો દેહ ભૂખી

વાઘણના આહારરૂપ થઇ પડયો. એ પ્રમાણે પાપનું પરિણામ તુરતમાં જ ભોગવીને ત્યાંથી છઠ્ઠી નરકે ઉત્પન્ન થઈ ! ઇતિ અલમ્ ॥

સારાંશ અને બોધ.

આ કથાનાં ૭ પ્રકરણો પાડવામાં આવ્યાં છે. પ્રથમ પ્રકરણમાં શ્રેણીક રાજાનું ધર્મ તરફ દુર્લક્ષ્ય અને ઐહિક વસ્તુ તરફ મોહક વૃત્તિ દર્શાવવામાં આવી છે; તે એમ સૂચવે છે કે આ જગત્માં બે વૃત્તિઓનું પરસ્પર યુદ્ધ ચાલે છે. ધાર્મિક વૃત્તિઓ મોહક વૃત્તિઓને ધકેલે છે અને મોહક વૃત્તિઓ ધાર્મિક વૃત્તિઓને દૂર કરે છે. "Might is right" એ નિયમાનુસારે જેનું બળ વધે છે તે સ્થાયી બને છે અને જેનું બળ ઓછું થાય છે યા દુર્બળ બને છે તેનો નાશ અથવા તિરોભાવ થાય છે. આત્માના ધાર્મિક ગુણોને કર્મજન્ય મોહક વૃત્તિઓએ અનાદિકાળથી દબાવી દીધા છે. મોહક વૃત્તિઓને ઉત્પન્ન કરનાર, જગાડનાર અને લલચાવનાર પદાર્થો અપરિમિત છે, ત્યારે ધાર્મિક વૃત્તિઓને ઉત્તેજન આપનાર દેખીતી સામગ્રી પ્રમાણમાં ઘણી થોડી છે. આવી સ્થિતિમાં હિતૈષી મનુષ્યે અજ્ઞાન અને વ્હેમોને દૂર કરી જ્ઞાન અથવા જ્ઞાનીનું આલંબન લેવું જોઇએ. જ્ઞાનરૂપ દીવાસળી ઘસવાની સાથે જે પ્રકાશ નીકળે છે, તે અંતઃકરણરૂપ ગુફામાં અનાદિકાળથી પસરેલા મોહરૂપ ગાઢ અંધકારને એક ક્ષણમાં ફોડી નાખે છે. શ્રેણીક રાજાની પાસે તેવા જ્ઞાની પુરૂષોની હાજરી નહોતી કિન્તુ વ્હેમીઓ અને અંધશ્રદ્ધાળુઓની ભરતી હતી તેથી ધર્મ

વૃત્તિઓને પગભર થવાનો અવકાશ ન મળતાં ચિત્રશાળા પ્રત્યેની મોહક વૃત્તિ વધારે પ્રબળ બની, રાજાને એક ઘોર કૃત્ય કરવાની લાલચમાં સપડાવવાને સમર્થ થઇ હતી. આ વાત આપણને બીજું પ્રકરણ વાંચવાથી વધારે વિદિત થાય છે.

ત્રીજું પ્રકરણ ધનનો લોભ અને સ્વાર્થવૃત્તિ માણસને કેવી રીતે ઉંધે માર્ગે દોરી જાય છે તે દર્શાવે છે. ખરૂં જ કહ્યું છે કે,

स्नेहमूलानि दुःखानि रसमूलाश्च व्याधयः।
लोभमूलानि पापानि त्रीणि त्यक्त्वा सुखी भव ॥

અર્થાત્–દુઃખનું મૂળ સ્નેહ છે, વ્યાધિનું મૂળ ભોગાસક્તિ, પાપનું મૂળ લોભ છે. સુખી થવું હોય તો એ ત્રણેને છોડી દે. લોભનો દુનિયામાં થોભ નથી. ઉત્તરાધ્યયનના નવમા અધ્યયનમાં તૃષ્ણાની જે નિઃસીમતા બતાવી છે તે બરાબર છે.

सुवन्नरूप्पस्सउ पव्वया भवे।
सिला हु केलाससमा असंखया॥
नरस्स लुद्धस्स न तस्स किंचि।
इच्छा हु आगास समा अणंतीया ॥

અર્થ:—એક માણસને સુવર્ણ અને રૂપાના મેરૂ જેવડા અસંખ્ય પર્વતો આપવામાં આવે તોપણ તૃષ્ણાતુર માણસની દૃષ્ટિએ તે પૂરતું નહિ મનાય કેમકે આકાશની પેઠે ઇચ્છા–તૃષ્ણા અનંત–અપરિમિત છે.

અનેક ચિત્રશાળાઓ છતાં એક બાળકને ભોગે નવી ચિત્રશાળાની માલેકી ધરાવવાની જેમ શ્રેણિકની તૃષ્ણા હતી, તેમ

ઋષભદત્ત અને ભદ્રા બ્રાહ્મણીને પણ ધનિક બનવાને સોનૈયા મેળવવાની તૃષ્ણા થઇ કે જે તૃષ્ણાએ પુત્રને વેચવા સરખું નિંદ્યમાં નિંદ્ય કામ કરવાને એક બ્રાહ્મણ યુગલને તૈયાર કર્યું. બીજી તરફ સંસારી સગાં વ્હાલાંઓનો સંબંધ કેવો સ્વાર્થ-પ્રધાન છે, સ્વાર્થ વિના કોઇ કોઇને ચ્હાતું નથી એ બીના આ પ્રકરણ સ્પષ્ટ સમજાવે છે.

ચોથું પ્રકરણ ધર્મ અને નમસ્કારમંત્રનું માહાત્મ્ય દર્શાવે છે. દુઃખ યાને આપત્તિના વખતમાં બીજા બધા દૂર થાય છે ત્યારે ધર્મ આશ્વાસન આપી શાંતિ ઉપજાવે છે, મિત્રની ગરજ સારે છે, અને આપત્તિના વાદળને દૂર કરે છે. કેટલાએક લોકો કહે છે કે અમે ધર્મ કરીએ છીએ પણ તેનું ફળ અમને કેમ દૃષ્ટિગોચર થતું નથી? આનો ઉત્તર એ જ આપી શકાય કે જોઇએ તેવી નિર્મળ વૃત્તિ અને દૃઢ શ્રદ્ધાથી ધર્મ કરવામાં આવે તો જ તેનું માહાત્મ્ય જણાય. નામનો ધર્મ કાર્યસાધક થતો નથી, પણ વાસ્તવિક ધર્મ ફળ આપે છે. અમરકુમારે અચલ શ્રદ્ધાથી નમસ્કાર મંત્ર કે જેની અંદર જગતના સર્વ ઉત્તમ પુરૂષોને નમસ્કાર થવાનો સમાવેશ કરવામાં આવ્યો છે તેના સ્મરણ અને જાપથી વિઘ્નનું વાદળ વિખરાઇ ગયું, અને પોતાની સાથે ધર્મનો વિજય વાવટો ફરકવા માંડયો.

પાંચમા પ્રકરણમાં આફતમાંથી બચેલો અમરકુમાર સંસારની અસારતા જોઈ સંયમ અંગીકાર કરે છે–સંસારથી વિરક્ત બને છે. તે પણ નાસીપાસ થયેલી દશામાં નહિ, પણ જ્યાં શ્રેણીક રાજા રાજ્ય આપવાને તૈયાર થાય છે ત્યારે

રાજસંપત્તિને તુચ્છ ગણી સંયમ સંપત્તિનો સ્વીકાર કરે છે એ તેની પ્રબળ વૈરાગ્ય વૃત્તિ દર્શાવે છે. સંયમમાર્ગ આવા વૈરાગ્યવાળાઓને માટે જ શ્રેયસ્કર છે. **असमर्थो भवेत् साधुः** એવાથી કંઇ આત્મસાધન થતું નથી. સંસારમાં વૃદ્ધ થયેલાઓએ આ તરૂણનો દાખલો લઇ સમજણપૂર્વક વૈરાગ્ય ધારણ કરી જેમ બને તેમ વિરક્તિ–નિવૃત્તિ માર્ગ તરફ પ્રયાણ કરવાને પંથે પડવું.

છઠ્ઠા પ્રકરણમાં સ્વાર્થાંધ મનુષ્યોમાં કેટલી હદસુધી અધમતા હોય છે તે બતાવ્યું છે. આ કથાના મુખ્ય પાત્ર તરૂણ મુનિ જ્યારે ઉત્તમતાને શિખરે પહોંચે છે ત્યારે તેની માતા એક તૃષ્ણાને લીધે નીચતાને તળીયે બેસે છે.

એકંદર આ કથા તૃષ્ણા અને સ્વાર્થવૃત્તિથી કેવાં અધમ કાર્યો થાય છે તેના દષ્ટાન્તરૂપ છે. યોગ્ય–અધિકારી જીવો તેના અધમ વાતાવરણની નીચે ઉછરીને પણ કમળવત્ નિર્મળ થઇ અમરકુમારની પેઠે ઉત્તમ પદ મેળવે છે.

રાજા શુદ્ધમતિ.

પૂર્વે શુદ્ધમતિ નામે એક રાજા હતો. તે રાજા હમેશાં આનંદમાં કાળ નિમગ્ન કરતો હતો. નાયિકાઓના નાટારંગ, ખેલાડીઓનાં અને નાટકીઆનાં વિધવિધ રસથી ભરપૂર નવી

નવી શૈલીનાં નાટકો જોઇને આનંદ માનવામાં જ તે પોતાની જીંદગીનું સાર્થક્ય થએલું માનતો હતો. જોકે તેનું નામ રાજા 'શુદ્ધમતિ' હતું પરન્તુ નામ પ્રમાણેનો ગુણ તેનામાં નહોતો. પ્રજાપતિ તરીકે પોતાનો ધર્મ-ફરજ શું છે તે તો બિલકુલ તેના જાણવામાં જ નહોતું. પોતાની રાજપદ્ધતિથી પ્રજામાં કોઈ પણ તરેહની પીડા ઉત્પન્ન થતી હોય તો તે પદ્ધતિનો તેણે ત્યાગ કરવો જોઇએ. પ્રજાની આબાદી અને તેનો સંતોષ એ જ રાજ્યની અખંડતાની નિશાની છે. પ્રજા એક કામધેનૂ ગાય છે કે જે નિરંતર પોતાના સ્વામીને-રાજાને દૂધ આપ્યાં કરે છે; પરન્તુ તે ત્યારે જ કે જ્યારે તેનો સ્વામી તેને સંતોષરૂપી ખોરાકથી નિરંતર તૃપ્ત રાખે! એ ખોરાક વિના તે કામધેનૂનું ખોળિયું પણ હૈયાત રહી શકતું નથી. પોતાનો આ ધર્મ શુદ્ધમતિ જાણતો નહોતો તેથી રાજ્યમાં અંધેર ચાલતું હતું અને મીલકત ઉપર અધિકારીરૂપી રાક્ષસોની ધાડ પડતી હતી. પ્રજાની આવી સ્થિતિમાં એક જાદુગરના બે દિકરાઓ પણ એ જુલમનો ભોગ થઇ પડયા. તેમનો બાપ તેમને નાના મૂકીને મરી ગયો હતો અને જે થોડો ગીરાસ હતો તેની ઉપજ ઉપર એ બે ભાઇઓ પોતાનો નિર્વાહ ચલાવતા હતા. એવામાં રાજ્યમાં અંધેર ચાલતાં તેમનો ગીરાસ લુંટાઇ ગયો અને રાજ્યમાં કોઇએ તેમની દાદ ફરિયાદ સાંભળી નહિ.

નિર્વાહ કરવાનું એકે સાધન હવે તે ગરીબ છોકરાઓની પાસે રહ્યું નહિ. જો તેઓ પોતાના બાપદાદાનો જાદુ કરવાનો ધંધો શીખ્યા હોત તો એ સમયે તેમને તે ઉપયોગી થઇ

પડત. કોઈએ તેમને તેમના બાપદાદાનો ધંધો શીખવાની સૂચના કરી અને કહ્યું કે "રાજા એવા તમાશાઓનો શોખીન છે અને જો તેને ખુશ કરશો તો તમારો ગીરાસ તમને ભવિષ્યમાં પાછો મળે એવો સંભવ છે." આ ઉપરથી એ બન્ને છોકરા પોતાને મોસાળ જઈને બહુવિધ જાદુ કરવાની કળા શીખવા લાગ્યા.

કેટલેક વખતે તે બન્ને છોકરા જાદુવિદ્યામાં પ્રવીણ થયા, એટલે પાછા પોતાને ગામ આવ્યા અને રાજા પાસે ગયા. પોતાની વિદ્યાની અજમાએશ રાજાની સમક્ષ કરી બતાવવાની તેમણે રાજાને વિનંતિ કરી. રાજાએ તે વિનતિ સ્વીકારી અને કહ્યું: "હું આ હોજમાં નાહી લઉં, પછી તમારો તમાશો જોઈશ."

રાજા વસ્ત્રાલંકારો સેવક જનોને આપી તે હોજમાં ન્હાવા પડ્યો અને અનેક પ્રકારની જલક્રીડા કરવા લાગ્યો. પેલા જાદુગરો માંહેનો એક તુરત જ હોજમાં કૂદી પડ્યો અને ડુબકી મારી ગયો રાજા જ્યાં જલક્રીડા કરતો હતો, ત્યાં પાણીમાં ગુપ્ત રીતે ચાલી આવીને તેણે રાજાનો પગ ખેંચ્યો એટલે રાજાને ક્રોધ ચઢ્યો. "જો લુચ્ચાએ મને ડુબાવવા માંડ્યો" એમ કહી રાજા પણ ડુબકી મારી ગયો.

જાદુગરે રાજાનો પગ ખેંચ્યો કે તરત જ રાજાને જૂદો જ ભાસ થવા લાગ્યો કે: "જાદુગર મને પાણીમાં ખેંચી ગયો અને એક નદીને તીરે હું ગોથાં ખાતો ખાતો નીકળ્યો."

નદી એક અઘોર અરણ્યમાં વહન કરતી હતી. આસપાસના જંગલમાં કોઇ પણ મનુષ્ય જોવામાં આવતું નહોતું.

એક બીજાની ડાળીઓમાં ડાળીઓ ભરાવી રહેલાં વૃક્ષો અને વરૂ કે શિયાળ માત્ર જણાતાં હતાં. આવું અઘોર જંગલ જોઇને રાજા શુદ્ધમતિ તો બ્હીવા લાગ્યો અને વિચાર્યું કે હું એકલો આ જંગલમાં હવે કયાં જઇશ અને શું કરીશ? ભીતિને લીધે વિધવિધ તરેહના વિકાર મનોદુર્ગમાંથી બહાર નીકળી આવ્યા. ક્ષત્રિય હોવા છતાં મોજશોખમાં જ જીંદગી ગાળેલી હોવાથી હીંમત અને મરદાનગી તેનામાં નહોતાં. શુદ્ધમતિ ભયનો માર્યો થરથર કંપવા લાગ્યો અને હવે પોતાની શી ગતિ થશે એવા વિચારપૂર્વક મુંઝાવા લાગ્યો.

મુંઝાતા હૃદયે છેવટે પોતાનો માર્ગ કર્યો. આમ ઊભા રહેવાથી કાંઇ પણ વળવાનું નથી એમ વિચારી રાજા જંગલ તરફ ચાલવા લાગ્યો. ઉઘાડે પગે ચાલવાથી પગે કાંટા ભોંકાવા લાગ્યા અને ઠેસો વાગવા લાગી. કેડી વિનાના જંગલમાં કયાં ચાલવું તે સૂજતું નહોતું તેથી આડાઉ ઉગી નીકળેલાં વૃક્ષોમાં થઇને રાજા નિઃશ્વાસ નાંખતો ચાલતો હતો.

સાંજ પડી ચૂકી પણ હજી કયાંય વિરામ લીધો નહોતો કે કોઇ વિશ્રામસ્થળ દૃષ્ટિએ પડતું નહોતું. અસ્ત પામતા સૂર્યે જગતને વંદન કરી રજા માંગી અને તે સાથે રાજાના હૃદયમાં નિરાશા સાથે દુઃખનો અંકુર મૂકયો.

"આવી અંધારી રાત્રે અને આવા કેડી વિનાના અઘોર જંગલમાં હું કયાં આથડીશ? ધાતકી પશુઓના ઉપદ્રવવાળા જંગલમાં હું રાત્રિવાસ પણ કયાં કરીશ?" આ વિચારે રાજાના મસ્તિકને ચકડોળે ચઢાવ્યું. સૂર્યનો અસ્ત થઇ ગયો હતો પરન્તુ શરૂ થતી રાત્રિ પહેલાંનો સંધ્યાપ્રકાશ હજી જંગલમાં

પ્રવેશ કરતો હતો, તેથી દૃષ્ટિમર્યાદા જો કે ટુંકી થઇ ગઇ હતી અને અત્યંત દૂરની કોઈ પણ વસ્તુ દેખાતી નહોતી, તોપણ નજીકમાં શું શું આવી રહ્યું છે તે શુદ્ધમતિની દુઃખથી આતુર આંખો જોઇ શકતી હતી. આસપાસ નજર કરતાં કેટલેક છેટે એક ઝુંપડી જોવામાં આવી અને નિરાશામાંથી આશાનો અંકુર સ્ફુરિત થતાં રાજા હર્ષિત થઇને ઝુંપડીની દિશાએ વળ્યો.

આંખવતી ન જોઇ શકાય એવું અંધારૂં થયા પહેલાં શુદ્ધમતિ ઝુંપડી પાસે પહોંચી ગયો. ઝુંપડી આસપાસ ઉગેલાં વૃક્ષોની સાથે લાકડાં બાંધી દઇને બનાવવામાં આવી હતી અને તેની ઉપર પાંદડાં-ડાંખળાં પાથરી દીધાં હતાં, તેથી તે એક પર્ણકુટી જ બની ગઇ હતી. ભયથી થરથરતો પરંતુ આશાથી હર્ષિત થતો શુદ્ધમતિ કુટીમાં ગયો કે તુરત જ શરીરે જર્જરિત થઇ ગએલો એક યોગી તેની નજરે પડયો. લાચાર થઇ ગએલા શુદ્ધમતિએ દંડવત્ પ્રણામ કર્યા અને યોગીના મુખભણી નજર કરી તેની સમીપ બેઠો.

યોગી બોલ્યોઃ "વત્સ ! તું અહીં કેમ આવ્યો છે ? આ જંગલમાં બહુ ભય છે, માટે અહીંથી સત્વર નિકટની વસતીમાં ચાલ્યો જા."

"યોગી મહારાજ !" રાજાએ કહ્યું: "હું રખડતો રખડતો આપની પાસે આવી પહોંચ્યો છું. નિકટમાં કયાં વસતી છે તેની મને ખબર નથી. તો મારાપર દયા કરી મને આજની રાત અહીં રહેવા દેશો ?"

રાજાનાં દીન વચન સાંભળીને યોગીના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ અને તેણે રાજાને દિલાસો આપ્યો. તાત્કાલિક

નિર્વાહને અર્થે કેટલાક પદાર્થો તેને ખાવા આપ્યા તે ખાઇને રાજાએ પોતાની ક્ષુધાને શાન્ત કરી.

કેટલીક વારે યોગીએ કહ્યું: "હે પુત્ર! તારા ચિત્તમાં તું ભયને અવકાશ આપીશ નહિ. પરમાત્માની કૃપાથી આ વનમાં કોઇ પણ વસ્તુ તને દુ:ખકારક થઇ પડશે નહિ, માટે તારે આ કુટીમાં નિર્ભય રહેવું."

રાજાએ કહ્યું: "હે મહારાજ! આપની કૃપાથી હું નિર્ભય જ છું. મને ભયકર દેખાતા આ વનમાં જ્યારે તમે પોતેજ નિર્ભય રહ્યા છો તો આ ગરીબ તૃણવત્ જીવને આપ નિર્ભય રાખશો જ એવી મારા હૃદયની પૂર્ણશ્રદ્ધા છે. હે યોગિન્! હું એક રાજા છું."

યોગીએ આશ્ચર્ય પામતાં કહ્યું: "તુ એક રાજા છે? અહા! તારૂં આતિથ્ય કરવાથી, ખરેખર, હું આનંદ પામ્યો છું. રાજેન્દ્ર! તું અહીં ક્યાંથી આવી ચડયો?"

"યોગી મહારાજ! હું મારા દેશમાંથી ભૂલો પડયો છું, અને આ વનમાં આકસ્મિક રાતે આવી ચડયા છું. મને પોતાને પણ સ્મરણ થતુ નથી કે હું અહીં કેવી રીતે આવ્યો?"

"વારૂ, અત્યારે તો નિદ્રા લે."

અનેક વિચારોમાં ગુંથાઈ ગએલો શુદ્ધમતિ થોડી વારે નિદ્રાધીન થયો. રાજા સૂઇ ગયો, ત્યારપછી કેટલીક વારે યોગીએ પણ શયન કર્યું.

* * * *

પ્રભાત થયું. પક્ષીઓનો મધુર કલરવ શરૂ થયો, અને શુદ્ધમતિના કાનમાં પેસી પ્રતિઘોષ કરવા લાગ્યો. બાલસૂર્યનો

મધુરો તાપ ધીમે ધીમે શાન્ત ચક્ષુઓને ગરમ કરવા લાગ્યો. મન્દ અને શીતલ પવનની ધીમી લહેર આવવા લાગી. આ વખતે શુદ્ધમતિ આંખો ચોળતો ચોળતો ઉઠચો અને આસપાસ નજર કરવા લાગ્યો તો યોગીને એક આસનપર શાન્ત સ્થિતિમાં બેઠેલા જોયા. થોડી વારે યોગીરાજ પણ જાગ્યા અને રાજાને કહ્યું: 'રાજેન્દ્ર ! આસપાસનો પ્રદેશ તેમજ શહેરો બહુ રમણીય છે અને જોવા જેવાં છે, માટે જો ઇચ્છા હોય તો જા. બીજો પ્રહર વ્યતીત થાય એટલે અત્ર ભોજન કરવાને આવજે."

શુદ્ધમતિ હમેશાં રમણીય સ્થળો જોવાનો શોખ ધરાવતો હતો, પરન્તુ રખેને કોઇ જંગલી પશુ જંગલમાં જ પોતાનો જીવ લઈ લે તો શું થાય? એવો ભય તેના ચિત્તમાં પેદા થયો અને તે તેણે યોગીને વિદિત કર્યો. યોગીને હાસ્ય આવ્યું અને કહ્યું: "રાજન્! ભલે, મારી નાંખે તોપણ શું થયું ! હતું શું અને ગયું પણ શું ? પંચભૂતાત્મક શરીર પંચભૂતમાં મળી જશે ! માટે તું તારે નિશ્ચિન્ત થઇને જા ! "

યોગીના આ શબ્દોથી રાજાને કાંઇ હિંમત આવી નહિ. તેણે કહ્યું: "યોગીરાજ ! એવો વિરક્તનો વિચાર અમ સંસારીઓના હૃદયમાં પ્રવેશ કરી શકે નહિ ! આપ તો મહાત્મા છો, ઉપાધિરહિત અને નિઃસ્પૃહી છો, પણ અમારા જેવા ઉપાધિથી ભરપૂર જીવોનાં મલીન હૃદયોમાં એવો વિચાર ઠસી શકે નહિ."

આ સાંભળીને યોગીએ રાજાની આંખમાં કોઇ જાતનું અંજન આંજ્યું અને કહ્યું: "રાજેન્દ્ર! હવે તુ નિર્ભય થયો!

આ અંજન જ્યાંસુધી તારી આંખોમાં રહેશે, ત્યાંસુધી તને કોઇ મનુષ્ય કિંવા પ્રાણી જોઇ શકશે નહિ."

રાજા હવે ખુશ થયો અને નિર્ભય બની યોગીએ બતાવેલા રસ્તે ચાલ્યો. કેટલીક વારે તે એક શહેરમાં આવી ચડયો. યોગીએ કહ્યા પ્રમાણે એ શહેર ઘણું શોભીતું હતું. વળી તે વધારે રમણીય તો એથી દેખાતું હતું કે ત્યાંના રાજાની કુંવરીનાં તે દિવસોમાં લગ્ન થવાનાં હતાં. લગ્નનો પ્રસંગ હોવાથી રાજ્યમંદિર તેમજ આખું શહેર ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યું હતું. સ્થળે સ્થળે રંગબેરંગી ચિત્રો આલેખવામાં આવ્યાં હતાં. દુકાને દુકાને પરોણાઓને આવકાર આપનારા શબ્દોની ગોઠવણ કરવામાં આવી હતી. રેશમમાં પરોવેલાં મોતીનાં તોરણો લટકાવી દેવામાં આવ્યાં હતાં. આ સઘળું જોતો જોતો શુદ્ધમતિ રાજા ચાલ્યો. કેટલેક દૂર ગયો એટલે રાજમંદિર આવ્યું. ત્યાં વિવિધ તરેહનાં વાદિત્રોના નાદ રમણીઓનાં ઉલ્લાસભેર ગવાતાં ગીતોમાં મિશ્રિત થઈને સંભળાતા હતા. ત્યાંથી થોડે દૂર ગયો તો એક સુશોભિત મંડપ શુદ્ધમતિના જોવામાં આવ્યો. આ મંડપને નિહાળી રહેતા બે ગીરાસીઆ કેટલેક દૂર ઊભા રહી વાતો કરતા હતા ત્યાં રાજા ગયો અને તેમની વાતો સાંભળતો તેમની પાસે ઊભો.

"રાજસિંહ! મહેનત તો ઘણીએ કરી, પણ નિષ્ફળ ગયો. તેનું મન લોભાવવાને અનેક યુક્તિઓ કરી, પણ તે ડગી નહિ!" એક બોલ્યો.

બીજાએ કહ્યું: "ભલે, એને માટે કાંઇ શોક રાખવો નહિ. જેની સાથે તેના લેખ જોડાયા હશે તેની સાથે તેનો યોગ થયો! વિધિએ લખ્યું હશે તેવું થયું!"

"પણ રાજસિંહ ! વિધિ ઉપર આધાર રાખીને કેમ બેસી રહેવાય ? એ સુંદરીના રૂપે અને લાવણ્યે મને તદન ગાંડો બનાવી દીધો હતો ! અહા ! રાજસિંહ ! શું એની સુંદરતા અને એના શબ્દોની મધુરતા ? "

"ભાઇ! રૂપવતી સ્ત્રીઓ તો જગતમાં ઘણીએ હોય છે, પણ તેમને જોઇને લોભાઈ જવું અને તે પ્રાપ્ત ન થતાં આવી રીતે ગાંડા બની જવું તથા આખો દિવસ શોચ કરવો એ કાંઇ તમને શોભે નહિ ! "

એમ વાતચીત કરતા બન્ને જણ ચાલ્યા ગયા, પણ તેમની વાતચીતે શુદ્ધમતિની હૃદયગુફામાં એક ગુપ્ત ઇચ્છા મૂકી. દિવસના ત્રણ પ્રહર વીતી ગયા હતા, પરન્તુ યોગીની આજ્ઞાનું હજી તેને સ્મરણ થતું નહોતું. જ્યારથી તેણે પેલા બે ગીરાસીઆની વાતચીત સાંભળી હતી, ત્યારથી તેના વદન ઉપર ગ્લાનિ છવાઇ રહી હતી. એ ગ્લાનિમાં ન રહ્યું વખતનું ભાન કે ન રહ્યું જમવાનું ભાન. સંધ્યાકાળ નજીક આવ્યો એટલે તેને યોગીનું સ્મરણ થયું અને તુરત જ ઉતાવળે પગલે તે પાછો ફર્યો. થોડા વખતમાં તે પાછો યોગીની પર્ણકુટીમાં આવી પહોંચ્યો. યોગીએ કહ્યું: "વત્સ ! કેમ ? પ્રાન્ત પ્રદેશ તને કાંઇ બહુ રમણીય લાગ્યો કે આટલો બધો વખત થયો છતાં તને ભોજન કરવાનું પણ સાંભર્યું નહિ ? "

" હા, મહારાજ ! " રાજાએ ઉંચે મને ટુંકો ઉત્તર આપ્યો.

" વારૂ, પણ તારા વદનપર આજે ગ્લાનિ પથરાએલી હું કેમ જોઉં છું ? મને લાગે છે કે તારા અંતરને કોઇક ગુપ્ત વ્યથા પીડિત કરે છે. "

આ સાંભળીને રાજા લજ્જિત થયો અને કાંઇ પણ ઉચ્ચાર કરી શકયો નહિ. યોગીએ જ્યારે વધારે આગ્રહથી પુછયું, ત્યારે રાજાએ જવાબ આપ્યો: "મહારાજ! સૌથી પહેલાં ક્ષમા માંગીને હું મારો વિચાર આપને જણાવું છું. હું જે પ્રદેશમાં ગયો હતો તે પ્રદેશના રાજાની કુંવરીનાં થોડા વખતમાં લગ્ન થવાનાં છે. કુંવરી અતિ સ્વરૂપવતી છે એમ મારા સાંભળવામાં ત્યાં આવ્યું. ત્યારથી તેના રૂપનું દર્શન કરવાને મારૂં મન ઉત્સુક બની રહ્યું છે. માત્ર તેનું રૂપ નિહાળવાની મને અભિલાષા છે; અન્ય કાંઇ અપેક્ષા નથી."

"રાજેન્દ્ર!" યોગીએ ઇષત્ સ્મિત કરીને કહ્યું: "તેના રૂપનાં દર્શન કરવાની તારી અભિલાષા હશે, પરન્તુ માત્ર બાહ્ય રૂપનાં દર્શનથી શો લાભ? એ રૂપ ગમે તેવું હશે, પરન્તુ કાળે કરીને નષ્ટ થવાનું છે, માટે એ મિથ્યા અભિલાષાને છોડી દે."

'મહારાજ! મારૂં મન એ માટે એટલું ઉત્સુક બની રહ્યું છે કે તેનાં દર્શન વિના મને જરા પણ ચેન પડશે નહિ. માત્ર તેને જોવાની જ મને જિજ્ઞાસા છે. દૂષિત અભિલાષાથી હું વિરકત છું."

"રાજન્! માણસ પોતાની મનોવૃત્તિને આધીન છે. જે ઇચ્છા અત્યારે તારા હૃદયમાં છે તે જ ઇચ્છા જરા પણ ફેરફાર વિના અંત સમય સુધી ટકી શકશે કે નહિ એ માટે માણસનું ચલિત મન કદી નિશ્ચિત રહી શકતું નથી. નિર્બળ મનના મનુષ્યોની વૃત્તિ દરેક પળમાં ફરતી જાય છે. અત્યારે તારી જેવી શુદ્ધ વૃત્તિ છે તેવી જ શુદ્ધ વૃત્તિ તે કુમારિકાના રૂપનું દર્શન કરતી વખતે રહેશે કે નહિ તે માટે તું શું કહી શકે છે?"

"હું નિશ્ચયપૂર્વક કહું છું કે મારું મન કદી ચલિત થશે નહિ."

"અસ્તુ ! ત્યારે આવતી કાલે તારી ઇચ્છાનુસાર વર્તજે."

શુદ્ધમતિને ગુરુની આજ્ઞા મળવાથી હર્ષ થયો. બીજે દિવસે મધ્યાહ્ન વીત્યા પછી તે બહાર જવાને તૈયાર થયો. યોગીએ તેની આંખમાં અંજન આંજ્યું એટલે શુદ્ધમતિ અદૃશ્ય બન્યો.

સંધ્યાસમય થવા આવ્યો એટલે શુદ્ધમતિ ગામમાં પહોંચ્યો, અને રાજમંદિરે પહોંચતાં તો સૂર્યાસ્ત પણ થઈ ગયો. કુંવરીનો મહેલ ક્યાં હશે તે જોવા-જાણવામાં થોડો વખત થયો અને તિમિરનું રાજ્ય સર્વત્ર પ્રસરી ગયું. દીવા-બત્તીઓ થઇ. શુદ્ધમતિ કુંવરીના મહેલને દાદરે ચડયો. તે અદૃસ્ય હોવાથી કોઇ તેને જોઇ શક્યું નહિ. વિશાળ મહેલમાં શુદ્ધમતિ આમતેમ ફરવા લાગ્યો અને કુંવરીને શોધવા લાગ્યો. દાસીઓ લગ્નની ધામધુમમાં આમતેમ પરિક્રમણ કર્યા કરતી હતી. નોકરવર્ગ પોતાના કામકાજમાં સાવધાન હતો. શુદ્ધમતિ આખા મહેલમાં જૂદી જૂદી જાતની રચના નિહાળતો ફરવા લાગ્યો. છેવટે તેણે કુંવરીના શયનગૃહમાં પ્રવેશ કર્યો.

આ વખતે રાત્રિનો એક પ્રહર વીતી ગયો હતો. સાધારણ નોકર-ચાકરની આવજા બંધ થઈ ગઇ હતી. કુંવરી એક મખમલની તળાઇવાળા સુશોભિત પલંગ ઉપર પડી હતી અને પાસેના કૉચપર બેઠેલી પોતાની સખીઓ સાથે સહાસ્ય આનંદની વાતો કરતી હતી. કુંવરીના તેજસ્વી વદન ઉપર સામેની દીપમાળાનો પ્રકાશ પડતાં તે વધારે તેજસ્વી

દેખાતું હતું. કપોલદ્વયમાંથી તેજનાં કીરણો સ્ફુરી નીકળ્યાં હોય તેવો ભાસ થતો હતો. હડપચીને ટેકાવી રાખનાર હસ્તની કનિષ્ટ અંગુલીમાં પહેરેલી વીંટીનો હીરો આ દૃશ્યની રમ્યતામાં ઓર જ વધારો કરી રહ્યો હતો. કુંવરીની અલૌકિક કાન્તિ અને તેની મધુર વાણી સાંભળતાં જ રાજા શુદ્ધમતિ મૂર્છિત થઇને પડી ગયો. નીચે ઊનનો ગાલીચો પાથરવામાં આવ્યો હતો તેથી ધીમો અવાજ થયો, તોપણ તે અવાજ કુંવરીનું ધ્યાન ખેંચ્યા વગર રહ્યો નહિ, પરંતુ ઓરડામાં કોઇ ન દેખાવાથી શંકા દૂર થઈ.

મધ્યરાત્રિ વીતી ગઈ, ત્યાંસુધી શુદ્ધમતિ કુંવરીની કાન્તિ જોઇને ગુપ્ત રીતે બેસી રહ્યો. સખીઓ પોતપોતાને સ્થાનકે ગઇ અને કુંવરી નિદ્રિત થવાને મથન કરવા લાગી. કવિઓએ એકાન્તવાસને કામદેવનો જનક કહ્યો છે તે અત્યારે ખરૂં પડ્યું. યોગીની આજ્ઞા હતી કે કદિ દુષ્ટ અભિલાષા ન કરવી, તોપણ શુદ્ધમતિનું મન વશ રહ્યું નહિ. કુંવરીનું ગૌર કાન્તિમય વદન અને તે ઉપર પડતો દીપકનો પ્રકાશ, એથી તેજનો સ્થંભ બંધાઇ ગયો હોય એવો ભાસ થતો હતો. કુંવરીના તેજસ્વી વદન ઉપર શુદ્ધમતિનાં નેત્રો અલ્પ સમય સુધી સ્થંભી જ રહ્યાં. મુખચન્દ્રમાંથી પ્રસરતાં મોહનાં કિરણો સત્વર શુદ્ધમતિની આંખમાં આવીને નિવાસ કરી રહ્યાં, એટલું જ નહિ, પણ ધીમે ધીમે તેના શરીરમાં પ્રસરી દુષ્ટ કામજ્વરને ઉત્પન્ન કરવા લાગ્યાં. શુદ્ધમતિની મનોવૃત્તિ પળે પળે વધારે સતેજ થવા લાગી અને છેવટે એ જ્ઞાતયૌવના કન્યકાને એણે વ્યથિત કરી; તુરત જ શુદ્ધમતિ મહેલ છોડીને રસ્તે

પડ્યો. યોગી આ સઘળો બનાવ પોતાના અંતશ્ચક્ષુઓથી જાણતો હતો. શુદ્ધમતિ એમ માનતો હતો કે પોતાનું દુષ્ટ કર્મ કોઈ જાણતું જ નથી! વિલાસી રાજાની મનોવૃત્તિએ પોતાનો પ્રભાવ બતાવ્યો. ખરૂં છે કે **कामान्धो नैव पश्यति.**

આ પ્રમાણે કેટલાક દિવસ વ્યતીત થયા. શુદ્ધમતિ હમેશાં મહેલમાં જતો અને કુંવરીના કૌમાર્યને દૂષિત કરતો હતો પરન્તુ તે અદૃશ્ય રહેતો હોવાથી કોઈ જોઇ શકતું નહોતું. કુંવરીની દુઃસ્થિતિ વિષેની આ વાત આખા રાજમહેલમાં પ્રસરી ગઈ. જૂદે જૂદે વખતે જૂદા જૂદા માણસોના પહેરા રાખવામાં આવ્યા, પણ કોઇ તેને પકડી શક્યું નહિ. કુંવરી પ્રતિદિન શરીરે કૃશ થવા લાગી. આ વાત ધીમે ધીમે ગામમાં પણ પ્રસરી. કોઇ કાંઇ પણ ઉપાય કરી શક્યું નહિ. છેવટે એક વિચક્ષણ પુરૂષે એક યુક્તિ કરી. તે પુરૂષ એક દિવસ મહેલને બારણે પહેરો રાખીને બેઠો, પણ આખી રાત કોઇ તેના જોવામાં આવ્યું નહિ અને કુંવરીની સ્થિતિ તેવી ને તેવી જ થઇ. આ ઉપરથી તે સમજી શક્યો કે તે પુરૂષ એ સ્થળે અદૃશ્ય બનીને આવતો હોવો જોઇએ. બીજે દિવસે મહેલમાં જવાની નિઃસરણીનાં પગથીયાં ઉપર સૂકાં મરચાં પાથરી દેવામાં આવ્યાં અને પેલો પુરૂષ એક સ્થળે નજર રાખતો બેઠો.

વખત થતાં જ શુદ્ધમતિ અદૃશ્ય થઇને આવ્યો અને મરચાં પાથરેલાં પગથીયાં ઉપર ચડવા લાગ્યો. જેમ જેમ મરચાં ભંગાતાં ગયાં તેમ તેમ તેનો બારીક લોટ ચોતરફ ઉડવા લાગ્યો, અને અર્ધાં પગથિયાં તો શુદ્ધમતિ ચડ્યો નહોતો, એટલામાં મરચાંને લીધે આંખમાંથી આંસુ નીકળવા

લાગ્યાં! આંસુથી આંખમાંનું અંજન ધોવાઇ ગયું અને અદૃશ્ય શુદ્ધમતિ દૃશ્ય બની ગયો!

તે જ સ્થળે શુદ્ધમતિને પકડી લેવામાં આવ્યો અને બંદીખાનામાં પૂરવામાં આવ્યો. બીજે દિવસે તેને રાજાની સમક્ષ હાજર કરવામાં આવ્યો. ત્યારે તેણે પોતાનો સઘળો અપરાધ કબૂલ કર્યો, અને અંજન આંજનાર યોગીનું સ્થળ પણ બતાવ્યું. તુરત યોગીને પકડવાને માણસો મોકલવામાં આવ્યાં. માણસોએ યોગીને રાજાનો હુકમ જણાવ્યો પણ યોગીએ તે માન્ય કર્યો નહિ. પોતાનું અપમાન થએલું જાણીને રાજાએ તેને બાંધી લાવવાનો પોતાના માણસોને હુકમ કર્યો. માણસોએ આવીને યોગીને બાંધવા માંડયો પણ પ્રયત્ન નિષ્ફળ ગયો. હાથ બાંધવા જતાં હાથ તૂટી ગયા, પગ બાંધવા જતાં પગ તૂટી ગયા અને કાન પકડવા જતાં કાન ખરી પડયા! આ બનાવ જોઇને માણસો દિગ્મૂઢ બની ગયા.

માણસો નિરાશ થઇને પાછા ફર્યા. ગામમાં પ્રજાની સ્થિતિ ભયંકર થઇ પડી હતી. સેંકડો વાઘનાં ટોળાં જ્યાં ત્યાં આખા ગામમાં અહીં તહીં ફરતાં હતાં અને લોકો બચાવને અર્થે સંતાતા ફરતા હતા. એકાએક આ અદ્ભુતતા પ્રસરેલી જોઇ રાજા પણ ગભરાયો અને કારણ સમજી શકયો નહિ. જ્યારે યોગીની સઘળી વાત માણસોએ આવીને રાજાને વિદિત કરી ત્યારે "યોગીનું અપમાન થવાથી તેણે જ આમ કર્યું હશે" એવી કલ્પના તેણે કરી.

પોતાના પરિજન વર્ગ સહિત રાજા શુદ્ધમતિને લઇને યોગીની સમક્ષ જઇને ઊભો અને નમન કર્યું. યોગીને જોતાં જ

શુદ્ધમતિ શરમાવા લાગ્યો અને યોગીની દૃષ્ટિ તેના ઉપર પડતાં તો તેના શરીરમાંથી ભયને લીધે કંપારી છૂટી. યોગીનો ક્રોધ તેના સમજવામાં આવી ગયો અને તે યોગીને પગે પડતો બોલ્યોઃ " યોગીરાજ! મારો આટલો દોષ ક્ષમ્ય ગણી મને માફ કરો. પુનઃ આવું આચરણ હું કદી નહિ કરૂં. અતિ સ્વરૂપે મને મોહમુગ્ધ બનાવી દીધો અને દુષ્ટ કર્મ કર્યું, તો આ એક વખત મને ક્ષમા આપો."

યોગીનો ક્રોધ કાંઇક ઓછો થયો. તે બોલ્યોઃ "રાજન્! આ જગત્ના ક્ષુદ્ર લોકોનો મને સંપૂર્ણ અનુભવ છે. તેઓ દુષ્ટ કર્મો કરવામાં જરા પણ પાછી પાની કરતા નથી. પોતાનું કર્મ કેટલે દરજ્જે અવાસ્તવિક છે તેનો વિચાર તો તેઓ સ્વપ્ને પણ કરતા નથી! માત્ર બાહ્ય દૃષ્ટિને જે રમણીય લાગ્યું તેને તેઓ આંતર્ દૃષ્ટિથી પણ રમણીય માને છે. બહારથી જે શુદ્ધ જણાયું તેને અંતરૂથી પણ શુદ્ધ માને છે અને પછી તેમાં ફસાય છે. તેઓ જાણે છે કે આનું પરિણામ આગળ જતાં નાશકારક નીવડશે, તથાપિ તે વિચારને તો તેઓ ઉડાવી દે છે! અહા! કેવું આશ્ચર્ય? રાજન્! તારી જાતને પણ તેં આ સ્થિતિમાં મૂકી છે!"

પેલા નગરનો રાજા બોલ્યો: " મહારાજ! મારા પુરની સઘળી પ્રજા ભયંકર પશુઓના ઉપદ્રવથી વ્યથિત થાય છે તો હવે તેનું આપ નિવારણ કરો."

" રાજન્! " યોગીએ ઉત્તર આપ્યો : " તારી પુત્રીનું આ મારા શિષ્યની સાથે લગ્ન કર એટલે પ્રજાની વ્યથા દૂર થશે."

યોગીના આવા શબ્દો સાંભળીને રાજા દિગ્મૂઢ બની ગયો. કુંવરીનું લગ્ન અજાણ્યા પુરૂષ સાથે કરવાનું રાજાને રૂચ્યું નહિ, તેથી તેણે કહ્યું: "મહારાજ! એ શું ઉચિત છે?"

"હા રાજન્! એ જ ઉચિત છે. જો તુ બીજા સાથે લગ્ન કરીશ, તો કુંવરીનું વ્રત દૂષિત થશે, માટે મારી ઇચ્છાને અનુસર."

યોગીની ઇચ્છાનો અમલ થયો. પ્રજાની વ્યથા દૂર થઇ. શુદ્ધમતિને પણ આનંદ થયો અને રાજકુંવરી સાથે ગૃહસંસાર આરંભ્યો!

* * * *

શુદ્ધમતિને થતો સ્વપ્નવત્ આભાસ પૂરો થયો. ડૂબકી પૂરી થઈ અને જાદુગર તેમજ રાજા પાણીની બહાર નીકળ્યા. આ ડુબકી માત્ર બે જ પળ ચાલી! પરિજન વર્ગે કહ્યું: "રાજાધિરાજ! કેમ થોડા જ વખતમાં ડૂબકી મારી બહાર નીકળ્યા?"

શુદ્ધમતિ આશ્ચર્ય પામતો બોલ્યો: "શું થોડો જ વખત થયો? ડુબકીમાં તો હું આખો સંસાર ભોગવી આવ્યો!"

જાદૂગર બોલ્યો: "મહારાજ! સંસાર સ્વપ્નવત્ છે, ક્ષણિક છે તે હવે આપે જાણ્યું?"

માત્ર એ એક જ પ્રશ્ને રાજા શુદ્ધમતિનાં અંતશ્ચક્ષુઓને ઉઘાડયાં. સંસારની ક્ષણિકતા તેના ધ્યાનમાં આવી. તે જ વખતથી તેનું આચરણ બદલાઇ ગયું. વિલાસપર હવે તેને કંટાળો આવવા લાગ્યો. પ્રજાપ્રતિના ધર્મોનું હવે તેને ભાન થયું. "શુદ્ધમતિ" નામ હોવા છતાં તેની મતિ પહેલાં અશુદ્ધ

હતી, પરન્તુ હવે તે ખરેખરો "શુદ્ધમતિ" બન્યો. જાદુગરોને તેણે તેમનો ગીરાસ પાછો આપ્યો અને તે વખતથી રાજાએ ધર્મકરણીમાં ચિત્ત જોડયું.

સારાંશ અને બોધ.

કથાની શરૂઆતમાં રક્ષક અને રક્ષિત વચ્ચે કેવા પ્રકારનો સંબંધ હોવો જોઇએ તે બતાવવાને કામધેનૂનો દાખલો આપ્યો છે, તે દાખલો રક્ષક કરતાં રક્ષિતની વધારે ઉપયોગિતા દર્શાવે છે. રાજા એ રક્ષક છે, પ્રજા રક્ષિત છે, સમાજના નાયકો રક્ષક છે, સમાજ રક્ષિત છે, એક કુલપતિ રક્ષક છે, અને કુલના બીજા માણસો રક્ષિત છે. રક્ષક અને રક્ષિત એ બંનેની ફરજો એક બીજાની સાથે એવા સંબંધથી જોડાયલી છે કે જેવા સંબંધથી શરીર અને આત્મા જોડાયલા છે. જ્યારે બેમાંથી એક પણ પોતાની ફરજથી દૂર જાય છે ત્યારે બંનેની સ્થિતિ બગડે છે. શુદ્ધમતિ રક્ષક તરીકેની ફરજો બજાવવામાં શિથિલ બન્યો તો તેના રાજ્યની સ્થિતિ બગડવા માંડી. વાચકોએ શુદ્ધમતિની અશુધ્ધ અને ત્યાજ્ય સ્થિતિનું વિપરીત પરિણામ જાણી તેથી દૂર રહી પોતાની ફરજ બજાવવામાં સતેજ થવું.

શુદ્ધમતિના જાદુઇ આભાસમાં મળેલા યોગીએ રાજાને આપેલી કેટલીએક શીખામણ ઘણી ઉપયોગી છે. યોગીએ મનુષ્ય જાતિના મનની અને ઇચ્છાની સ્થિતિનું ભાન કરાવ્યું છે. ખરૂં જ કહ્યું છે કે ' **चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढं** ' મન અત્યંત ચંચલ છે. તે મ્હોટા માણસોને

પણ હેઠે પટકી પાડે છે. તે ઘણું જ બળવાન્ છે. મનરૂપી રથમાં જ્યારે ઇંદ્રિયોરૂપી ઘોડા જોડાય છે, ત્યારે તેની ગતિની વક્રતામાં એટલો વધારો થાય છે કે જો તેનો બાહોશ સારથી સાવધ ન રહે તો તે અણચિંત્યું ઉલટું પરિણામ લાવી આપે છે. જ્યાંસુધી વસ્તુનો ઇંદ્રિયો સાથે યોગ થયો હોતો નથી ત્યાંસુધી કદાચ અમુક નિશ્ચય ઉપર મનને બાંધી શકાય પણ વસ્તુનો યોગ થયા પછી તેની ચંચલ ગતિ અટકાવી રાખવામાં ઘણી મુશ્કેલી પડે છે. રાજા શુદ્ધમતિએ પોતાની વૃત્તિને ન બગાડવા પુરતો નિશ્ચય કરી યોગીની સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી પણ કુંવરીના રૂપનું નિરીક્ષણ કર્યા પછી તે બગડતી વૃત્તિને રોકી શક્યો નહીં. યોગીની સખ્ત મનાઇ છતાં તેણે વૃત્તિ બગાડી દૂષિત કૃત્ય કર્યું અને તેનું પરિણામ પોતાની જાતને અને પોતાના ઉપર ઉપકાર કરનારને મુશ્કેલીમાં ઉતારવાનું આવ્યું.

તેટલા માટે સુજ્ઞ મનુષ્યોએ હમેશાં એવા કફોડા સંયોગોથી દૂર રહેવાની પ્રથમથી કાળજી રાખવી. માણસનું મન સંયોગાધીન છે. જેવા સંયોગોમાં તે મુકાય છે તન્મય તે બની જાય છે, તેથી ખરાબ સંયોગોમાં તો અનંત કાળથી મુકાયલું હોવાથી ખરાબ વલણની ટેવને લીધે ખરાબ અસર થતાં વાર લાગતી નથી. માત્ર સારા સંયોગોની સારી અસર થતાં જરી મુશ્કેલી પડે છે કારણકે તે નવીન પ્રયાસ છે. માટે મનના ઉપર ખરાબ અસર ન થવા દેવાની અને સારા સંયોગોમાં મનને મૂકવાની કોશીશ ચાલુ રાખવી જોઇએ. આખી કથાનો સાર સંસારની ક્ષણિકતા ઉપર છે. શુદ્ધમતિ રાજાએ એક ક્ષણમાં જાદુઇ વિચિત્ર બનાવો જોયા અને ક્ષણ પછી

ડુબકીમાંથી બહાર નીકળતાં સર્વ બનાવો અદૃશ્ય થઇ ગયા, તેવી જ રીતે માણુસનો જન્મ અને મરણુ વચ્ચેનો સમય તે પાણીમાંની ડુબકી સમાન છે. ડુબકી માર્યા પછીના દેખાવો તે મનુષ્યની જીંદગીના વ્યવહારો અને બનાવો છે. જીવાત્મા આ બનાવોમાં તલ્લીન થઇ હર્ષશોક કરે છે. કરોળીયાની પેઠે જાળ ગુંથી પ્રથમ તેમાં મશગુલ બની ખુશ થાય છે પણુ આખરે તેમાં બંધાય છે, ફસાય છે, મુઝાય છે, સંયોગો અને વિયોગોની વચમાં અથડાય છે, દુનિયાની લાલચોમાં લપટાય છે. પણુ આ બધા ખેલો એક ક્ષણુમાં ખલ્લાસ થઇ જાય છે. ડુબકીમાંથી બહાર આવતાં જેમ બધું અદૃશ્ય થયું તેમ મોત આવતાં જીંદગીરૂપી ડુબકીનો અંત આવે છે અને તે વખતે ગમે તેટલું મેળવ્યું હશે, ગમે તેટલા મનોરથો બાંધ્યા હશે, ગમે તેટલી ઘટનાઓ ઘડી હશે, પણુ એક ક્ષણુમાં સર્વ વિસરાઇ જવાનું. કબીરે કહ્યું છે કે "આપ મુએ પીછે ડુબ ગઇ દુનીયા." જો કે દુનીયા ડુબી જતી નથી પણુ મરનારની દૃષ્ટિએ તો ખરેખર તે ડુબી જ જાય છે, કારણુકે મર્યા પછી તેણે મેળવેલી આ દુનીયાની વસ્તુઓ તેને કશા કામમાં આવતી નથી. તેથી ઐહિક વસ્તુઓમાં મોહિત થઈ મુગ્ધ ન બની જવું એ આ કથાનો બોધ છે.

મંગલકલશ કુમાર.

પ્રકરણ ૧ લું.

ચંપાનગરીની સીમ આગળ.

"આ શું ? હું જંગલમાં ક્યાંથી ?" આશ્ચર્યચકિત થતો મંગલકલશ બોલ્યો; "રાત્રે હું ક્યાં સૂતો હતો ? હા ! સાંભર્યું. પિતાજી પાસે જ તો ! અને અત્યારે અહિં ક્યાંથી ? આવા અઘોર જંગલમાં મને કોણ લાવ્યું ? આ સ્વપ્નું તો નહિ હોય ? ના, હું જાગું છું. ત્યારે હું આ શું જોઉં છું ?"

અરૂણોદય થવાને પણ હજી થોડી વાર હતી. પૂર્વ દિશા લાલચોળ થઇ ગઇ હતી, પરન્તુ હજી કાંઇક અંધારૂં રહ્યું હતું. કાગડાઓનો કલરવ ચાલુ થઇ ગયો હતો, પરન્તુ હજી અન્ય પક્ષીઓ શાંત જ હતા, આ સમયે ચંપાનગરીની સીમ આગળના એક જંગલમાં મંગલકલશ કુમાર ભયભીત થયેલો જણાતો હતો. રાત્રે પિતા પાસે સૂઈ ગયો ત્યાંથી અચાનક તે જંગલમાં ક્યાંથી આવ્યો, તેની તેને માહિતી ન હતી.

બહેબાકળો બની ગયેલો મંગલકલશ આમ તેમ જોવા લાગ્યો, પરન્તુ નજીકમાં આવેલાં વૃક્ષો સિવાય કાંઇ જોવામાં આવતું ન હતું. ચારે બાજુએ અંધારૂં ફેલાયલું હોવાથી દૃષ્ટિ દૂર સુધી પહોંચી શકતી ન હતી. ઋતુ શિયાળાની હતી અને તેથી કોઇ કોઇ વાર પાંદડાં ખખડતાં, તે સિવાય બીજો કાંઇ

અવાજ કર્ણગોચર થતો ન હતો મંગલકલશ ધનાઢ્યનો પુત્ર હોવા છતાં શરીરે માત્ર એક જ વસ્ત્ર પહેરેલું હોવાથી ભીખારીના પુત્ર જેવો દેખાતો હતો, ઠંડથી થરથર ધ્રુજતો હતો, તેથી સૂર્યરાયને દયા આવી અને થોડા વખતમાં તેણે મંગલકલશ ઉપર પોતાનાં સોનેરી કીરણોને મધુરા તાપનો વરસાદ વરસાવવાને મોકલ્યાં.

તડકાથી કાંઇક ચટકી જણાઈ અને મંગલકલશને પ્રકાશથી અને ગરમીથી કાંઇક આશ્વાસન મળ્યું. એકલો હોવા છતાં પક્ષીઓનો કલરવ વધ્યો એટલે મનુષ્યના સમાગમથી થતા આનંદનો કાંઇક ભાસ તેને થયો. જરા શાંતિ વળી.

સૂર્યના ચડવા સાથે તડકો વધતો જતો હતો. જંગલ એવું ધાડું હતું કે માંહેથી ભાગ્યે જ કોઇ માણસ જતું આવતું હશે. ક્યાંય માર્ગ કે કેડી પડી ન હતી, કે જે મંગલકલશને કોઇ પણ રસ્તો સુઝાડવાને સાહાય્યભૂત થઈ શકે. તોપણ એકાદ માર્ગ પકડીને તેણે ચલાવવા માંડ્યું.

ધનાઢ્યના પુત્રને કેડી વિનાના અટવીમાં ચાલવું બહુ મુશ્કેલ થઇ પડ્યું. બે ત્રણ અને ચાર કલાક થયા. ભોજન સમય થઇ ગયો. સૂર્ય બરાબર માથે આવ્યો. શિયાળાનો દહાડો હોવા છતાં સૂર્ય પૂરેપૂરો ખીલ્યો અને સખ્ત તાપનો અનુભવ મંગલકલશને થયો. ક્ષુધા લાગી હતી અને તાપ પડવાથી તેમાં તૃષાનો વધારો થયો. કોઇક ગામ નજીક સત્વર જઇ પહોંચવાના હેતુથી મંગલકલશ ઉતાવળો ચાલતો હતો અને તેથી તે અત્યારે બહુ જ થાકી ગયો હતો

ચાલવાની ગતિ બહુ ધીમી થઇ ગઇ હતી. ચાલતાં ચા-

લતાં અનેક વિચારોની ઊર્મિઓ હૃદયસમુદ્રમાં ઉછળી આવતી હતી. મંગલકલશને આવા પ્રકારનો આ અનુભવ પહેલો જ હતો અને તેથી તે ગભરાવા લાગ્યો. વધતી જતી ક્ષુધાતૃષા ગભરામણમાં વધારો કરનાર નીવડી.

"પ્રભુ! પ્રભુ! ક્યાં અવંતી અને ક્યાં આ અઘોર જંગલ? ક્યાં પિતાજીનો પ્રાસાદ અને ક્યાં આ વગડાઉ વૃક્ષો! ક્યાં સગાં વહાલાં અને ક્યાં આ સર્વનાં સંબંધી પરન્તુ અજાણ્યાં પંખીડાં! પણ મને આશ્ચર્ય થાય છે! હું અહીં આવ્યો કેવી રીતે? મને લાવ્યું કોણ? હા! સાંભર્યું! ગઇ કાલની દેવ–વાણી! પરન્તુ તે કાંઇ આવી ન હતી! તે તો કાંઇ નવું નવું જ સૂચવતી હતી કે જેનો હેતુ અને ભાવાર્થ હું સમજી શકતો નથી! ખરેખર! આશ્ચર્ય છે!"

આવા આવા અનેક વિચારો કરતો મંગલકલશ નિરથાક ચાલતો હતો. દહાડો જરા નમ્યો, તાપ જરા અલ્પ થયો, અને એક સરોવર દેખાયું. ક્ષુધા સહ્ય છે, પરન્તુ તૃષા અસહ્ય છે. સરોવરનું પાણી પીને તૃષાને શાંત કરી, પાસે એક વડનું વૃક્ષ હતું તે નીચે થોડી વાર આરામ લીધો અને જરા શાંતિ વળી. દિવસ અસ્ત થતો હતો અને પુનઃ ઠંડનો ચમકાર શરૂ થતો હતો. "આખી રાત્રિ હવે જંગલમાં કેવી રીતે જશે?" તેનો ભય મંગલકલશના હૃદયમાં પેસી ગયો હતો.

સાંજ પડી ગઇ, સૂર્યની પશ્ચિમ દિશામાં ડૂબી જવાની તૈયારી હતી, સરોવરની પાળ ઉપર ચઢીને મંગલકલશ આસપાસ દૃષ્ટિ ફેંકવા લાગ્યો, તો થોડેક દૂર અગ્નિનો ભડકો તેના જોવામાં આવ્યો. અગ્નિની દિશાએ તે ચાલવા લાગ્યો.

થોડેક દૂર ગયો, તો એક નગર દેખાવા લાગ્યું. હવે તેને ધા-રજ આવી. રાત્રી પડી ગઇ હતી.

થોડીક વારે મંગલકલશ પેલા અગ્નિના ભડકા પાસે આવી પહોંચ્યો. કેટલાક અશ્વરક્ષકો તે ભડકાની આસપાસ કુંડાળામાં બેસીને તાપતા હતા અને વાતોના ગપાટા મારતા હતા. મંગલ-કલશ વધારે નજીક આવ્યો એટલે તેઓનું ધ્યાન ખેંચાયું. તેઓમાંના એકે કહ્યું: "અહિં આવ, અહિં આવ, અલ્યા છોકરા !"

મંગલકલશ આ આદર સાંભળીને જરા ચમક્યો. તે જરા થોભ્યો.

"કેમ, અલ્યા અટક્યો ?"

"શું છે મહેરબાન ?" મંગલકલશે નમ્રતાથી કહ્યું.

"કોણ છે તું ? વાણિયો છે કે ?"

"હાજી !"

"બહુ સારૂં. ચાલ અમારી સાથે." એમ કહેતા પેલા-માંથી બીજા બે જણ ઉઠયા અને તેઓ મંગલકલશને લઇ ચાલ્યા. તેઓ તેને એક મોટા મહેલ જેવા ઘરમાં તેડી ગયા અને તુરત જ બારણાં બંધ કરી વાળ્યાં.

પ્રકરણ ૨ જું.

"બોલ ! માને છે કે નહિ ?"

મંગલકલશ કુમાર અને પેલા અશ્વરક્ષકો હર્ષિત થતા થતા એક મોટા ઓરડામાં દાખલ થયા. ઓરડામાં પાંચ સાત

દીવા ઝાકઝમાળ બળી રહ્યા હતા. વચ્ચે એક સુશોભિત આસન ઉપર એક પ્રચંડ સ્વરૂપવાળો પ્રૌઢ પુરૂષ બેઠો હતો.

મંગલકલશ આ મોટા ઘરની સામગ્રી જોઇને જરા પણ ભય ન પામ્યો, પરન્તુ ઉલટો તે આશ્ચર્યમાં ડૂબવા લાગ્યો. "કોઇ પણ તરેહના ઓળખાણ વિના મને આવા સુશોભિત ઘરમાં કેમ લાવવામાં આવ્યો હશે?" તે વિચાર જ તેને આશ્ચર્યચકિત કરતો હતો. પેલા પ્રચંડ પુરૂષને જોઇને તે પહેલો જરા ચમક્યો, પરન્તુ તેની શાંત મુખમુદ્રાએ એને ભયભીત થવા ન દીધો. તેને હવે લાગ્યું કે હું કોઇ કુલીન પુરૂષના ઘરમાં દાખલ થયો છું.

"સાહેબ! આ છોકરો આપની હજુરમાં હાજર છે!" એક અશ્વરક્ષકે કહ્યું.

"આ જ?" એમ પૂછતો પેલો પુરૂષ તેનાં અંગ ઉપાંગ નીહાળવા લાગ્યો. તેનું સ્વરૂપ, ઉમ્મર અને ઘાટીલાં અવયવો તથા વિશાળ કપાળ જોઇને તે સંતુષ્ટ થતો હોય તેમ જણાયું. અશ્વરક્ષકોને તેણે રજા આપી. તે ગયા. મંગલકલશને તેણે એક આસન ઉપર ઘણા આદર સત્કાર સાથે બેસાડ્યો. તેના ઉપર તે ઘણો જ પ્રેમ દર્શાવતો હોય તેમ જણાયું. મંગલકલશને આ સઘળું ઇંદ્રજાળ જેવું લાગવા માંડ્યું. તેની આશ્ચર્યચકિત થયલી આંખો ચારે બાજુ ફરતી રહેતી હતી.

નગરનું નામ ચંપાનગરી હતું. પેલો પુરૂષ ચંપાનગરીનો પ્રધાન હતો અને ઘર પણ તેનું જ હતું. કોઇક ગુપ્ત હેતુથી અશ્વરક્ષકો મંગલકલશને પ્રધાનને ઘેર લાવ્યા હતા.

પ્રધાનના હુકમથી તેના નોકર ચાકરો મંગલકલશને ભારે

સત્કારથી વધાવી લેવા લાગ્યા. ઘરનાં સહુ માણસો તેનું રૂપ નીહાળીને આનંદ પામતાં હતાં. તે આખા દહાડાનો ભૂખ્યો હતો, તેમ જ આખો દિવસ ચાલવાથી થાકી ગયો હતો તેથી તેને ન્હવરાવીને જમાડયો. અંગ ઉપર કાંઇ કપડાં ન હતાં તેથી સુંદર આભૂષણો પહેરાવવામાં આવ્યાં. આવી રીતે પ્રધાનના ઘરમાં મંગલકલશ તો ભારે આદરને પામવા લાગ્યો.

આવા ભારે સત્કારથી મંગલકલશને લાગ્યું કે–" કાંઇ ગુપ્ત આશયના સ્વાર્થથી મારૂં આટલું માન સચવાય છે. **सर्वः स्वार्थवशो जनोऽभिरमते नो कस्य को वल्लभः।** આ જગતમાં સ્વાર્થ વિના કોઇ પણ માણસ કોઇને પ્રિય થઇ પડતું નથી, તો મારામાં પણ તેમનો કાંઇક સ્વાર્થ સમાએલો હોવો જોઇએ." આવા વિચારમાં સુંદર આભૂષણો પહેરીને મંગલકલશ પ્રધાનના ઓરડામાં બેઠો હતો એટલામાં પ્રધાન દાખલ થયો.

" કેમ કુમાર? શું વિચારમાં છો ? "

આ સંબોધન સાંભળીને તે જરા ચમક્યો. તેણે જવાબ આપ્યો: " અહીં મને છાનો રાખીને શામાટે સત્કાર કરવામાં આવે છે, તેનું કાંઇ કારણ હું સમજી શકતો નથી. તમારે મારૂં શું કામ છે, કે તમે મને અહીં લાવ્યા છો ? "

" કારણ હું તમને કહું છું. પણ જોજો હો, કોઇને પણ તે કહેવું નહિ ! " પ્રધાને કહ્યું.

" કોઇને નહિ કહું. તમે તમારે ખુશીથી કહો."

" ત્યારે સાંભળો. આ ચંપાનગરીનો હું પ્રધાન છું, અહીંના

રાજાની કુંવરી સાથે થોડા દિવસમાં મારા પુત્રનાં લગ્ન થનાર છે, માટે તેને બદલે તમે તે કુંવરીને પરણી આપો ! !"

" કાંઈ કારણ ? તમારા પુત્રને જ પરણાવોને ! "

" મારો પુત્ર કોઢના દરદવાળો છે, તેથી તે બહુ જ ખરાબ દેખાય છે, તે કારણે તમને પરણાવવા વિચાર રાખું છું. મારા પુત્રને બદલે તમારે પરણવાનું છે. "

" પોતે પરણીને બીજાને તે સ્ત્રી આપે, તેના જેવું બીજું કુકર્મ કયું ? એવું મૂર્ખાઈનું અને પાપનું કામ હું કદિ કરવાનો નથી. આવો અન્યાય કરતાં તમો જરા પણ શરમાતા નથી ?" મંગલકલશે તિરસ્કાર દૃષ્ટિથી કહ્યું.

" પણ તે કારણે જ અત્રે તમને લાવવામાં આવ્યા છે, અને તમારે પરણવું જ પડશે ! "

" હું એવો વિશ્વાસઘાત અને દ્રોહ કદિ કરનાર નથી. તમારી ખાતર હું પાપમાં પડનાર નથી ! "

આ જવાબ સાંભળીને પ્રધાન ક્રોધાન્વિત થયો. ખીંટીએ ભેરવેલી તલ્વાર એકદમ મ્યાનમાંથી ખેંચી કાઢી મંગલકલશ ઉપર ઉગામી અને તેને ડરાવ્યો. મંગલકલશ દૂર ખસી ભયભીત અને બ્હેબાકળો થઇ ગયો.

પ્રધાને પુનઃ તલ્વાર ઉગામીને કહ્યું. " બોલ ! માને છે કે નહિ ? "

પ્રકરણ ૩ જું.

પૂર્વ વૃત્તાન્ત.

મંગલકલશ બીધો, પણ ડગ્યો નહિ. તેણે કહ્યું: "ભલે ! ખુશીથી મારી નાંખો ! મરણનું દુઃખ ફક્ત એક જ ક્ષણનું છે, પરન્તુ કલંકનું દુઃખ મરણ સુધીનું છે ! મારાથી એ પાપકર્મ કદિ થનાર નથી."

"અરે ! નાદાન છોકરા ! માન, તું માન! નહિ તો જરૂર હું તને મારી નાંખીશ !" પ્રધાને વધારે ડારો બતાવ્યો.

એટલામાં ઘરના નોકર-ચાકર આવી પહોંચ્યા. તેમણે મંગલકલશને શામ, દામ અને ભેદથી સમજાવ્યો. મંગલકલશે એક શરતે કુંવરીને પરણી દેવાની હા પાડી. તે શરત એ હતી કે-"રાજા મને પહેરામણીમાં જે કંઈ આપે, તે હું તમને આપું નહિ. ઉજ્જયિની નગરીને માર્ગે તે સઘળું રવાના કરવું અને હું તે સઘળું લેઇ જઇશ." પ્રધાને આ શરત કબુલ રાખી અને સર્વત્ર આનંદ ફેલાયો.

ચંપાનગરીના રાજાને ત્રૈલોક્યસુન્દરી નામે એકની એક પુત્રી હતી. પુત્રી ઉપર રાજાની અનુપમ પ્રીતિ હતી. રાજકુંવરી હોવાથી ત્રૈલોક્યસુન્દરી રૂપ અને લાવણ્યમાં ઉચ્ચતમ પંક્તિમાં મેલી શકાય તેવી હતી. પુત્રીને ઉમરલાયક થએલી જોઇને કોઈ કુળવાન્ પુરૂષને શોધીને તેને તે પરણાવી દેવાને રાજા ઉત્સુક થયો. ચંપાનગરીનો પ્રધાન સુશીલ અને ગુણવાન્ હતો અને

તેનો પુત્ર પણ તેવો જ સુશીલ હશે, તેવી માન્યતાથી તેણે એકદમ સહસા પ્રધાનને કહ્યું કે–"સુબુદ્ધિ! મારી ત્રૈલોક્ય-સુન્દરીને હું તારા પુત્ર વેરે પરણાવું છું!"

"હાં હાં! મહારાજા! એ શું? આપ તો મોટા રાજેન્દ્ર કહેવાઓ! આપનું પુત્રીરત્ન મારા જેવા ગરીબના ઘરમાં શોભે જ નહિ! કોઇ કુળવાન્ કુમારનો શોધ કરીને તેને પરણાવો તો જ ઉચિત ગણાય!"

"પ્રધાન! કર્મ–સંયોગ પ્રમાણે સહુ સુખ દુઃખ વેઠે છે, તો પછી કુળવાન્ હોય તોપણ શું અને ધનવાન્ હોય, તો-પણ શું?"

"રાજેન્દ્ર! એમ તે કાંઇ હોય? સરખે સરખાનો જ સંબંધ શોભે!"

"નહિ! મારૂં વચન કદિ ન જ ફરે!"

રાજાનો દૃઢ નિશ્ચય જોઇને પ્રધાનથી અગાડી કાંઇ બોલી શકાયું નહિ. રાજાની આજ્ઞા મસ્તકે ચડાવવી પડી.

પ્રધાનનો કુમાર કોઢના દરદવાળો હતો. જ્યારથી તે જન્મ્યો હતો, ત્યારથી જ તેને પ્રધાને ગુપ્ત રીતે રાખ્યો હતો. કોઇ પણ નાગરિક પ્રધાનપુત્રને જોઇ શકયો ન હતો. રાજા પણ જાણતો ન હતો કે પ્રધાનપુત્ર કોઢવાળો છે.

પ્રધાનને હવે મોટી ચિંતા પેઠી. પોતાના પુત્રને બહાર કાઢતાં તો તેને શરમનો પાર રહે તેમ ન હતું. રાત દહાડો વિમાસણમાં જ વ્યતીત થવા લાગ્યા. કુળદેવીનું સ્મરણ કર્યું. તેણે

ઉપાય બતાવ્યો કે-'હું એક છોકરો મેળવી આપીશ, તે તારા પુત્રને બદલે કુંવરીને 'ભાડે' પરણી આપશે. ગામ બહાર તારા અશ્વરક્ષકો રહે છે તે સ્થળે અમુક દિવસે અને અમુક સમયે એક છોકરો જોવામાં આવશે.'

પ્રધાનને આશ્વાસન મળ્યું. અશ્વરક્ષકને બોલાવીને ગુપ્ત રીતે સઘળી વાત કહી. બરાબર ધ્યાન રાખવા ફરમાન કર્યું.

મંગલકલશ ઉજ્જયિની નગરીના શેઠ **ધનદત્ત**નો એકનો એક પુત્ર હતો. એક દહાડો **મંગલકલશ** વાડીમાંથી પોતાને ઘેર કેટલાંક સુગંધી પુષ્પો લઇને જતો હતો, ત્યારે પ્રધાનની કુળદેવી આકાશમાં રહીને બોલી-"જે બાળક પુષ્પ લઇને જાય છે તે એક રાજકુંવરીને ભાડે પરણશે."

આ આકાશવાણીએ **મંગલકલશ**ને આશ્ચર્યચકિત બનાવ્યો. તેણે તે વાત પિતાજીને કહેવા નિશ્ચય કર્યો પણ ઘેર જતાં વિસરી ગયો. રાત્રિને સમયે કોઇ વિદ્યાધરે તેને નિદ્રામાં ઉપાડીને **ચંપાનગરી** પાસેના જંગલમાં નિદ્રિત અવસ્થામાં મુકી દીધો !

પ્રકરણ ૪ થું.

પરણ્યાની પહેલી રાત.

પ્રધાન-ગૃહમાં **મંગલકલશ**નો ઉચ્ચ પ્રકારનો આદર થઇ રહ્યો. ભારે ધામધુમ સાથે લગ્ન પણ થયાં. **ચંપાનગરી**ની રાજભક્ત પ્રજાએ ભારે હર્ષાનન્દ સાથે લગ્નોત્સવ ઉજવ્યો. ત્રૈલોક્યસુન્દરી જેવી રૂપવતી હતી, તેવો જ **મંગલકલશ** પણ

સ્વરૂપવાન્-ફુટડો હતો. આ સર્વ રીતે સમાન દમ્પતીને જોઇને રાજકુટુમ્બ બહુ ખુશ થયું.

*   *   *   *   *

"કેવી અપ્સરા સરખી નિર્દોષ બાળા?" મંગલકલશે શય્યાગૃહમાં પ્રવેશ કરતાં કહ્યું: "આ રાજકુંવરી-આ નિર્દોષ ત્રૈલોક્યસુન્દરી શું પેલા કુષ્ઠી પ્રધાનપુત્રની પત્ની થશે?! આ પદ્મિણી તે મૂર્ખની સાથે દિવસો ગાળશે? અહા! સ્વાર્થને ખાતર મનુષ્યો કેવા કેવા અનર્થો આદરે છે?! મારો પોતાનો જ દાખલો લઉં! મેં-પોતે જ મારા જીવનસ્વાર્થને ખાતર અનર્થમાં ભાગ લીધો કે નહિ?! હા! હું તો દુષ્ટ ગણાયો, અનિવાર્ય પાપાચરણ કર્યું! પણ આ બાળાની શી ગતિ? એક કુષ્ઠી પતિ સાથે તે બિચારી પોતાનું જીવન કેવી રીતે ગુજારશે?" માત્ર એક જ પળમાં એ વિચાર થઈ ગયો અને શય્યાગૃહદ્વારમાં પ્રવેશ કરતાં જ તે પોતાની વિચારનિદ્રામાંથી જાગ્યો.

મંગલકલશ પલંગની ધારપર બેઠા. ત્રૈલોક્યસુન્દરી સ્વામીની કાંઇ પણ આજ્ઞા સાંભળવાને આતુર થઇ રહી હોય, તેવી રીતે સામે ઊભી રહી. પતિનું મુખારવિન્દ બહુ મધુર અને તેજસ્વી હતું અને તેના અલૌકિક તેજે ત્રૈલોક્યસુન્દરીના હૃદયમાં પતિભક્તિને છાજે તેવી સમ્પૂર્ણ લાગણીઓ ઉત્પન્ન કરી હતી. મંગલકલશના તેજસ્વી ચહેરામાંથી સ્વાભાવિક રીતે વહન કરતાં મોહનાં કિરણોએ ત્રૈલોક્યસુંદરીને હર્ષઘેલી બનાવી મૂકી હતી.

ત્રૈલોક્યસુન્દરી મંગલકલશનું મુખારવિંદ નિહાળતી ઊભી હતી, ત્યારે મંગલકલશ પોતાના હૃદયને–મનને ઠપકો દેવામાં રોકાયો હતોઃ "દુષ્ટ મન! તને ખબર છે કે તેં શો અનર્થ આદર્યો છે? ત્રૈલોક્યસુન્દરી! મને ક્ષમા કરજે! મેં તારો મોટો ગુન્હો કર્યો છે, અને આજે સવારે જ્યારે તું તે જાણીશ ત્યારે ખરેખર મને તું અનિવાર્ય શાપ દેશે! વાંક મારો છે અને દોષ તારા કર્મનો છે!" નિર્દોષ બાળાની ભયંકર કાલ્પનિક સ્થિતિનું ચિત્ર મગજ સમીપે આવીને ઊભું રહ્યું. તેને જોવાનું ન સહાયું અને મંગલકલશની આંખો મીંચાઇ ગઇ.

"નાથ! આજના પ્રથમ સંમેલન જેવા હર્ષપ્રસંગે કેમ દીલગીર જણાઓ છો? કાંઇ ગૂઢ વિચારમાં હો તેમ લાગે છે! કાંઇ આજ્ઞા છે?"

ચાંદીના નૂપુર સાથે ચાંદીની ઝીણી ઘુઘરીઓ અથડાય અને શાંત રાત્રિને સમયે તેનો અવાજ જેવો મધુર લાગે તેવો જ ત્રૈલોક્યસુન્દરીનો આ સ્વર મંગલકલશના કર્ણને પ્રિય થઇ પડ્યો. તેને પુનઃ વિચાર થયો કે–"શું આ લાવણ્ય પેલા કુષ્ઠીને યોગ્ય છે? મારા અનર્થનો પાર હું ક્યાં પામવાનો છું?" જવાબ કાંઇ ન આપ્યો.

"કેમ કાંઇ બોલતા નથી? આજે આખા દહાડાના ભૂખ્યા હશો. હું કાંઇક ભોજન મંગાવું, જમશો જરા?"

મંગલકલશ કાંઇ ન બોલ્યો, તોપણ ત્રૈલોક્યસુન્દરીએ મોદકના લાડુ મંગાવ્યા, એક કલશમાં નિર્મળ જળ મંગાવ્યું, અને મંગલકલશ પાસે ધરીને ઊભી. મંગલકલશે તેમાંથી થોડું ખાધું. ક્ષુધાને તૃપ્ત કરી. સમયને અનુસરીને તેણે કહ્યુંઃ—

" મીઠા એ મોદક ભલા, ખાતાં ભાગે ભૂખ;
" પણ નીર ઉજ્જેણિનું મળે, તો થાયે અતિ સૂખ."

ત્રૈલોક્યસુન્દરીને જરા વિચાર થયો: " ઉજ્જેણીનું પાણી કેમ સંભાર્યું હશે ? એમને એ પાણીની ખબર ક્યાંથી ? કાંતો ત્યાં કોઇ વાર ગયા હશે." પળમાં ઉદ્‌ભવ પામેલી શંકા પળમાં જ નાશ પામી. મંગલકલશે થોડું પાણી પીધું અને ત્રૈલોકયસુન્દરીના હાથની પાનની બીડી સ્વીકારી.

" કેમ કાંઇ બોલતા નથી ? આજે કાંઇક મન દીલગીરીમાં છે. તમારી અર્ધાગનાને તે દિલગીરીમાં અર્ધ ભાગ મળવો જોઇએ. કહો તો ખરા, આજ કેમ આમ છે ?"

" જરા પેટમાં દુ:ખે છે અને ક્યારનુંએ ચેન પડતું નથી."

" ત્યારે, કાંઇ ઔષધોપચાર કરીએ."

" ના, ના. મને વમન થાય તેમ લાગે છે." તેમ બોલતો મંગલકલશ વમન કરવાને બ્હાને બ્હાર ગયો.

સ્વામીની તબિયત નાદુરસ્ત જોઇને ત્રૈલોકયસુન્દરી જરા ચિન્તાતુર થઇ. મંગલકલશ બહાર ગયો કે તરત જ તે પાણીની ઝારી ભરી બહાર ગઇ ! તેની ભારે અજાયબી વચ્ચે મંગલકલશ એટલામાં ક્યાંય માલમ ન પડયો ! ! !

પ્રકરણ ૫ મું.

ત્રૈલોકયસુન્દરી ઉપર ચડેલું કલંક.

મંગલકલશે પ્રધાન સાથે કરેલી શરત મુજબ રાજાએ

લગ્નપ્રસંગે જે કાંઈ પહેરામણીમાં આપ્યું હતું તે સઘળું ઉ-જ્જયિની નગરીને માર્ગે રવાના કરી દેવામાં આવ્યું હતું. વમન કરવાને બ્હાને મંગલકલશ શય્યાગૃહની બહાર નીકળ્યો કે તરત જ તે ગામ બહાર નીકળી ગયો. પોતાનો સામાન જે માર્ગે થઇને જતો હતો, તે માર્ગે તે ગયો અને થોડા દિવસમાં પુત્ર-વિયોગે ઝુરતાં માતાપિતાને જઇને મળ્યો.

* * * * *

મંગલકલશને ન જોતાં જ ત્રૈલોક્યસુન્દરી આશ્ચર્યચકિત થઇ ગઇ. માત્ર એ જ પળમાં તે ક્યાં જતા રહ્યા હશે તેના વિચારવમળમાં તે ઘેરાઇ. કાંઇ સૂઝ્યું નહિ. જરા દૂર ગયા હશે તો હમણાં આવશે એવી માન્યતાથી તે જરા ઊભી પણ નિષ્ફળ.

જેમ જેમ વધારે વખત જતો ગયો તેમ તેમ તે વધારે ગભરાવા લાગી. હૃદય મુંઝાઈ ગયું. આંખમાં આંસુ પણ આવી ગયાં. "એટલી વારમાં ક્યાં જતા રહ્યા હશે?" એ વિચારે જ તેનું મગજ ઘેરી લીધું. એટલામાં પ્રધાનનો કુષ્ઠી પુત્ર મંગલકલશના સરખા પોષાકમાં સજ્જ થઇને આવ્યો!

ત્રૈલોક્યસુન્દરી તો આ વિચિત્ર મૂર્તિને જોતાં જ ઝંખવી ગઇ. તેને પોતાની પાસે આવતો જોતાં જ તે દૂર જઇને ઊભી.

"પ્રિયે! કેમ દૂર ઉભાં રહ્યાં છો? આ સુન્દર શય્યા તમારે માટે જ છે!"

આ શબ્દો સંભળતાં જ ત્રૈલોકયસુન્દરીને નખથી શિખા સુધી ક્રોધ ચઢ્યો. તે બોલી: "ચાંડાલ! તું કોણ છે? ચૂપ

રહે, દુષ્ટ! મારા સ્વામી તો ઉજ્જયિની નગરીમાં બિરાજે છે! ચાલ્યો જા, હરામી!"

શીલભંગથી ડરતી, સ્વામીના વિરહથી પીડિત થતી, કુષ્ઠી પ્રધાનપુત્રના અવિનિત શબ્દોથી ક્રોધાધુર્ણ થયલી અને લગ્નોત્સવમાં થયલા કપટમાં સાચા સ્વામીને ખોવાથી આંખોમાંથી આંસુ સારતી ત્રૈલોક્યસુન્દરી સત્વર ઓરડામાંથી બહાર નીકળી ગઇ. સંભ્રમથી તે બહુ ગાભરી બની ગઇ હતી. તે ગભરાટમાં ને ગભરાટમાં પ્રધાનનું ગૃહ ત્યજીને તરત જ રાજમંદિરે ચાલી ગઇ.

ત્રૈલોક્યસુન્દરીએ રાજમંદિરે જઇને માતા પિતાને સઘળી વાત નિવેદન કરી. રાજાને પ્રધાન ઉપર એકદમ ગુસ્સો ચઢી આવ્યો. રાત્રિ તેમ ને તેમ વ્યતીત થવા દીધી. પ્રભાત થયું. પ્રધાન સત્વર રાજા પાસે ગયો કે તરત જ તે રડી પડયો.

રાજાએ પૂછ્યું: " શું છે? પ્રધાનજી! શું છે?"

" મહારાજ! જુલમ છે! આપની પુત્રીએ મારા એકના એક પુત્રને કુષ્ઠી બનાવી મૂકયો! હાય! હાય! હવે હું શું કરીશ? મારા કયાંથી ભોગ લાગ્યા કે મેં વળી તેને રાજકુંવરી પરણાવી?"

ત્રૈલોક્યસુન્દરીએ રાજાને કહેલી વાત પ્રધાનના પ્રપંચમાં સમાઇ ગઇ. પોતાની પુત્રીમાં આવો દોષ હશે, એવું રાજા બિલકુલ જાણતો ન હતો. પ્રધાન-પુત્રની આવી સ્થિતિ થએલી સાંભળીને તે ચિંતાતુર થઇ ગયો. પ્રધાનપાસે કાંઇ પણ બોલવાની બારી રહી નહિ.

" પ્રધાનજી! ભાવી આગળ કોઇનું કાંઇ ચાલતું નથી!

એ દુષ્ટ કુંવરીને મેં તમને પરાણે આપી, તો તમારા પુત્રની બિચારાની આવી સ્થિતિ થઇ! **यदभावी न तद्भावी भावी चेन्न तदन्यथा** થતું નથી. કર્માનુસાર સહુ સુખ દુઃખ ભોગવે છે!"

પુત્રી ઉપર ચઢેલા કલંકથી રાજા ઘણો જ દિલગીર થયો. તેને માટે ગામ બહાર એક જૂદો મહેલ બાંધવામાં આવ્યો અને પુનઃ તેના સ્પર્શથી કોઇ કુષ્ઠી ન થઇ જાય, તેવા ભયથી તે મહેલમાં તેને પૂરી મૂકવામાં આવી.

પ્રકરણ ૬ ઠું.

સતીની દૃઢતા.

"विपत्तौ किं विषादेन। संपत्तौ हर्षणेन किम्।
"भवितव्यं भवत्येव। कर्मणामीदृशी गतिः॥

અર્થાત્:—વિપત્તિમાં શોક કરવાથી શું અને સંપત્તિમાં હર્ષ કરવાથી શું? જે થવાનું હોય છે, તે તો થાય છે જ કારણકે કર્મની ગતિ એવી જ હોય છે.

આવી ધારણા રાખીને માત્ર કૃત કર્મને દોષ દેતી ત્રૈલોક્ય-સુંદરી પોતાને રાજાએ સોંપેલા મહેલમાં મહાદુઃખમાં દિવસ ગુજારતી હતી. પોતાને સોંપવામાં આવેલાં એકાદ બે માણસો સિવાય બીજાં કોઇ પણ માણસ ભાગ્યે જ તેના જોવામાં આવતાં. પોતાનો ખરો પતિ તેને છોડી ગયો, તે દુઃખમાં વળી પોતાને માથે ચડેલા ખોટા કલંકથી તેને વધારે દુઃખ થવા લાગ્યું.

મંગલકલશ ત્રૈલોક્યસુંદરીનો ખરો પતિ ઉજ્જયિની નગરીનો જ

હશે, તેવી ત્રૈલોક્યસુન્દરીની ખાત્રી હતી. આવી રીતે કાંઇ પણ પ્રયાસ કર્યા વિના બેસી રહેવાથી આખી જીંદગી પતિના વિરહમાં જ જાય તે સ્વાભાવિક હતું. ઉજ્જયિનીમાં જઇને મંગલકલશની શોધ કરવાનો તેણે ચોક્કસ વિચાર કર્યો.

સિંહ નામે રાજ્યનો કોઇ સામંત હતો, તેને બોલાવીને ત્રૈલોક્યસુન્દરીએ પોતાની વિનતિ રાજા સાંભળે તેવી અરજ કરવાને, તેને કહ્યું. સિંહ સામંત રાજા પાસે ગયો અને નિર્દોષ રાજકુંવરીની વિનતિ સાંભળવાને અરજ કરી. રાજાએ તે મંજુર રાખી.

ત્રૈલોક્યસુંદરીએ પિતા પાસેથી પુરૂષના પોષાકની એક જોડની માંગણી કરી અને થોડા માણસની મદદ માંગી, અને ઉજ્જયિની તરફ પ્રયાણ કરવાની રજા આપવા કહ્યું. કોઇ કારણે સ્ત્રી પુરૂષનો પોષાક પહેરે, તો તેમાં કાંઇ હરકત નથી એવી રીતે રાજાને સમજાવવામાં આવ્યું, ત્યારે રાજાએ પુત્રીની માંગણી મંજુર રાખી. સિંહ સામંત અને બીજાં થોડાં માણસોને તેની મદદ માટે આપવામાં આવ્યાં.

ત્રૈલોક્યસુન્દરીએ એક રાજકુંવરના સરખો વેશ ધારણ કર્યો, અને સાથે થોડોક રસાલો લઇને ઉજ્જયિની તરફ પ્રયાણ કરવા માંડ્યું. રસ્તો કાપતાં કાપતાં કેટલેક દહાડે સઘળા ઉજ્જયિનીની ભાગોળ આવીને પડ્યા. ઉજ્જયિની નગરીના રાજા વૈરસિંહે સાંભળ્યું કે ચંપાનગરીના પાટવી પોતાના ગામમાં અતિથિ તરીકે આવે છે, એટલે તે ઘણા આદર સાથે તેને ગામમાં લાવ્યો અને રહેવાને એક સારો ઉતારો કાઢી આપ્યો.

ત્રૈલોક્યસુંદરીએ પોતાના સેવકોને બોલાવીને કોઇ સા

જળસ્થાનની શોધ કરી. રોજ સવારમાં ત્રૈલોક્યસુંદરી પોતાના રાજકુંવરના પોષાકમાં સજ્જ થઇ, અશ્વ ઉપર સ્વારી કરી તે જળ-સ્થાન તરફ કેટલાક સેવક જનો સાથે ફરવા જવા લાગી. એક દિવસે પાંચ ઘોડાને તેણે તે જળસ્થાન તરફ પાણી પીવા માટે લેઈ જવામાં આવતા જોયા. ઘોડાને તેણે ઓળખ્યા. લગ્નપ્રસંગે જે પંચ ઘોડા તેના પિતાજીએ પહેરામણીમાં આપ્યા હતા, તે જ ઘોડા તે હતા. તે ઘોડા કોના છે, તે બાબત તપાસ કરતાં માલમ પડ્યું કે ધનદત્ત શેઠના પુત્ર મંગલકલશ કુમાર તે ઘોડાઓનો માલેક છે.

સાચા સ્વામીનો પત્તો જાણીને ત્રૈલોક્યસુન્દરી અપૂર્વ આનંદની ભોક્તી થઇ પડી. તે વખતે મંગલકલશ એક પાઠશાળામાં અભ્યાસ કરતો હતો. ત્રૈલોક્યસુન્દરીએ સઘળા ખબર પોતાના ગુપ્તચર પાસેથી મેળવ્યા. પાઠશાળાના અધ્યાપક સાથે તેણે મૈત્રી આરમ્ભી. એક દિવસ સઘળા વિદ્યાર્થીઓ સાથે શાળાના અધ્યાપકને પણ જમવાનું આમંત્રણ આપ્યું.

મંગલકલશ ઉપર ત્રૈલોક્યસુંદરીનો પક્ષપાત થાય તે સ્વાભાવિક જ હતું. સહુને જમવા બેસાર્યા, તેમાં મંગલકલશની આગતા સ્વાગતા સૌથી સારી તરેહથી કરવામાં આવતી હોય તેમ સઘળા વિદ્યાર્થીઓએ જોયું. બીજા સઘળા પ્રત્યે સામાન્ય પ્રકારનું સત્કારભર્યું વર્તન ચલાવવામાં આવતું હતું. આવી તરેહનો પંક્તિભેદ બીજા વિદ્યાર્થીઓથી સહન થઇ શક્યો નહિ, તેથી સૌના દિલમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ.

સૌ જમી રહ્યા. મુખવાસ આપવામાં આવ્યા. પછી સૌ બેઠા. ત્રૈલોક્યસુંદરીએ કહ્યું: " આ સઘળા વિદ્યાર્થીઓમાં સૌથી

વિશેષ હોશિયાર હો તે મને એક સારી વાર્તા કહો."

આ પ્રશ્ન બીજા વિદ્યાર્થીઓથી સહન થઇ શક્યો નહિ. સઘળા વિદ્યાર્થીઓમાં એક ચબાવલો વિદ્યાર્થી હતો તે એકદમ બોલી ઉઠ્યો: " એ સઘળું આ મંગલકલશને પૂછો ! તમે એનો ખુબ સત્કાર કર્યો છે, એટલે તમને એ સારી વાત કહેશે."

મંગલકલશે કહ્યું: " ભલે ! એમાં તમે ઇર્ષ્યા શાની કરો છો ? મને આજ્ઞા થાય, તો હું વાર્તા કહેવા તૈયાર છું."

અધ્યાપક મંગલકલશના શબ્દો સાંભળીને ખુશ થયો. તેણે આજ્ઞા આપી. મંગલકલશે પૂછ્યું: " કલ્પિત વાત કહું કે અનુભવેલી કહું ?"

ત્રૈલોક્યસુંદરીએ કહ્યું. " અનુભવની કોઇ અદ્‌ભૂત વાર્તા કહો."

મંગલકલશ વાતચીત દર્મ્યાન ત્રૈલોક્યસુન્દરીને ઓળખી ગયો હતો. પોતે ચંપાનગરીમાં આવ્યો ત્યારથી ત્રૈલોક્યસુંદરીને એકાએક છોડી ચાલ્યો ગયો, ત્યાં સુધીની સઘળી વાત તેને કહી સંભળાવી.

વાત પૂરી થઇ એટલે ત્રૈલોક્યસુંદરી એકાએક કોપ કરી ઉઠી. તેણે કહ્યું: " પકડો એ જૂઠાબોલા વિદ્યાર્થીને ! આવી જૂઠી વાત ક્યાંથી લાવ્યો છે ?" એકાએક સેવકો દોડી આવ્યા અને મંગલકલશને પકડીને એક ઓરડામાં લઇ જવામાં આવ્યો.

પ્રકરણ ૭ મું.

પ્રધાનનું પોકળ અને પૂર્ણાહુતિ.

ત્રૈલોક્યસુન્દરીએ કરેલો કોપ કૃત્રિમ હતો. મંગલકલશની આ સ્થિતિ જોઇને બીજા સઘળા વિદ્યાર્થીઓ ખુશ થયા.

મંગલકલશને એક ભવ્ય અને સુન્દર ઓરડામાં લઇ જઇને રાખવામાં આવ્યો. આમ કરવાનું સઘળું કારણુ તે જાણુતો હતો અને તેથી તેના હૃદયમાં જરા પણુ ભય ન હતો. થોડી વારે ત્રૈલોક્યસુન્દરી પોતાનો પુરૂષનો વેશ ત્યજીને આવી. બન્ને જણાં હર્ષિત થઇને ભેટયાં.

ધનદત્તના જાણુવામાં આ સઘળી વાત આવી. તેના હર્ષનો પાર રહ્યો નહિ. ત્રૈલોક્યસુન્દરી આવીને સાસુ સસરાને પગે પડી અને સર્વત્ર હર્ષાનંદ વ્યાપ્યો.

* * * *

ત્યાંથી નીકળીને પ્રેમી દંપતી પોતાના રસાલા સાથે ચંપાનગરી આવ્યાં. ત્રૈલોક્યસુન્દરીના પરાક્રમના સમાચાર રાજાને કહેવરાવ્યા. રાજા પોતાની સતી પુત્રીનાં વખાણુ કરતો, પોતાના ખરા જમાઇનાં દર્શન કરી હર્ષિત થયો. પણુ તે જ સમયે પ્રધાનના કુકૃત્ય ઉપર તેને ક્રોધ થયો. પ્રધાનને સત્વર બોલાવવામાં આવ્યો અને રાજાએ તેને એકદમ તિરસ્કારી કાઢયો. લોકો તેના ઉપર ફિટકારનો વરસાદ વરસાવવા લાગ્યા. પ્રધાનનો ઘાત કરવા રાજાએ સત્વર હુકમ કર્યો.

મંગલકલશે કહ્યું: " મહારાજ ! સબુર કરો ! મારા કા-

રણુથી તેનો ઘાત થવો જોઇએ નહિ! જો તેમ થાય તો મારા અનુકંપાવ્રતનો નાશ થાય. જીવન તો સહુ કોઇને પ્યારૂં છે. પ્રધાનને આટલું અપમાન પહોચાડવામાં આવ્યું છે તે તેના કુકૃત્યને માટે બસ છે. માટે એટલી ક્ષમા કરો!"

અનર્થ કરનાર પ્રધાનને જીવિત અપાવનાર **મંગલકલશ**ની લોકો વાહ વાહ બોલવા લાગ્યા. પ્રધાનને માફી આપવામાં આવી; તોપણ **ચંપાનગરી**માંથી તો તેને કાઢી મૂકવામાં આવ્યો.

હર્ષાનંદ વ્યાપી રહ્યો, પ્રેમી દંપતી મનવાંચ્છિત સુખ ભોગવવા લાગ્યાં.

* * * *

કાલ-ક્રમે મુનિ **યશોભદ્રજી**ના સદ્બોધથી **ચંપાનગરી**ના રાજાએ સંયમ આદર્યો અને રાજ્ય **મંગલકલશ**ને સોંપ્યું. એક વણિકને રાજ્ય મળ્યું જાણી આસપાસના રાજાઓ લશ્કરો લઈ ચઢી આવ્યા, પરંતુ તે સઘળાને પરાજિત કરીને **મંગલકલશે** પોતાનું રાજ્ય દૃઢ કર્યું.

* * * *

કેટલાક કાળને અંતરે **ત્રૈલોક્યસુન્દરી**એ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રનું નામ **યશશેખર** પાડવામાં આવ્યું. એકદા **જયસિંહ** નામના કોઇ મુનિ **ચંપાનગરી**માં પધાર્યા **મંગલકલશ** વ્યાખ્યાન સાંભળવા ગયો. વ્યાખ્યાનમાં એવી એક કથા આવી કે—પૂર્વે ભરત ક્ષેત્રમાં **સોમચંદ્ર** અને **કાંતા** નામે કોઇ પતિ-પત્ની રહેતાં હતાં. **જીનદેવ** નામના કોઇ શ્રાવક સાથે તેમની મૈત્રી થઇ. **જીનદેવ** પાસે કેટલુંક ધન હતું, તે **સોમચંદ્ર**ને કોઇ માર્ગે વાપરવા માટે આપી દઇને બીજું ધન ઉપાર્જન કરવાને તે વિદેશ ગયો. **સોમચંદ્રે** તેમાં થોડું પોતાનું ધન ઉમેરીને

તે સઘળું સુપાત્રદાન દેવામાં ખરચ્યું. **સોમચંદ્રે** પશ્ચાત્ સંયમ અંગીકાર કર્યો.

કોઇ **ભદ્રા** નામે સ્ત્રી હતી તેના પતિને કોઢનું દરદ ઉત્પન્ન થયું. તેની સખી **શ્રીદેવીએ** હાંસીમાં કહ્યું કે: "એ કોઢ તારા સમાગમથી થયો!" તેથી **ભદ્રા** દુઃખિત થઇ, પણ પાછળથી **શ્રીદેવીએ** માફી માગી.

સોમચંદ્ર અને **શ્રીદેવી** બન્ને ત્યાંથી ચવીને પહેલે સુરલોકે ઉત્પન્ન થયાં. ત્યાં પાંચ પલ્યોપમનું આયુષ્ય ભોગવ્યું. **સોમચંદ્ર** ત્યાંથી ચવીને, હે **મંગલકલશ**! તું થયો. પારકે ધને પુણ્ય કીધું તેથી તું ભાડે સ્ત્રી પરણ્યો, અને **શ્રીદેવી ત્રૈલોક્યસુંદરી** થઇ. તેણે હાંસીમાં કલંક ચઢાવ્યું તેનું કર્મ આ ભવે ઉદયે આવ્યું."

તે સમયે **યશશેખરને** રાજ્ય સોંપીને **મંગલકલશ** અને **ત્રૈલોક્યસુંદરીએ** સંયમ અંગીકાર કર્યો.

સારાંશ અને બોધ.

શરૂઆતમાં **સંપત્તિમાં** ઉછરેલો **મંગલકલશ** કુમાર વિપત્તિના વાદળા નીચે એક અરણ્યમાં ભટકતો દેખાય છે તે એમ સૂચવે છે કે સુખ અને દુઃખ, સંપત્તિ અને વિપત્તિ, ચડતી અને પડતી, ઉદય અને અસ્ત એ સર્વ દ્વન્દ્વોનાં ચક્રો ફર્યા કરે છે.

सुखस्यानन्तरं दुःखं दुःखस्यानन्तरं सुखं ॥

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ ચાલ્યું આવે છે તેથી સુખમાં ઉછરતા માણસે દુઃખને ભૂલી જવું ન જોઇએ પણ આગામી આકસ્મિક દુઃખને માટે તૈયાર થઇ રહેવું જોઇએ. સુખ ભોગવતી વખતે દુઃખ કેવી રીતે ભોગવાય, દુઃખી

માણસો કેવી રીતે દુઃખનો વખત પસાર કરે છે, તેનો અનુભવ પણ થોડે ઘણે અંશે સાથે સાથે લેતા જવું જોઇએ કે જેથી સુખનું પરિવર્ત્તન થતાં દુઃખની સ્થિતિનો કડવો અનુભવ અસહ્ય થઇ પડે નહિ. જેઓ પોતાની સુખની સ્થિતિમાં એકદમ મોજશોખમાં પડી જઇ દુઃખનો લેશમાત્ર પણ અનુભવ કરતા નથી, પોતાની જાતે જરી પણ પરિશ્રમ લેતા નથી તેઓનાં શરીર અને મન એવા તો તકલેદી થઇ જાય છે કે તેમના ઉપર થોડું પણ દુઃખ પડતાં તે તેમને અસહ્ય થઇ પડે છે અને તેના ગભરાટમાં ઝુરી ઝુરી મરી જાય છે, માટે દરેક માણસે ગમે તેવી સારી સ્થિતિમાં પણ શરીર અને મનને તકલેદી ન બનાવવાં જોઇએ. બીજા પ્રકરણમાં પ્રધાનની કુટિલતાનો પરિચય થાય છે. સ્વાર્થી મનુષ્યો પોતાનો સ્વાર્થ સાધવાને કેવી કુયુક્તિઓ રચે છે, કેવી રીતે જાળ પાથરીને બીજાને ફસાવે છે, બીજાના સુખનો લેશ પણ વિચાર કર્યા વિના સત્ય અને ન્યાયને તિલાંજલિ આપી કેવી દુષ્ટતા દેખાડે છે, તેનો કાંઇક ચિતાર પ્રધાને રચેલી મંગલકલશ અને રાજકુંવરીને ફસાવનારી જાળમાં જોવાય છે; સ્વાર્થવૃત્તિ એ એક જાતનાં પડળ છે તેથી નરી આંખવાળો માણસ પણ અંધ બની જાય છે. ભવિષ્યમાં તેની કુટિલતા જણાઇ જશે કે તેનું પોકળ પાધરૂં થઇ જશે તેનો તેને ખ્યાલ થતો નથી. અગર તેવો વિચાર મનમાં આવે તો તેને નિર્જીવ માની જતો કરી દે છે. તે માત્ર એક જ દિશામાં દોડે છે. બીજી દિશાઓ તરફ તાકવાનું બંધ રાખે છે ! તેને માત્ર પોતાના સ્વાર્થ સાધવાનો જ લોભ રહે છે, અને તેને બીજી દિશા તરફ તાકવાનું પરવડતું નથી. એક લેખક કહે છે કે:—
"Avarice knows no God but gold, no happi-

ness but gain, no fear but loss of wealth and no friendship that hath not a profit in it." સામો માણસ ગમે તો ખાડામાં પડે કે જહાન્નમમાં જાય તેની દરકાર સ્વાર્થી મનુષ્યને રહેતી નથી. રાજકુંવરીના જીંદગી બાતલ કરવાને પ્રધાને કેવા કમકમાટી ઉપજાવે તેવા દુષ્ટ વિચારો કર્યા એ બધું તેની સ્વાર્થાંધતાનુંજ પરિણામ છે. આવી સ્વાર્થ વૃત્તિથી દૂર રહેવામાં જ સુજનતા સમાયલી છે.

ત્રીજા પ્રકરણમાં **મંગલકલશ** પ્રથમ દઢતા બતાવે છે. અન્યાયના કાર્યમાં મદદગાર ન થવા માટે માનસિક નિશ્ચય બતાવ્યા છતાં પણ આખરે ભયના દબાણને લીધે અમુક શરતે પ્રધાનની વાતનો **મંગલકલશ** સ્વીકાર કરે છે. જો કે એક ગુણની કસોટીમાં આવા સ્વીકારને નબળાઇનું રૂપ આપી શકાય કેમ કે–

"**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा।**
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः" ॥

ધીર પુરૂષો ન્યાયના માર્ગમાં ચાલતાં કદાચ મરણ થાય તો તેની પણ દરકાર રાખતા નથી. જીવન કરતાં પણ ન્યાયને અધિક ગણે છે ? પણ **મંગલકલશે** એમ ધારેલું હોવું જોઇએ કે હું સ્વીકાર નહીં કરૂં તોપણ આ દુષ્ટ બીજી રીતે ગમે તેને ફસાવી પોતાનો દુષ્ટ ઇરાદો પાર પાડ્યા વિના રહેશે નહીં. અને હું મારાથી બનતી કોશીશે કદાચ રાજકુંવરીનો બચાવ કરી શકીશ, એમ ધારી તેણે સ્વીકાર કર્યો હોય એમ જણાય છે. ત્યારબાદ **મંગલકલશના** રાજકુંવરીની સાથે લગ્નથી ફેલાએલા હર્ષોત્સવમાં પણ **મંગલકલશનો** આંતરિક પશ્ચાત્તાપ પ્રતીત થાય છે. કોમળ અને સંસ્કારી હૃદયો સંયોગોને વશે કદાચ

પાપના કાર્યમાં જોડાઇ જાય છે તોપણ આંતરિક દૃષ્ટિએ પહેલાં અને પછી ખિન્ન થઇને પશ્ચાત્તાપ જ કરે છે. તેવાં હૃદયો પોતાના લાભ કરતાં સામા માણસને વધારે ગેરલાભ થતો હોય તો પોતાના લાભથી હર્ષ ન પામતાં સામાના ગેરલાભથી દિલગીર જ થાય છે. પછી ત્રૈલોક્યસુંદરીના પૂર્વ અશુભ કર્મનો ઉદય થવાને લીધે નિર્દોષ હોવા છતાં કલંક ચઢે છે, અને પ્રધાન પોતાની અધમતા અને દુષ્ટતાની ટોંચે પહોંચે છે. પોતાના સઘળા પ્રપંચનું પરિણામ બીજાના ઉપર આરોપી પોતે દોષી છતાં નિર્દોષ બને છે અને નિર્દોષીને દૂષિત બનાવે છે; આ દુનીયામાં એવું કોઈ દુષ્ટ કાર્ય નથી કે જે સ્વાર્થી મનુષ્યોએ કર્યું ન હોય કે કરતા ન હોય. સ્વાર્થી મનુષ્યો અધમમાં અધમ અને દુષ્ટમાં દુષ્ટ કૃત્ય કરવામાં જરા પણ અચકાતા નથી. તેમનું વજ્રમય કઠણ હૃદય સામાના અસહ્ય દુ:ખથી પણ પિગળતું નથી. આ પ્રસંગે તેમજ અગાઉ રાજાનું અવિચારીપણું પણ ભૂલી જવા જેવું નથી. ભવિષ્યમાં થનારા જમાઇને જોયા તપાસ્યા વગર સગપણ કરી દેવું અને કુંવરીની વાત સાંભળ્યા વગર પ્રધાનના એકતરફી ભાષણ ઉપર આધાર રાખી કુંવરીને દૂષિત માની લેવી, એ રાજાનું અવિચારીપણું કંઇ થોડું ન ગણી શકાય. અવિચારી પગલાનું પરિણામ પશ્ચાત્તાપ વિના બીજું હોઈ શકતું નથી એટલું જ નહીં પણ તેથી બીજાને વિપત્તિમાં ઉતરવું પડે છે. રાજાના અવિચારીપણામાં જ કુમારીના દુર્ભાગ્યનો પાયો અને ચણતર આ પ્રકરણમાં સ્પષ્ટ જણાઇ આવે છે, પણ છેવટે સત્ય અને અસત્યનો ભેદ ખુલ્લો થાય છે. કુડ ત્યાં ધુળ અને સત્યનો વિજય પ્રતીત થાય છે. ખાડો ખોદે તે જ ખાડામાં પડે છે. કપટ પ્રપંચનું અને સ્વાર્થ અંધતાનું પરિણામ વિપત્તિમાં જ

આવે છે. પ્રધાને જેના માટે આટલો પ્રપંચ કર્યો, કુયુક્તિઓ રચી, કલંક ચડાવ્યું, તોપણ આખરે તેની ધારણા પાર પડી નહિ, એટલુંજ નહિ પણ ભેદ ખુલ્લો પડી જતાં બદનામી થઈ આબરૂ ગઇ અને પ્રધાનપદથી ભ્રષ્ટ થવું પડ્યું. **મંગલકલશે** અનુગ્રહ ન કર્યો હોત તો મોતની શિક્ષા ભોગવવી પડત. રાજાને પણ પોતાના અવિચારીપણા માટે પાર વગરનો પશ્ચાત્તાપ થયો. ત્રૈલોક્યસુંદરી સતી ધર્મમાં ચુસ્ત રહી પુરૂષાર્થ કર્યો તો પોતાના ખરા પતિને શોધી નિર્દોષ ઠરી. જેણે જેવું કર્યું તેનું તેને તેવું ફળ મળ્યું.

ઉપસંહારમાં પૂર્વ ભવનો પરિચય થાય છે. **સોમચંદ્રે** બીજાનું ધન પુણ્યમાં–સુકૃત્યમાં વાપર્યું તેથી તે ભાગ્યશાળી **મંગલકલશ** થયો. બીજાનું ધન વાપર્યું તેથી ભાડુતી સ્ત્રી સાથે લગ્ન થયું. **શ્રીદેવીએ** હાસ્યમાં બીજાના ઉપર કલંક ચઢાવ્યું તેથી **શ્રીદેવી ત્રૈલોક્યસુંદરી** થઇ અને તેના ઉપર કલંક ચડ્યું. **'कृतकर्मक्षयो नास्ति'** કર્મ અવશ્ય ભોગવવાં પડે છે. કર્મની આવી વિચિત્રતા જાણી સઘળા ઉત્તમ પાત્રોએ જેમ અંતે સંસારથી વિરક્ત બની માયાની જાળ તોડી સંયમ અંગીકાર કર્યો, તેમ સુજ્ઞ વાચકોએ આ કથાની વિચિત્ર ઘટનાઓને ધ્યાનમાં લઇ યોગ્યાયોગ્યતા સમજી અસત્યને દૂર કરી સત્યને ધારણ કરી અન્યાયને અળગું કરી ન્યાયને આદર આપી યથા-શક્તિ સુકૃત્ય અને ધાર્મિક આચરણ આચરી આત્મિક શ્રેયના સાધનો યોજવાં કે જેથી અનંત કાળથી થતું પરિભ્રમણ અટકે અને જન્મ મરણનાં બંધન ટળે. શાન્તિઃ

સમાપ્ત.

અગાઉથી થએલા ગ્રાહકોનાં નામ.

સુરતઃ—વોરા નાગરદાસ લલ્લુભાઇ મારફત; ૧૫ ઝવેરી ચુનીલાલ લલુભાઇ તરફથી હા. રૂખમણીબાઇ, ૧૦ ઉદેચંદ ઇચ્છાચંદભાઇ વખારવાળા, ૧૦ શેઠ હંસરાજભાઇ ચાંદમલજી, ૫ શાહ મોતીચંદ ઉત્તમચંદ, ૫ શા. ફુલચંદ ગુલાબચંદ, ૫ ભા. ગુલાબચંદ કલ્યાણચંદ, ૩ વકીલ મગનલાલ પ્રેમચંદ, ૨ શાહ ગગુભાઇ મંછુભાઈ મારફતીયા, ૨ શાહ નગીનદાસ દીપચંદ, ૨ શાહ જેચંદભાઈ ડાહ્યાભાઇ, ૨ ભા. છોટાલાલ અભેચંદભાઇ, ૧ ભા. નરોત્તમદાસ શીવલાલ, ૧ ભા. ઘેલાભાઇ ત્રીભોવનદાસ, ૧ ભા. ચુનીલાલ ઘેલાભાઇ, ૧ ભા. દલીચંદ માણેકચંદ, ૧ ભા. હરકીસનદાસ ધરમચંદ, ૧ ભા. લલ્લુભાઇ ગભાભાઇ, ૧ ભા. અમીચંદ કાશીભાઇ, ૧ ભા. કસ્તુરચંદ કપુરચંદ, ૧ ભા. વીઠલદાસ જેઠાભાઇ, ૧ શાહ દામોદરદાસ હરીલાલ હા. ચંદુલાલ, ૧ શાહ અમૃતલાલ ઝવેરચંદ, ૧ શાહ મગનલાલ નગીનદાસ.

કરાંચીઃ— ૩ રા. છગનલાલ ત્રીભોવન દવે, ૨ શાહ મૂળચંદ ડુંગરશી, ૧ શાહ સુરચંદ ખુશાલદાસ, ૧ વોરા પાનાચંદ સંઘજી, ૧ રા. મણીલાલ ચત્રભુજ, ૧ રા. ખીમચંદ માણેકચંદ, ૧ શાહ લાલચંદ કચરાભાઇ, ૧ શાહ કેશવલાલ મુળજી, ૧ શાહ અમુલખ ટોકરસી, ૧ શાહ ગભરૂ મોહનલાલ, ૧ જ્ઞાનોદય મિત્રમંડળ, ૧ શાહ તારાચંદ અમથાભાઇ, ૧ ઠક્કર ધારસી દામજી, ૧ મહેતા હકમચંદ વખતચંદ, ૧ શાહ ત્રીભોવન જેઠાલાલ, ૧ શાહ છોટાલાલ છગનલાલ.

ડીસાઃ—૫ ખીમતના મહાજન તરફથી જોગાણી ઉગરચંદ વખતચંદ તથા જોગાણી હરીચંદ રાયચંદ, ૪ ચોધરી મંગળજી પાનાચંદ, ૨ મહેતા છોટાલાલ તલશી, ૧ મહેતા ચીમનલાલ લલુભાઇ, ૧ ડીસા જૈનશાળા તરફથી કોઠારી પાનાચંદ માણેકચંદ, ૧ પારી. બાદરમલ હેમરાજ, ૧ મહેતા ફોજાલાલ ભેમરાજ, ૧ મહેતા ફોજાલાલ નાથાભાઇ, ૧ મહેતા અમીચંદ મંગળજી, ૧ મહેતા વીરચંદ દલછાભાઇ, ૧ કોઠારી ગગલભાઇ હેમરાજ, ૧ મહેતા અમુલખ ભીખાભાઇ, ૧ ચોધરી ઇશ્વર છગનચંદ, ૧ મહેતા મંગળજી મલુકચંદ, ૧ પારી. રવચંદ બાદરમલ, ૧ મહેતા મગનલાલ લવજી, ૧ મહેતા મંગળજી લવજી, ૧ મહેતા ફોજાલાલ કેવળ, ૧ મહેતા હેમરાજ વજેસી, ૧ મહેતા ચુનીલાલ છગનલાલ, ૧ પારી. મણીલાલ વછરાજ, ૧ મહેતા રીખવચંદ મયાચંદ, ૧ સંઘવી કાળીદાસ મલુકચંદ, ૧ શાહ ફોજાલાલ દોલજી, ૧ સંઘવી જેચંદ નાગજી, ૧ જોગાણી નાથા કસ્તુર ખીમતવાળા, ૧ સોની નથમલ કેવળ, ૧ હેકડ છગનલાલ મેઘજી, ૧ વારીઆ મોસનલાલ વાહાલચંદ, ૧ ચોધરી નગીનદાસ ઝુમચંદ, ૧ મહેતા પુનમચંદ મેઘરાજ.

સોમલીઃ— ૨ શ્રીયુત નારણભાઈ રાયજીભાઈ પટેલ, ૧ શાહ બકોરભાઇ જેઠાભાઈ, ૧ શાહ હરીલાલ મહાદેવ, ૧ શાહ ઘેલાભાઈ ત્રીભોવન, ૧ શાહ મગનલાલ મોતીલાલ, ૧ શાહ છગનલાલ મોતીલાલ, ૧ શાહ જગજીવન ગોવિંદજી, ૧ શાહ મણીલાલ તલકશી, ૧ શાહ લાલચંદ ફુલચંદ, ૧ શ્રીયુત શંકરભાઇ પરશોત્તમદાસ, ૧ બાવાજી ભજનદાસ દ્વારકાદાસ, ૧ શ્રીયુત મોતીભાઇ લલુભાઇ, ૧ રા. છોટાભાઇ ત્રીભોવન પટેલ, ૧ રા. છોટાભાઇ શંકરભાઇ પટેલ, ૧ ભીખા ગરબડ, ૧ શ્રીયુત શંકરભાઇ ગરબડભાઇ પટેલ.

કઠોરઃ—૫ ભા. પશુભાઇ ધરમચંદભાઇ, ૨ ભા. કુબેરદાસ હરજીવનદાસ, ૧ ભા. નેમચંદ નારણદાસ, ૧ ભા. છગનલાલ લક્ષ્મીચંદ, ૧ ભા. મોહનલાલ નરોત્તમદાસ પટેલ, ૧ ભા. રામચંદ નાથાભાઈ, ૧ ભા. હીરાચંદ જેચંદ, ૧ ભા. જેચંદ વમળચંદ, ૧ ભા. મૂળચંદ અમીચંદ, ૧ શાહ કપુરચંદ કૃપાજી, ૧ રા. જગજીવન અભેચંદ ઉદાણી.

મુંબઈઃ—૧ પારેખ મોરારજી હીરાચંદ, ૧ રા. રા. મગનલાલ ખીમચંદભાઈ, ૧ માસ્તર નાગરદાસ નીમચંદ, ૧ મી. ચત્રભુજ નીમચંદ, ૧ શાહ સોમચંદ મોહનલાલ ઝવેરી, ૧ ધ્રુવ જમનાદાસ પ્રેમચંદ, ૧ રા. જગજીવન પુરશોત્તમ બોટાદરા, ૧ શાહ છગનલાલ કેશવજી, ૧ શાહ માણેકચંદ વલભજી, ૧ શેઠ ચાંદમલજી નાહાર (સાગરસીટી), ૧ શેઠ ભાણજી કપુરચંદ, ૧ શેઠ સાંકળચંદ ભાયચંદ, ૧ શેઠ રામજી ઇંદરજી, ૧ શ્રી દેરડી કુંભાજી જૈનશાળા હા. સાંકળચંદ ભાઇચંદ, ૧ શેઠ તારાચંદ હરખચંદ, ૧ શાહ ઉજમસી જુઠાભાઈ, ૧ શાહ જગજીવન સોરાજ, ૧ શેઠ જેઠાલાલ ડાહ્યાભાઈ, ૧ શાહ નાગરદાસ છગનલાલ, ૧ શેઠ હીરાચંદ શામજીભાઇ ૧ શેઠ તારાચંદ જુઠાભાઈ.

ઉપલેટાઃ—૨ દોસી મોતીચંદ મકનજી, ૨ શેઠ ત્રીભોવન દેવકરણ, ૨ શેઠ ગોવરધન દેવકરણ, ૨ શેઠ કાનજી દેવજી, ૨ શેઠ રાયચંદ ગોપાળજી, ૧ મુનસફ સાહેબ મુળજી ગોકળ, ૧ દોસી મુળજી મકનજી, ૧ દોસી નાનજી હરખચંદ, ૧ દોસી દેવચંદ હરખચંદ, ૧ કોઠારી હુકમચંદ કરજી, ૧ રા. કપુરચંદ ગોવરધન, ૧ કોટીઆ કેશવજી રણછોડ, ૧ કોટીઆ કેવળચંદ ખેતશી, ૧ કોટીઆ કપુરચંદ મુળજી, ૧ મોદી જેચંદ ખીમજી.

વેરાવળઃ—૧ શા. જેઠાભાઇ ઝવેરચંદ, ૧ શાહ જાદવજી કેશવજી, ૧ કંપાણી દેવચંદ હીરાચંદ, ૧ કંપાણી ખુશાલ રામચંદ, ૧ શાહ ખુશાલચંદ તલકચંદ હા. જેઠાલાલ, ૧ શેઠ મદનજી સોમચંદ, ૧ શાહ વર્ધમાન હરખચંદ, ૧ શાહ કેશવજી ઝવેરચંદ, ૧ શાહ મદનજી નાનજી, ૧ શાહ ગોવિંદજી સોભાગ્યચંદ, ૧ શેઠ રતનજી ગુલાબચંદ,૧ શેઠ ધરમશી નાનજી.

જેતપુરઃ—૨ દોમડીયા કરમચંદ જીણા હા. હીરાચંદ, ૧ મહેતા વનેચંદ પાનાચંદ, ૧ શીવલાલ વીઠલજી મહેતા, ૧ શા. માણેકચંદ સુંદરજી.

વડોદરાઃ—૩ શેઠ ધરમચંદ ચુનીલાલ, ૨ સંઘવી મનસુખલાલ રાજપાળ, ૨ શા. બેચરભાઇ પાનાચંદ મોરબીવાળા, ૧ શા. બેચરલાલ રણછોડલાલ, ૧ મહેતા મણીલાલ બેચરદાસ.

ગુંદાલાઃ—૨ શ્રીમદ્ અજરામર જૈન પુસ્તકાલય, ૨ શાહ લાલજી વીરજી દેવશી, ૧ શાહ વેલજી ગણસી માંદણ, ૧ શાહ નેણસી વીરમ હા. હીરબાઇ, ૧ શાહ નાગસી તેજા.

રાપરઃ—૧ મહેતા ધનજી મલુકચંદ, ૧ મહેતાજી શામજી નાનચંદ, ૧ વોરા શામજી કરમચંદ, ૧ શા. લખમીચંદ વાઘજી, ૧ માંજોઠી જીવણ સુમાર, ૧ જાખેળીઆ વાલજી વેણીદાસ.

બારોઈ દેવપર—૧ શાહ જીવરાજ પેથાભાઇ, ૧ પટેલ શા. કારાભાઇ દુદા, ૧ માસ્તર શાહ પેથા મુળજી, ૧ શાહ રામજી કલા, ૧ કારાભાઇ સુરા.

વલસાડઃ—૨ શા. રાયચંદ નથુજી સોલંકી, ૧ શા. હીરાચંદ રામાજી સોલંકી, ૧ શા. કેસુરચંદ ચેનાજી, ૧ શા. ઝવેરચંદ વદાજી.

અમલનેરઃ—૧ શાહ નાગરદાસ વાઘજી, ૧ શાહ અમી-

ચંદ લાલજી, ૧ શાહ ડાહ્યાલાલ હરખચંદ, ૧ શાહ શામળદાસ માવજી, ૧ શાહ જેઠાલાલ લલુભાઇ, ૧ શાહ જીવાભાઇ કાળીદાસ.

જુનાગઢ—૪ શા. મુળજી શવચંદ, ૧ શા. વલભજી લખમીચંદ, ૧ શા. ઝવેરચંદ રતનજી, ૧ શા. જમનાદાસ વીરજી, ૧ શા. છગનલાલ હરજીવન, ૧ શા. મણીભાઇ શામળજી, ૧ શા. કેશવલાલ શામળજી.

ધોલેરા—૨૦ શાહ વર્ધમાન રણછોડદાસ.

ઇટોલાઃ—૨ જેઠાલાલ કસળચંદ મહેતા લોધીકાકર.

ડુંગરપુર—૧ મી. ભોગીલાલ.

દિલ્હી—૧ માધવજી દેવચંદ શાહ.

અમદાવાદ—૧ શાહ પોપટલાલ જાદવજી, ૧ શાહ ત્રીભોવન મોરારજી, ૧ શાહ સુખલાલ ઉજમશી.

પાલણપુર—૧ શાહ સુખલાલ જીવરાજ, ૧ દેસાઈ છોટાલાલ ગોદડ, ૧ મહેતા મણીલાલ ભાઇચંદ.

મોટી મારડ—૧ ન્યાલચંદ કાનજી કામદાર, ૧ ચત્રભુજ કરશનજી કામદાર, ૧ શાહ રાઘવજી જગજીવન.

મોટા વાડીયાઃ—૧ શાહ મોહનલાલ ઓતમચંદ.

મેંદરડા—૧ ભટ ત્રીકમજી વેલજી.

ઉન્હલ—૧ ચોધરી હજારીમલજી વરધીચંદ.

લાશલ—૫ માસ્તર ખેતશીભાઇ જેશંગભાઇ.

દીગસર—૧ શાહ પ્રેમચંદ ડોસાભાઇ.

ખેડોઈ—૨ મહેતા ડોસા વિશરામ, ૧ શેઠ ડોસા લાલજી ૧ મહેતા ઠાકરશી જાદવજી, ૧ મહેતા દેવકરણ ચાંપશી.

સીતારામપુર—૧ મહેતા ઝવેરચંદ ત્રીભોવનદાસ ૧ મહેતા સાંકળચંદ વખતચંદ.

ધાનેરા—૨ પુનમચંદ પીતાંબર શાહ.

ધ્રાંગધ્રા--૧. શા વીરચંદ તલકશી, ૧ શા. જીવરાજ ભવાન, ૧ ભાવસાર ગોકળ દેવકરણ.

ક્ચાસગઢ—૧ દોશી માનસંગ ચત્રભુજ, ૧ મહેતા પાનાચંદ ખોડીદાસ, ૧ મગનલાલ લખમીચંદ પારેખ.

મોરબી—૧ ટોળીયા નરભેરામ પોપટ, ૧ શ્રી **જૈન** જ્ઞાન-વર્ધક લાયબ્રેરી.

મહુવા—૨ મહેતા ઓધવજી રામજી.

મોટી બરાર—૧ મહેતા મનસુખલાલ પાનાચંદ.

મોદોડા (કચ્છ)--૧ શા. પરશોતમ નારણજી, ૧ શા. સાકરચંદ ભગવાનજી.

શનાવદ--૨ શાહ નાનજી મુળજી.

એડન કેમ્પ--૧ ગાંધી જગજીવન છગનલાલ.

ધરમપુર—૫ શા. ધારસી પુંજા.

નેકનામ—૧ દોશી સુંદરજી ડાહ્યાભાઈ.

અંકલેશ્વર—૨ ચોકસી અનરાજજી કીશનદાસ.

હડાળા—૧ નામદાર વાજસુરવાળા.

ભચાઉ—૧ સામલીઆરી સ્થાનક ખાતે, ૧ શાહ રાઘવજી ગોવર.

ભરૂચ—૧ વહોરા જીવણલાલ લાલચંદ, ૧ પરી. હીરાચંદ મણીલાલ.

ભારદ--૧ શેઠ ચુનીલાલ પોપટ.

લાલપુર—૧ શા. અમુલખ ડાહ્યાભાઈ.

પત્રી (કચ્છ)--૫ શાહ દેવજી પાસવીર.

ભોરારા(કચ્છ)-૨ શા. મુરગ જેવત.

કલોલ--૨ શા. પરશોત્તમદાસ હરગોવનદાસ.

ચુનીલાલ વર્ધમાન શાહકૃત પુસ્તકો

ઐતિહાસિક નવલકથાઓ.

પાટણની પડતીનો પ્રારંભ—પૃષ્ઠ ૨૪૦, મૂલ્ય રૂ. ૧.
પાટણમાં જ્યારે **ભોળો ભીમ**દેવ રાજ્ય કરતો હતો, ત્યારે કુતુબુદ્દીન ઐબકે કરેલી ચડાઇનું વર્ણન અને **પાટણ**ની પડતીની તે સમયથી થએલી શરૂઆતની કથા.

સોમનાથનું શિવલિંગ—પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂ. ૧.
મહમૂદ ગઝનવીએ **સોમનાથ પાટણ** ઉપર કરેલી ચડાઈ અને લુંટેલા દ્રવ્યની તથા **ભીમ** બાણાવળીએ કરેલા બચાવની ઐતિહાસિક વાર્તા, જેને માટે 'મૉડર્ન રીવ્યુ' એ ઉત્તમ અભિપ્રાય આપ્યો છે.

સિંધ ઉપર સ્વારી—પૃષ્ઠ ૨૪૦, મૂલ્ય રૂ. ૧. મહમદ કાસીમે **સિંધ**ના દાહીર રાજા ઉપર કરેલી ચડાઇ, રાજપૂત સ્ત્રીઓએ બતાવેલું શૌર્ય અને દાહીર રાજાની પુત્રીઓનું અનુપમ પરાક્રમ.

ધારાનગરીનો મુંજ—પૃષ્ઠ ૨૨૪, મૂલ્ય રૂ. ૧. માળવાના **મુંજ** રાજા ઉપર **તૈલપે** કરેલી ચડાઇ અને **મુંજ**નો કરૂણાજનક વધ.

અઢારમી સદીનું મહારાષ્ટ્ર અથવા **ઔરંગઝેબનો અસ્ત**—પૃષ્ઠ ૨૧૮, મૂલ્ય રૂ. ૧. ઔરંગઝેબના અંત સમયમાં મરાઠાઓ સાથેના બખેડાની વાર્તા.

કાશ્મીર અને કેસરી—પૃષ્ઠ ૨૩૦, મૂલ્ય રૂા. ૧. પંજાબ-કેસરી મહારાજા રણજીતસિંહની કાશ્મીર ઉપર સ્વારીને લગતી કથા.

પ્રમોદા યાને **દિલેર દિલારામ**—ગુજરાતના રાજા કરણ વાઘેલાના રાજ્યત્વકાળનું ઐતિહાસિક ચિત્ર.

સામાજિક નવલકથાઓ.

સુધરેલી સંગીતા—પૃષ્ઠ ૩૦૦, મૂલ્ય રૂા. ૧ા. આજકાલના નામધારી સુધારાને બદલે ખરો સુધારો કેવો ગ્રહણ કરવો જોઇએ તે દર્શાવનારી ચમત્કારિક ઘટનાવાળી કથા.

વિમળા—પૃષ્ઠ ૨૦૦, મૂલ્ય રૂ. ૧. દેશી રાજના સંસારની એક નવલકથા.

લતા અને લલિતા—ભાગ ૧-૨-૩; દરેક ભાગનાં પૃષ્ઠ ૨૦૦ ઉપરાંત; દરેકમાં વાર્તાનાં ચાર-ચાર ફોટોગ્રાફીક ચિત્રો; મૂલ્ય દરેક ભાગનો રૂા. ૦ાાા. એક જ પિતાની બે પુત્રીઓ જૂદા જૂદા સંસારમાં ઉછરવાથી કેવી કેવી સ્થિતિમાંથી પસાર થાય છે તે દર્શાવનારી નવલકથા.

વિદ્યાસાગર—ભાગ ૧-૨; બન્ને ભાગનાં મળીને પૃષ્ઠ ૩૦૦; બન્ને ભાગનું મળીને મૂલ્ય રૂા. ૦ાાા. વિદ્યાસાગર નામના એક સુશીલ યુવકનો જૂદા જૂદા સ્થિતિનો અનુભવ દર્શાવનારી કથા (મુનિ શ્રી છોટાલાલજી કૃત).

બાદશાહ બારેબાદર—પૃષ્ઠ ૩૨. મૂલ્ય ૨ આના; એક રાજવંશી વાર્તા.

નાટકો.

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી—પૃષ્ઠ ૧૧૦, મૂલ્ય રૂા. ૦ાા. સતી સોનનું પાતિવ્રત્ય દર્શાવનારૂં પંચાંકી નાટક.

બંગ જાગૃતિ-પૃષ્ઠ ૮૫, મૂલ્ય રૂા. ૦ા=, બંગાળી સ્વદેશી હીલચાલનું ત્રિઅંકી નાટક.

કાન્તા—પૃષ્ઠ ૩૨, મૂલ્ય ૨ આના. ત્રિઅંકી લઘુ નાટક.

પ્રકીર્ણ પુસ્તકો.

કર્ત્તવ્ય-કૌમુદી—પૃષ્ઠ ૪૫૦, મૂલ્ય રૂા. ૦ાા; બાલ્યાવસ્થા અને યુવાવસ્થાનાં કર્ત્તવ્યો દર્શાવનારો બોધક ગ્રંથ, વિસ્તૃત વિવેચન સાથે. (પં. મુ. શ્રી રત્નચંદ્રજી કૃત)

કામરૂ દેશની કામિની—પૃષ્ઠ ૨૬૦. મૂલ્ય રૂ. ૧. મનોરમા નામની જાદુગર સ્ત્રીની ચમત્કારિક કરામતો દર્શાવનારી ડીટેકટીવ વાર્તા.

ભૂતળવિદ્યા—પૃષ્ઠ ૮૦, મૂલ્ય ૩ આના. વડોદરા સ્ટેટમાં ઇનામ તથા લાયબ્રેરીને માટે મંજુર.

સુબોધક કથાપંચક—પૃષ્ઠ ૧૪૪, મૂલ્ય ૫ આના. પાંચ સુબોધક કથાઓનો સંગ્રહ. (૧) રાજા શશીશેખર. (૨) મત્સ્યોદર કુમાર, (૩) અમર કુમાર, (૪) રાજા શુદ્ધમતિ, (૫) મંગલકલશ કુમાર.

ભકતામર મંત્ર-માહાત્મ્ય—(મુનિ શ્રી છોટાલાલજી કૃત) મંત્રો, વિધિ, ફળ, કથા અને જંત્રો સાથે તૈયાર થાય છે. મૂલ્ય રૂા. ૧.

ચુનીલાલ વર્દ્ધમાન શાહ, સારંગપુર-અમદાવાદ.